CMYK CMYK

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૧ નવેમ્બર ૨૦૨૪, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૬ | અંક : ૧૪૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

ઝારખંડમાં સત્તાધારી ઈન્ડિયા બ્લોક અને NDA વચ્ચે મુકાબલો

# મહારાષ્ટ્રમાં ૫૮.૨૨ ટકા અને ઝારખંડમાં ૬૭.૫૯ ટકા મતદાન

## મહારાષ્ટ્રના અનેક દિગ્ગજ નેતાઓ શરદ પવાર, મુખ્યમંત્રી એકનાશ શિંદે, ઉદ્ધવ ઠાકરે, અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસના ભાવિનો ફેંસલો થશે

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

મહારાષ્ટ્રમાં બુધવારે વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. સવારે ૭ વાગ્યાથી બંને રાજ્યોના મતદાન મથકો પર મતદાન શરૂ થઈ ચૂક્યું હતું. મહારાષ્ટ્રના અનેક દિગ્ગજ નેતાઓ જેમ કે શરદ પવાર, મુખ્યમંત્રી એકનાશ શિંદે, ઉદ્ધવ ઠાકરે, અજિત પવાર અને દેવેન્દ્ર ફડણવીસના ભાવિનો ફેંસલો થશે. જણાવી દઈએ કે, મહારાષ્ટ્રમાં જે મતદાન થયું હતું તેનું ૨૩મીએ પરિણામ જાહેર કરાશે. બીજી તરફ, ઝારખંડમાં આજે બીજા(અંતિમ) તબક્કાનું મતદાન થઈ રહ્યું છે અને ૨૩ નવેમ્બરે પરિણામ જાહેર કરાશે. ઝારખંડમાં સત્તાધારી ઈન્ડિયા બ્લોક અને NDA વચ્ચે મુકાબલો છે. આ સિવાય ચાર રાજ્યોની ૧૫ બેઠકો પર પેટાચૂંટણી પણ યોજાઈ રહી છે. મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભા ચૂંટણી માટે થયેલા મતદાનના લેટેસ્ટ આંકડા સામે આવ્યા છે. જેમાં સાંજે ૫ વાગ્યા સુધીમાં મહારાષ્ટ્રમાં ૫૮.૨૨ ટકા અને ઝારખંડમાં (બીજો તબક્કો) ૬૭.૫૯ ટકા મતદાન થયું છે. સલમાન ખાન બાદ હવે એક્ટર શાહરૂખ ખાન પણ પોતાના પરિવાર સાથે મતદાન કરવા માટે મતદાન બુથ પર પહોંચ્યો હતો. શાહરૂખ ખાને તેમના પત્ની ગૌરી ખાન, દીકરી સુહાના ખાન અને દીકરા આર્યન ખાન સાથે મતદાન કર્યું હતું. ઉત્તરપ્રદેશની નવ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી સંપન્ન થઈ ચૂકી છે. કરહલ, કુંદરકી, સીસામઉ, કટેહરી, ગાઝિયાબાદ, ખૈર, મઝવાં, મીરાપુર, ફૂલપુર આ નવ બેઠકો પર મતદાન થયું છે. બોલીવૂડ એક્ટર સલમાન ખાનનો પરિવાર મતદાન કરી ચૂક્યો છે. હવે સલમાન ખાન મુંબઈના માઉન્ટ મેરી સ્કૂલ પોલિંગ બૂથ પર મત આપવા માટે પહોંચ્યા હતા. સલમાન ખાન હાઈ સિક્યોરિટી વચ્ચે મતદાન આપવા પહોંચ્યા હતા. જણાવી દઈએ કે, ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ દ્વારા સતત તેમને ધમકીઓ મળી રહી છે, જેના કારણે તેમની સિક્યોરિટી વધારી દેવામાં આવી છે. સેફ અલી ખાન અને કરીના કપૂરે મતદાન કર્યું. પાવર કપલ વ્હાઈટ આઉટફિટમાં ટ્વિનિંગ કરતું જોવા મળ્યું. એક્ટ્રેસ વ્હાઈટ ફૂર્તા-બ્લૂ જિન્સમાં નજરે પડી. જ્યારે સેફ વ્હાઈટ ટી-શર્ટમાં જોવા મળ્યો. કરીનાની બહેન કરિશ્મા પણ મતદાન મથકે પહોંચી હતી. યુપીમાં પેટાચૂંટણીમાં ભારે હોબાળો, પથ્થરમારો અને લાઠીચાર્જના કારણે ચૂંટણી પંચ એક્શન મોડમાં આવ્યું છે. ચૂંટણી પંચે યુપીમાં તૈનાત તમામ અધિકારીઓને નિષ્પક્ષ ચૂંટણી કરાવવા કડક આદેશ આપ્યા છે. આટલું જ નહીં ચૂંટણી પંચે કહ્યું છે કે ક્યાંય પણ ગરબડ લાગે તો સોશિયલ મીડિયામાં ફરિયાદ કરવામાં આવે. ચૂંટણી પંચે યુપીના અધિકારીઓને આદેશ આપ્યા છે કે કોઈ પણ વ્યક્તિને મત આપ વાથી રોકવામાં ન આવે. પક્ષપાત કરનારા સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. કાનપુરમાં પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે. બિટકોઈન કાંડ મામલે ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે, કે 'ભાજપ ગમે તેટલું જુઠ્ઠાણું ફેલાવે. સત્ય તો સામે આવીને જ રહેશે. લોકો મોટી સંખ્યામાં મતદાન કરે.' વિનોદ તાવડે પર કેશ આપીને વોટ ખરીદવાના આરોપ લાગી રહ્યા છે. એવામાં ભાજપ નેતા દેવેન્દ્ર ફડણવીસે તેમનો બચાવ કરતાં કહ્યું છે, કે ઈકો સિસ્ટમનો ખોટો ઉપયોગ કરીને વિનોદ તાવડેને ફસાવવામાં આવી રહ્યા છે. બિટકોઈન મામલે ભાજપે લગાવેલા ગંભીર આરોપ પર કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ નાના પટોલેએ જવાબ આપ્યો છે. નાનાએ કહ્યું છે, 'ઓડિયોમાં મારો અવાજ નથી. હું તો ખેડૂત છું. બિટકોઈન એટલે શું એ મને સમજાતું નથી. અમે ભાજપ નેતાઓ પર બદનક્ષીનો કેસ કરીશું.' મહારાષ્ટ્રના વર્તમાન મુખ્યમંત્રી એકનાથ શિંદેએ થાણેમાં મતદાન કર્યું હતું. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ નાના પટોલેએ મતદાન બાદ કહ્યું હતું, કે 'મહારાષ્ટ્રમાં પણ મહા વિકાસ આઘાડીની જ સરકાર બનશે. કોંગ્રેસને સૌથી વધુ મત મળવાના છે.'

યુપીની મીરાપુર તથા કુંદરકી વિધાનસભા બેઠક પર થઈ રહેલી પેટાચૂંટણીમાં પોલીસ પર ગંભીર આરોપ લાગી રહ્યા છે. આરોપ છે કે પોલીસ લોકોને મત આપવાથી રોકી રહી છે અને મતદાન કેન્દ્રથી ધક્કા મારીને કાઢવામાં આવી રહ્યા છે. જે બાદ ટોળેટોળાં રસ્તા પર ઉતરી આવ્યા હતા અને પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ લોકોને વધુમાં વધુ મતદાન કરવા અપીલ કરી છે. તેમણે કહ્યું છે, કે 'તમારા હિતોની રક્ષા કરવા તથા ભવિષ્ય માટે મોટી સંખ્યામાં મતદાન કરો. તમારો મત જળ, જમીન, અને જંગલની રક્ષા કરશે.' ભારતના પૂર્વ સ્ટાર ક્રિકેટર તથા ભારત રત્ન સચિન તેંડુલકરે પરિવાર સાથે મુંબઈમાં મતદાન કર્યું હતું. તેમણે સોશિયલ મીડિયામાં તસવીર પણ શેર કરી છે. સચિને લોકોને અપીલ કરતાં કહ્યું છે, કે 'તમે પણ વોટ કરો, કારણ કે દરેક વોટ કિંમતી હોય છે.' NCP SP નેતા સુપ્રિયા સુલેએ આજે પરિવાર સાથે મતદાન કર્યું હતું. ભાજપ દ્વારા સુપ્રિયાની એક ઓડિયો વાઈરલ કરવામાં આવી રહી છે. જેમાં પૈસાની હેરાફેરીનો આરોપ છે. એવામાં સુપ્રિયાએ કહ્યું છે કે મેં તો સાઈબર ક્રાઈમમાં આ મામલે ફરિયાદ આપી છે. આટલું જ નહીં ભાજપ સાંસદ સુધાંશુ ત્રિવેદી સામે નોટિસ પણ આપી છે. શરદ પવારના પૌત્ર રોહિત પવારનો આરોપ છે કે ઈફસ્માં મારા નામ સામે કાળું નિશાન કરવામાં આવ્યું છે. ચૂંટણી પંચ આ નિશાનને તાત્કાલિક હટાવે. અભિનેતા અક્ષય કુમાર, રાજ કુમાર રાવ, કબીર ખાન, સોનુ સૂદ, જોન અબ્રાહમ અને રિતેશ દેશમુખ વહેલી સવારે જ મતદાન કર્યું હતું.








વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર પોસ્ટ કરીને ઝારખંડ અને મહારાષ્ટ્રના લોકોને મતદાન કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું, કે તમારો એક એક મત રાજ્યની તાકાત છે. ઉત્સાહ સાથે લોકતંત્રના ઉત્સવની રોનક વધારો. મહારાષ્ટ્રમાં અલગ-અલગ મોરચા પર અલગ અલગ લડાઈઓ છે. બંને પવાર અને શિંદે-ઠાકરે પોતાની પાર્ટીઓ વચ્ચે જબરદસ્ત લડાઈ શરૂ છે. મહારાષ્ટ્રમાં વિધાનસભાના ૨૮૮ સભ્યોને ચૂંટવા માટે મતદાન થઈ રહ્યું છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણીઓ ઓક્ટોબર ૨૦૧૯માં યોજાઈ હતી. જ્યારે ઝારખંડની વાત કરીએ તો રાજ્યની તમામ ૮૧ બેઠકો છે, જેમાં બીજા તબક્કામાં બાકીની ૩૮ બેઠકો પર મતદાન યોજાઈ રહ્યું છે. જેમાં ૫૨૮ ઉમેદવારોનું ભાવિ આજે ઈવીએમમાં કેદ થશે. ઝારખંડ વિધાનસભાનો કાર્યકાળ પાંચમી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી ડિસેમ્બર ૨૦૧૯માં યોજાઈ હતી.

### બોલીવુડના કલાકારોએ પણ કર્યું મતદાન













### હાઈ સિક્યોરિટી સાથે મતદાન કરવા પહોંચ્યો સલમાન ખાન



મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી ૨૦૨૪ માટે મતદાન યોજાયું હતું. વિધાનસભા ચૂંટણીમાં આ વખતે બે જૂથ મુખ્યત્વે ટક્કરમાં છે. એક તરફ સત્તાધારી મહાયુતિ છે, તો બીજી તરફ મહાવિકાસ અઘાડી. મહાયુતિની આગેવાની ભાજપ કરી રહ્યું છે, તો એમવીએનું નેતૃત્વ શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરે જેવા દિગ્ગજ નેતા કરી રહ્યા છે. શરદ પવાર અને અજિત પવારની વચ્ચે ચૂંટણીનો મુકાબલો ફરીથી ચર્ચામાં આવ્યો છે. મહારાષ્ટ્રમાં મતદાન ચાલી રહ્યું હતું ત્યારે ફિલ્મી હસ્તીઓથી લઈને ઉધોગજગતની હસ્તીઓ મતદાન કરવા પહોંચી હતી. બોલીવુડમાંથી ગીતકાર જાવેદ અખ્તર, ગીતકાર સંગીતકાર શંકર મહાદેવન, ફિલ્મ ડિરેક્ટર રોહિત શેટ્ટી, એક્ટ્રેસ માધુરી દીક્ષિત, એક્ટર જુનૈદ ખાન સહિતના કલાકારો મતદાન કરવા પહોંચ્યા હતા. બોલીવુડના દબંગ સલમાન ખાનની ફેમિલી પહેલા જ વોટ કરી ચુકી છે. હવે એક્ટર મુંબઈના માઉન્ટ મેરી સ્કૂલમાં આવેલા પોલિંગ બૂથમાં મતદાન કરવા પહોંચ્યો છે. સલમાને હાઈ સિક્યોરિટીની વચ્ચે મતદાન કર્યું છે. આપને જણાવી દઈએ કે, ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ તરફથી તેને સતત ધમકી મળી રહી છે, જેના કારણે એક્ટરની સિક્યોરિટી વધારી દેવામાં આવી છે.

### પત્ની અંજલી અને પુત્રી સારા સાથે સચિન તેંડુલકરે કર્યું મતદાન



મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે બુધવારે મતદાનનો દિવસ હતા. સવાર સવારમાં જ મતદાન મથકો પર વીઆઈપી લોકોનો ધસારો જોવા મળી રહ્યો છે. આ બધા વચ્ચે મહાન ક્રિકેટર સચિન તેંડુલકર પણ પરિવાર સાથે મતદાન કરવા પહોંચ્યા. તેમની સાથે પુત્રી સારા તેંડુલકર અને પત્ની અંજલી તેંડુલકર પણ જોવા મળ્યા. મતદાન કર્યા બાદ સચિન તેંડુલકરે મતદારોને વધુમાં વધુ પ્રમાણમાં મતદાન કરવાની અપીલ પણ કરી. સચિન તેંડુલકર મુંબઈના બાંદ્રા વેસ્ટ સેન્ટર પર મતદાન કરવા માટે પહોંચ્યા. તેમની સાથે પત્ની અંજલી તેંડુલકર અને પુત્રી સારા તેંડુલકર પણ જોવા મળ્યા. સચિન તેંડુલકરને જોઈને આસપાસ હાજર ફેન્સ પણ તેમને મળવા માટે ઉત્સુક જોવા મળ્યા. અત્રે જણાવવાનું કે સચિન તેંડુલકર ચૂંટણી પંચ (ઈલેક્શન કમિશન)ના નેશનલ આઈકન છે. મતદાન કર્યા બાદ સચિન તેંડુલકરે મતદારોને વધુમાં વધુ પ્રમાણમાં મતદાન કરવાની અપીલ કરી. તેમણે કહ્યું કે હું એમ કહીશ કે આવો અને મતદાન કરો. આ આપણી જવાબદારી છે. કારણ કે હું ECI નો આઈકન છું તો એ અપીલ કરું છું કે આવો અને મત આપો.

### ન્યૂઝ બ્રિફ

### લિયોનેલ મેસી ફરી એક વાર ભારત આવી શકે છે

। તિરુવનંતપુરમ, તા.૨૦ ।

આખી દુનિયા ફૂટબોલની દીવાનગી છે. ભારતમાં પણ કરોડો લોકો આ રમતને પસંદ કરે છે. આ જ કારણ છે કે જ્યારે પણ કોઈ મોટો ફૂટબોલ સ્ટાર ફૂટબોલ મેચ રમવા માટે ભારત આવે છે ત્યારે સ્ટેડિયમ ખીચોખીચ ભરાઈ જાય છે. એમાં કોઈ શંકા નથી કે લિયોનેલ મેસી અને ક્રિસ્ટિયાનો રોનાલ્ડો અત્યારે ફૂટબોલ જગતના ૨ સૌથી મોટા સ્ટાર છે. ભારતમાં બંને ખેલાડીઓની ફેન ફોલોઈંગ ખૂબ જ મોટી છે.

ચૂંટણીપંચે ઈન્સ્પેક્ટર સહિત ૭ને કર્યા સસ્પેન્ડ કર્યા

## યુપી પેટાચૂંટણીમાં સપાની ફરિયાદ બાદ ૭ પોલીસકર્મીને સસ્પેન્ડ કરાયા

। (એજન્સી) લખનૌ, તા.૨૦ ।

સમાજવાદી પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે ઉત્તર પ્રદેશમાં પેટાચૂંટણીના મતદાન દરમિયાન ઘણી જગ્યાએ એવી ફરિયાદો મળી છે કે મતદારોને મતદાન કરવાથી રોકવામાં આવી રહ્યા છે.

આ અંગે પાર્ટી દ્વારા ઘણા વીડિયો જાહેર કરવામાં આવ્યા હતા. વીડિયો સામે આવ્યા બાદ ચૂંટણી પંચે કાર્યવાહી કરી સાત પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરી દીધા છે. કાનપુરની સિસામાઉ વિધાનસભાના વીડિયોને ધ્યાનમાં લઈને બે સબ ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. તે જ સમયે, મુઝફ્ફરનગરમાં બે નિરીક્ષકોની ધરપકડ કરવામાં આવી છે. આ સિવાય ફરિયાદ મળ્યા બાદ SSP મુરાદાબાદએ કુંડાર્કીમાં એક સબ ઈન્સ્પેક્ટર અને બે કોન્સ્ટેબલને ફરજ પરથી હટાવી દીધા છે. ત્રણેય સામે ખાતાકીય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી છે. કાનપુર સિટી પોલીસ કમિશ્નરેટે ટ્વીટ કરીને કહ્યું કે ટ્વીટની નોંધ લેવામાં આવી છે. સંબંધિત સબ-ઈન્સ્પેક્ટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને દરેકને ચૂંટણી પ્રક્રિયાનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે અખિલેશ યાદવે ટ્વીટ કરીને લખ્યું હતું કે, 'જો ચૂંટણી પંચનું કોઈ જીવંત અસ્તિત્વ હોય તો તેણે જીવંત થવું જોઈએ અને તરત જ ખાતરી કરવી જોઈએ કે વહીવટીતંત્ર મતદાનને નિરુત્સાહિત કરે. પોલીસ દ્વારા લોકોના આઈડી ચેક ન કરવા જોઈએ.

## પુતિનની ચેતવણી વચ્ચે USએ યુક્રેનમાં બંધ કરી દીધું દૂતાવાસ

### એમ્બેસીએ એક નિવેદન જારી કરીને કિવમાં તેમના સ્ટાફને કામ બંધ કરવાની સલાહ આપી હતી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૦ ।

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની ચેતવણી બાદ અમેરિકાએ પરમાણુ હુમલાના ભય વચ્ચે યુક્રેનમાં પોતાનું દૂતાવાસ બંધ કરી દીધું છે. અમેરિકાએ સંભવિત હવાઈ હુમલાની ધમકીને ટાંકીને યુક્રેનની રાજધાની કિવમાં પોતાના દૂતાવાસને અસ્થાયી રૂપે બંધ કરી દેવાની જાહેરાત કરી છે.

એમ્બેસીએ એક નિવેદન જારી કરીને કિવમાં તેના સ્ટાફને કામ બંધ કરવાની સલાહ આપી છે. આ સાથે યુક્રેનમાં રહેતા અમેરિકન નાગરિકોને પણ સંભવિત હવાઈ હુમલાને ધ્યાનમાં રાખીને સાવચેત રહેવા અને જરૂરી સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યું છે. રશિયાના પ્રમુખ પુતિને મંગળવારે બેલેસ્ટિક મિસાઈલ હુમલાનો જવાબ પરમાણુ હુમલાથી આપ વાની જાહેરાત કરી હતી. આવી સ્થિતિમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે, શું હવે રશિયા-યુક્રેન પર પરમાણુ હુમલો કરશે? નિષ્ણાતો કહી રહ્યા છે કે, યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ બેલેસ્ટિક મિસાઈલ હુમલો કરીને લક્ષ્મણ રેખા પાર કરી છે. આ જ કારણ છે કે, હવે યુરોપીયન દેશો પરમાણુ યુદ્ધના ખતરાને લઈને સતર્ક થઈ રહ્યા છે. નોર્વે-ફિનલેન્ડ-ડેનમાર્કમાં લોકોએ ખાદ્યપદાર્થો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓ એકત્રિત કરવાનું શરૂ કરી દીધું છે. તે જ સમયે, રશિયામાં N-Resistan મોબાઈલ બંકર બનાવવાનું કામ પણ શરૂ થઈ ગયું છે. હાલમાં જ અમેરિકી પ્રમુખ જો બાઈડને રશિયા સામે યુક્રેનના લાંબા અંતરની મિસાઈલ હુમલાને મંજૂરી આપી હતી. એટલે કે યુક્રેનને રશિયાની અંદરના હુમલા માટે સુપરસોનિક મિસાઈલ ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમ (ATACMS)નો ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવી હતી. અમેરિકાના આ નિર્ણય બાદ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો હતો અને તેમણે પરમાણુ હુમલાના નિયમો પણ બદલી નાખ્યા હતા. પુતિને જાહેરાત કરી હતી કે, જો યુક્રેન બેલેસ્ટિક મિસાઈલ છોડશે તો તેઓ પરમાણુ હુમલો કરશે. આ બધું ત્યારે બદલાઈ ગયું જ્યારે યુક્રેને રશિયાની અંદર નિશાન બનાવીને છ લાંબા અંતરની અમેરિકન મિસાઈલો છોડી.

બે સેક્ટરમાં મંદીના એંધાણ : રિપોર્ટ

## દેશનો જીડીપી ગ્રોથ બીજા ત્રિમાસિકમાં ઘટવાની ભીતિ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

ભારે વરસાદ અને નબળા કોર્પોરેટ ત્રિમાસિક પરિણામોના કારણે જુલાઈ-સપ્ટેમ્બર ત્રિમાસિકમાં દેશનો જીડીપી ગ્રોથ ઘટી ૬.૫ ટકા રહેવાની શક્યતા છે. સ્થાનિક રેટિંગ એજન્સી ઈકરાએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના બીજા છ માસમાં આર્થિક ગતિવિધિઓ વેગવાન બનવાના આશાવાદ વચ્ચે નાણાકીય વર્ષના અંતે જીડીપી ગ્રોથ ૭ ટકા રહેવાનો અંદાજ જાળવી રાખ્યો છે. આરબીઆઈ દ્વારા ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે જીડીપી ગ્રોથ ૭.૨ ટકા રહેવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે. જે ૨૦૨૩-૨૪ના ૮.૨ ટકાના અંદાજ સામે ઓછો છે. જેની પાછળનું કારણ શહેરી માગમાં ઘટાડો અને વધુ પડતો વરસાદ છે. બીજા ત્રિમાસિકના જીડીપી આંકડા ૩૦ નવેમ્બરે જાહેર થશે. પ્રથમ ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ૬.૭ ટકા નોંધાયો હતો. જો કે, અતિ ભારે વરસાદ અને નબળા કોર્પોરેટ ત્રિમાસિક પરિણામોના કારણે બીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથ ઘટ્યો છે.

આરબીઆઇની ટકોર

## કેવાયસી ન હોય તો પણ બેન્કો એકાઉન્ટ ફ્રીઝ ના કરી શકે

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

રિઝર્વ બેંકે તમામ બેંકોને કેવાયસી મુદ્દે ટકોર કરી છે, તેમજ કેવાયસીમાં વિલંબ કે અધૂરા કેવાયસી પર એકાઉન્ટ ફ્રીઝ કે ડોરમેટ કરનારી બેંકોને ફટકાર પણ લગાવ્યો છે. બેંકોની ભૂલનો ભોગ ગ્રાહકો બની રહ્યા હોવાનું જણાવતાં આરબીઆઈએ બેંકોને કેવાયસીના દિશાનિર્દેશોનું ચુસ્તપણે અને સહાનુભૂતિ સાથે પાલન કરવા આદેશ કર્યો છે અને તેનું પાલન ન કરવા બદલ કાર્યવાહીનો સામનો કરવા તૈયાર રહેવા કહ્યું છે. આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર સ્વામીનાથને ખાનગી બેંકોના ડિરેક્ટર્સના સંમેલનમાં કહ્યું હતું કે, બેંકો કેવાયસીના દિશા-નિર્દેશોનું પાલન પ્રમાણિકતા, પારદર્શિતા અને સહાનુભૂતિ સાથે કરે. બેંકો કેવાયસીના અભાવે ગ્રાહકોના એકાઉન્ટને ડોરમેટ અથવા ફ્રીઝ કરી દે છે. જેનાથી સરકારી યોજનાઓના પૈસા ગ્રાહકો સુધી પહોંચી શકતા નથી. આ સિવાય અન્ય ઘણી સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે. બેંકો એકાઉન્ટ ફ્રીઝ કરી શકે નહીં.

સપા નેતા પર ઉમેદવારના ગંભીર આરોપ

## ભાજપને વોટ આપવા જઈ રહેલી દલિત યુવતીની હત્યા

। (એજન્સી) લખનૌ, તા.૨૦ ।

યુપી પેટાચૂંટણી દરમિયાન કરહાલમાં મતદાન કરવા આવેલી દલિત યુવતીની હત્યાના સમાચાર સામે આવ્યા હતા. સમાજવાદી પાર્ટીના નેતા પર યુવતીની હત્યાનો આરોપ છે. ભાજપના નેતાએ કરહાલમાં દલિત બાળકીની હત્યા પર કડક કાર્યવાહીની માંગ કરી છે. ભાજપના કરહાલ ઉમેદવાર અનુજેશ પ્રતાપે પણ યુવતીની હત્યાનો આરોપ સપા પર લગાવ્યો છે. ભાજપ ઉમેદવાર અનુજેશ પ્રતાપે ઠ પર પ ોસ્ટ કરીને લખ્યું છે કે, ગુંડાગીરીની તમામ હદ વટાવીને અને માનવતાને શરમમાં મૂકી કરહાલના કજરા ગામ બૂથ નંબર ૧૩માં દલિત સમુદાયની એક દીકરીની હત્યા કરવામાં આવી હતી. અને આ હત્યા કરવા પ ાછળનું કારણ ભાજપને મત આપવા જઈ રહી હતી તે હતું. તો ભાજપના હેન્ડલ પરથી પોસ્ટ કરવામાં આવ્યું છે કે કરહાલમાં ભાજપની જન કલ્યાણ યોજનાઓનો લાભ મેળવનાર એક દલિત યુવતીની પ્રશાંત યાદવ અને તેના સાથીદારો દ્વારા હત્યા કરવામાં આવી હતી,

CMYK CMYK

## ન્યૂઝ બ્રિફ

### વલસાડમાં શિવલિંગ પર અભિષેક કરી રહ્યો હતો વ્યક્તિ ત્યારે આવ્યો હાર્ટ એટેક

। (એજન્સી) વલસાડ, તા.૨૦ ।

હાર્ટ એટેકથી મોત થવાના સમાચાર દરરોજ સામે આવી રહ્યાં છે. રાજ્યમાં હાર્ટ એટેકથી મોતની વધુ એક દુખદ ઘટના સામે આવી છે. હવે મંદિરમાં પૂજા કરી રહેલા વ્યક્તિને હાર્ટ એટેક આવતા નિધન થવાની ઘટના સામે આવી છે. વલસાડમાં એક વ્યક્તિ શિવ મંદિરમાં પૂજા કરી રહ્યો છે આ દરમિયાન તેને હાર્ટ એટેક આવે છે અને તે નીચે ઢળી પડે છે. હોસ્પિટલ પહોંચે તે પહેલા આ વ્યક્તિનું નિધન થઈ ગયું હોય છે. હવે મંદિરમાં બનેલી આ ઘટનાના સીસીટીવી સામે આવ્યા છે. આ ઘટના વલસાડના પારનેરા ડૂંગર સ્થિત મહાદેવના મંદિરની છે. જે વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત થયું છે તેની ઓળખ ૬૨ વર્ષીય કિશોરભાઈ પટેલના રૂપમાં થઈ છે. કિશોરભાઈ પટેલ વલસાડના પારનેરા હિલ પર સ્થિત મહાદેવના મંદિરમાં દરરોજ પૂજા કરવા જતા હતા. મંગળવારે સવારે પણ કિશોરભાઈ નિત્યક્રમ મુજબ મંદિરે પહોંચ્યા હતા. આરતી કર્યા બાદ સવારે ૬.૪૮ કલાકે શિવલિંગ પર અભિષેક કરી રહ્યાં હતા. આ દરમિયાન તેમને હાર્ટ એટેક આવે છે અને નિધન થાય છે. સીસીટીવી ફુટેજમાં જોઈ શકાય છે કે ત્રણ-ચાર લોકો પૂજા કરી રહ્યાં છે. આ વચ્ચે કિશોરભાઈને હાર્ટ એટેક આવે છે અને તેઓ ઢળી પડે છે.

### નવી પદ્ધતિમાં રેશનિંગ દુકાનદારો ઇ-પ્રોફાઇલ નહીં બનાવી શક્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

પુરવઠા વિભાગ દ્વારા ૧૪ નવેમ્બરથી ભૂતિયા રેશનિંગ દુકાન સંચાલકોને નાથવા ઈ-પ્રોફાઈલ બાદ જ વિતરણ વ્યવસ્થા થઈ શકે તેવી નવી પદ્ધતિનો અમલ શરૂ કરી દેતા રાજ્યની કેટલીક દુકાનના સંચાલકો ઈ-પ્રોફાઈલની તમામ વિગતો તૈયાર ન કરી શકતા તેઓ લોગ ઈન કરી નહીં શકતા હોવાની સમસ્યા સર્જાઇ છે. તેના કારણે ગ્રાહકોને અનાજ વિતરણ કરી શકાતું નહીં હોવાથી સંચાલકોને થોડો સમય આપવા માગણી કરાઇ છે.પુરવઠા વિભાગની નવી પદ્ધતિના કારણે ભૂતિયા સંચાલકો પર અંકુશ આવી શકતો હોવાથી તેને આવકારવામાં આવી છે. જો કે દુકાનદાર નેશનલ બેંકનું એકાઉન્ટ અને આધાર કાર્ડ સાથેનું પાન કાર્ડ અપડેટ કરાવીને ઈ-પ્રોફાઈલ સબમિટ કરાવે તો જ તેના લોગ ઈન અને થમ્બથી સિસ્ટમ કાર્યરત થઈ શકે છે. તે સાથે જો કોઈ રેશનિંગની દુકાન સહકારી મંડળી થકી સંચાલિત હોય તો દુકાનદાર સંચાલકના નહીં પણ સહકારી મંડળીના ચેરમેન કે સેક્રેટરીના નામનું આધાર કાર્ડ અને પાન કાર્ડ આપીને સહકારી મંડળીના નામનું પાન કાર્ડ બનાવીને તેને ઈ-પ્રોફાઈલમાં અપડેટ કરાવાનું અનિવાર્ય છે. તે પછી જ લોગ ઈન કરીને વિતરણ વ્યવસ્થા ચાલુ કરી શકાય તેમ છે. આ પદ્ધતિઓમાં જે દુકાનદાર સંચાલકો બાકી રહી ગયા છે તેમને નવા પાન કાર્ડ બનાવવા સમય આપવામાં આવે તેવી માગણી દુકાનદારો દ્વારા કરવામાં આવી છે. જેથી તે ઈ-પ્રોફાઈલ અપડેટ કરાવી શકે અને રેશનિંગની દુકાનમાં આવતા ગ્રાહકોને અનાજનું વિતરણ વ્યવસ્થા યથાવત રાખી શકે. જે સંચાલકનું ઈ-પ્રોફાઈલ અપડેટ ના થયું હોય તેમનો ખુલાસો માગીને વિતરણ વ્યવસ્થા અટકે નહીં તેવો ઉપાય કરવા માગણી છે.

#### ભારત-ચીન વચ્ચે ડાયરેક્ટ ફ્લાઇટ્સ તથા

# કૈલાસ માનસરોવર યાત્રા ફરી ચાલુ કરવા મંત્રણા

## પાંચ વર્ષ પછી સરહદ મુદ્દે બંને દેશોના વિશેષ પ્રતિનિધિઓની બેઠક યોજવાનો નિર્ણય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

પૂર્વ લદ્દાખમાં બે સીમા પોઈન્ટ્સ પરથી લશ્કરી દળોની પીછેહટ પછી ભારત અને ચીનના સંબંધો ઝડપથી સામાન્ય બની રહ્યાં છે. બંને દેશોએ હવે પાંચ વર્ષના સમયગાળા પછી સીમા મુદ્દા પર વિશેષ પ્રતિનિધિઓની ટૂંકસમયમાં બેઠક યોજવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત કૈલાશ માનસરોવર તીર્થયાત્રા ફરી ચાલુ કરવા તથા બંને દેશો વચ્ચે સીધી ફ્લાઈટ સેવા ચાલુ કરવાની લગભગ સંમતિ સધાઈ છે. બ્રાઝિલના રિયો ડી જાનેરોમાં G20 સમિટની દરમિયાન ભારતના વિદેશ વિદેશ પ્રધાન એસ જયશંકર અને તેમના ચીની સમકક્ષ વાંગ યી વચ્ચે યોજાયેલી બેઠકમાં આ અંગે સર્વસંમતિ સધાઈ હતી. આ બેઠકમાં બંને દેશો વચ્ચેના સંબંધોને સ્થિર કરવાના ઉદ્દેશ્ય માટેના નવા



પગલાંની ચર્ચાવિચારણા કરાઈ હતી. ભારતના વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર બંને પ્રધાનોએ માન્યું હતું કે સંબંધોને સ્થિર કરવા, મતભેદોનો ઉકેલ લાવવા અને ભાવિ પગલાં લેવા પર ધ્યાન કેન્દ્રિત કરવું આવશ્યક છે.બંને નેતાઓ વચ્ચેની વાટાઘાટો ભારત-ચીન સંબંધોના ભાવિ પગલાઓ પર કેન્દ્રિત હતી. વિશેષ પ્રતિનિધિઓ અને વિદેશ સચિવ-ઉપપ્રધાન વ્યવસ્થાતંત્રની બેઠક ટૂંક સમયમાં યોજવા અંગે સંમતિ સધાઈ હતી. કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા, સરહદ પારની નદીઓ પર ડેટાનું આદાનપ્રદાન કરવા, ભારત અને ચીન વચ્ચે સીધી ફ્લાઈટ્સ અને મીડિયા આદાનપ્રદાન ચાલુ કરવા અંગેના પગલાંની વિચારણા કરાઈ હતી. પૂર્વી લદ્દાખમાં વાસ્તવિક અંકુશ રેખા પર ડેપસાંગ અને ડેમચોકમાંથી બંને દેશોના સૈનિકોની પીછેહટની કવાયત પૂરી થયા પછી બંને પક્ષો વચ્ચે આ પ્રથમ ઉચ્ચ બેઠક હતી. બેઠકમાં જયશંકરે ચીની વિદેશ પ્રધાન વાંગને જણાવ્યું કે ભારત વર્ચસ્વ સ્થાપિત કરવા માટે એકપક્ષીય અભિગમની વિરુદ્ધ છે અને ભારત ચીન સાથેના સંબંધોને અન્ય રાષ્ટ્રોના પરિપ્રેક્ષ્યમાં જોતું નથી. ભારત બહુધ્રુવીય એશિયા સહિત બહુધ્રુવીય વિશ્વ માટે પ્રતિબદ્ધ છે.

#### હોસ્પિટલના પાર્કિંગમાં લાલિયાવાડી

## અમદાવાદ સિવીલ હોસ્પિટલના પાર્કિંગનો સખત દુર ઉપયોગ થતો હોવાનું સામે આવ્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

સિવિલ હોસ્પિટલના ૧૨૦૦ બેડ હોસ્પિટલના પાર્કિંગનો દુર ઉપયોગ થઈ રહ્યો છે. જેને અટકાવવા અટકાવવા હોસ્પિટલનું તંત્ર હવે એક્શન મોડમાં આવી ગયું છે. જેમા ગાડી એન્ટર થતાં જ મોબાઈલ નંબર અને ગાડી નંબર રજીસ્ટર કરવામાં આવશે. હોસ્પિટલના કેમ્પસમાં અલગ અલગ વિભાગ આવેલા છે. જેમા હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓના અથવા તો દર્દીના સગા-સંબંધી આવતા હોય તો તેના વાહન પાર્ક કરવા માટે ૧૨૦૦ બેડ હોસ્પિટલના પાર્કિંગમાં ૭૦૦ વાહનો પાર્ક થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પાર્કિંગની મોટા પ્રમાણમાં વ્યવસ્થા એટલા માટે કરવામાં આવી છે. કારણ કે લોકો એમ્બ્યુલન્સ કે લોકોને આવર-જવરની જગ્યા પર વાહન પાર્કિંગ ન કરે. પરંતુ ૧૨૦૦ બેડ હોસ્પિટલના પાર્કિંગનો દુરુપયોગ થઈ રહ્યો છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોષીએ ન્યુઝ ૧૮ ગુજરાતી સાથે વાત કરતા જણાવ્યું છે કે ૧૨૦૦ બેડ હોસ્પિટલનું બેઝમેન્ટ પાર્કિંગ મેડિસિટીમાં દાખલ થયેલા દર્દી કે તેના સગાના વાહન પાર્ક કરવા માટે બનાવ્યું છે. જોકે તેમણે એવું પણ કહ્યું કે પાર્કિંગનો દુરુપયોગ થઈ રહ્યો હોવાનું ધ્યાને આવતા તપાસ કરવામાં આવી છે. જેમાં ૪૦ થી વધુ ગાડીઓ છે. જે એક સપ્તાહથી વધુ સમયથી પાર્ક છે. તેના નંબર નોટ કરી સર્ક્યુલર કરવામાં આવ્યો છે. મેડિસિટીના દરેક વિભાગમાં પહોંચાડવામાં આવ્યો છે. જો દર્દીની હોય તેના સંબંધીની હોય તો જાણ કરે. ક્યારેક એવું પણ બને છે કે સિવિલ કેમ્પસની આજુબાજુ વાળા પણ પાર્ક કરી દે છે. એવા પણ કિસ્સા સામે આવ્યા છે. જેમાં લોકો ફરવા જતા હોય ત્યારે ગાડીઓ ૧૨૦૦ બેડ હોસ્પિટલના બેઝમેન્ટના પાર્કિંગમાં પાર્ક કરીને જતા રહે છે. પરંતુ ધૂળ ખાતી ગાડીઓને લોક કરી દેવામાં આવી છે. અને દંડ વસુલ કરીને જ ગાડીઓ આપવામાં આવશે. ૧૦ દિવસમાં ગાડી લઈ નહીં જાય તો ટ્રાફિક પોલીસને કહી ટોઈંગ કરાવી દેવામાં આવશે.

#### લાખો રૂપિયાનાં સોના-ચાંદીના ઘરેણાંની લૂંટ

## સુરેન્દ્રનગર જીલ્લાના લીંબડીમાં તસ્કરોએ મકાનને નિશાન બનાવ્યું

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૦ ।

ગુજરાતમાં આજે બે સ્થળો પર સોના-ચાંદીના ઘરેણાની લૂંટ થવાની ઘટના સામે આવી છે. લીંબડી અને પાલનપુરમાં સોના-ચાંદીની રોકડ ભરેલી બેગ ગઠિયો લઈ ફરાર થઈ જતા પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. પાલનપુરમાં મહેસાણાનો એક પરિવાર ભાણેજના લગ્નમાં આવ્યો હતો ત્યારે ગઠામણ પાટિયા નજીક આવેલા પાર્ટી પ્લોટમાંથી સોના-ચાંદીના દાગીના ગઠિયો લઈ ફરાર થઈ જતા પરિવારે ફરિયાદ નોંધાવી છે. પરિવારની મહિલા હલ્દી રસમમાં જતા ૨૧ તોલા સોનાના અને ૧ કિલો ચાંદીના દાગીના ગઠિયો લઈ નાસી છૂટ્યો હતો. એટલું જ નહીં દાગીના સહિત રોકડ ભરેલી બેગ પણ લઈ ગયો હતો. સમગ્ર મામલે પાલનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે. સુરેન્દ્રનગર જીલ્લાના લીંબડીમાં તસ્કરોએ મકાનને નિશાન બનાવ્યું છે. ચોરોએ સોના-ચાંદીના દાગીના સહિત રોકડ ૧.૪૮ લાખની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. જેમાં લીંબડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવામાં આવી છે. લીંબડીમાં રહેતા મોટાવાસ વિસ્તારમાં પ્રદિપભાઈ પંડ્યા પરિવાર સાથે મામેરું ભરવા ગયાં હતા ને સોના ચાંદી દાગીના સહિત રોકડ રકમ રૂપિયા ૧.૪૮ લાખની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હોવાનું ધ્યાનમાં આવતા લીંબડી પોલીસ મથકે ફરિયાદ નોંધવામાં આવી છે. લીંબડી પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

#### સુરત શહેરમાં ફરી રોગચાળો વકર્યો

## તાવ અને ઝાડા ઉલ્ટીથી એક બાળકી સહિત ૨નાં મોત

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરત શહેરમાં ફરી રોગચાળો વકર્યો છે. મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળામાં ફરી વધારો થયો છે. તાવ અને ઝાડા ઉલ્ટીથી એક બાળકી સહિત ૨ના મોત થયા છે. અમરોલીની બાળકી અને અલથાણના યુવકનું મોત થયું છે. બાળકીને તાવ આવ્યા બાદ ઉલ્ટી થતા હોસ્પિટલ ખસેડાઈ હતી. રવિવારે મોડી સાંજે વધુ તબિયત બગડતા નવી સિવિલ હોસ્પિટલ ખસેડાઈ હતી, જ્યાં તેનું મોત નીપજ્યું હતું. જ્યારે યુવકની રવિવારે ઝાડા થયા બાદ ૧૦૮ દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન ૪૮ વર્ષીય શૈલેષ રાઠોડનું મોત નીપજ્યું હતું. નવી સિવિલ હોસ્પિટલમાં પણ સારવાર લેવા આવતા દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે.

સુરત શહેરમાં ફરી એક વખત પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોના કારણે બે લોકો મોતને ભેટ્યા છે. જેમાં અમરોલી વિસ્તારમાં રહેતા શ્યામલાલની એક વર્ષીય પુત્રી પ્રીતિને તાવ આવ્યા બાદ ઉલ્ટીઓ થતા સૌપ્રથમ નજીકની ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું. બાળકીના મોતના પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

તેવી જ રીતે અલથાણ વિસ્તારમાં ૪૨ વર્ષે શૈલેષ બચુભાઈ રાઠોડને રવિવારના રોજ ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા નવી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. શૈલેષ રાઠોડની ઝાડા થયા બાદ તબિયત વધુ લથડી હતી. જે બાદ સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે લાવતા ટૂંકી સારવાર દરમ્યાન તેમનું મોત થયું હતું. નવી સિવિલ હોસ્પિટલમાં કેસબારી અને ઓપીડી બહાર દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી છે. એક રીતે શહેરમાં રોગચાળાએ ફરી માથું ઉંચકતા તંત્ર કામે લાગ્યું છે. ઓક્ટોબર અને હાલ ચાલી રહેલા નવેમ્બર મહિના દરમિયાન સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે નોંધાયેલા રોગોના આંકડા પર નજર કરવામાં આવે તો, ઓક્ટોબર મહિનામાં ડેન્ગ્યુના ૪૪૩ કેસ, તાવના ૨૨૬, ગેસ્ટ્રોના ૯૬, કોલેરાનો ૦૧, મેલેરિયાના ૩૬૭ નોંધાયા છે. જ્યારે નવેમ્બર માસમાં ડેન્ગ્યુનો ૮૧, તાવના ૧૧૩, ગેસ્ટ્રો ના ૫૧, કોલેરા ના ૦૦, મેલેરિયાના ૩૨ કેસ નોંધાઈ ચૂક્યા છે.

રોગચાળા અંગે સુરત નવી સિવિલ હોસ્પિટલના રેસિડેન્ટ મેડિકલ ઓફિસર કેતન નાયકે જણાવ્યું હતું કે, અમરોલીની ૧ વર્ષની બાળકી અને અલથાણના ૪૨ વર્ષીય યુવકનું ઝાડા ઉલટીમાં મોત થયું છે. બંનેને સારવાર અર્થે સુરત નવી સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ મોત બંનેના મોત નિપજ્યા હતા. ઓક્ટોબર માસની સરખામણીએ ચાલુ માસ દરમિયાન રોગચાળાના કેસોમાં મોટો ઘટાડો થયો છે. સુરતમાં ઝોલાછાપ ડોક્ટર પાસે સારવાર નહીં લેવી જોઈએ.

### દેવગઢ બારીયામાં પરણિતાના આપઘાત મામલામાં મોટો ખુલાસો

। (એજન્સી) દાહોદ, તા.૨૦ ।

દાહોદના દેવગઢ બારીયામાં પરણિતાના આપઘાત મામલામાં મોટો ખુલાસો થયો છે. પરિણીતાએ આપઘાત કર્યાની મનઘડંત વાર્તા કહેનાર પતિ જ હત્યારો નીકળતા પોલીસે હત્યામો ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. દાહોદ જીલ્લાના દેવગઢ બારીયામાં મોટી ખજૂરી ગામે ડેમ ફળીયામાં મંજુલાબેન દીલિપભાઈ બારીયા (ઉંમર ૩૫)એ ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. જોકે, મૃતકના પરિવારજનોએ તેના પતિ પર આક્ષેપો કર્યા હતા, તેથી પોલીસે આ દિશામાં પણ તપાસ આગળ વધારી હતી. જેમાં મહિલાના મોત અંગે ખુલાસો થયો છે. મૃતદેહને પી.એમ. અર્થે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખસેડાયો હતો, જેમાં પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ગળું દબાવી હત્યા કરાઇ હોવાનું બહાર આવતાં દેવગઢ બારીયા પોલીસે હત્યાનો ગુનો નોંધી પતિને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

### ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં લાલ ચટાક મરચાંની આવક શરૂ થઈ ગઈ

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

રાજકોટના ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં લાલ ચટાક મરચાંની સિઝનની સૌ પ્રથમવાર આવક શરૂ કરવામાં આવી હતી. સૌપ્રથમ મરચાંની હરાજી મુહૂર્તની પૂજા વિધિ કરવામાં આવી હતી. મરચાંની અંદાજે ૩ હજાર ૫૦૦થી ૪ હજાર ભારીની આવક નોંધાઈ છે. જ્યારે મુહૂર્તમાં મરચાની ૧ ભારીના રેકોર્ડબ્રેક ૨૩ હજાર ૧૧૩ રૂપિયા ભાવ બોલાયા હતા. સાથે જ ૨૦ કિલો મરચાંના ભાવ ૩થી ૬ હજાર સુધી બોલાયા હતા.. ગોંડલનું મરચું સમગ્ર ભારત ઉપરાંત વિદેશમાં પણ પ્રખ્યાત છે. જેને લઈને અન્ય રાજ્યોમાંથી જેવા કે રાજસ્થાન, કર્ણાટક, મધ્યપ્રદેશ, યુ.પી સહિતના રાજ્યોમાંથી વેપારીઓ પણ અહીંયા મરચાંની ખરીદી કરવા માટે આવ્યા હતા. ખેડૂતો પોતાનો મરચાંનો પાક સુકવીને લઈને આવે જેથી કરી ખેડૂતોને પોતાના પાકનો વધુ સારો ભાવ મળે તેવી યાર્ડના ચેરમેન દ્વારા અપીલ કરવામાં આવી હતી. આ તરફ ધોરાજી માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની હરાજી શરૂ થઈ. સરદાર પટેલ માર્કેટિંગ યાર્ડમાં લાલ પતી ડુંગળીની હરાજી શરૂ કરવામાં આવી છે. યાર્ડમાં હરાજી શરૂ થતાં પ્રથમ દિવસે જ ડુંગળીની ૨ હજાર બોરીની મબલખ આવક થઈ. ગત વર્ષની સરખામણીએ ડુંગળીના ભાવ સારા મળતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો. ધોરાજી માર્કેટ યાર્ડમાં ડુંગળીના પ્રતિ મણ ૩૦૦થી ૬૦૦ રૂપિયા સુધીના ભાવ ખેડૂતોને મળ્યાં.

### અમદાવાદ પોલીસ ખ્યાતિના હત્યારા ડો.વજીરાણીને આપે છે VIP સુવિધા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદમાં આવેલી ખ્યાતિ હોસ્પિટલના જે કાળાકામો સામે આવ્યા ત્યારબાદ ગુજરાતમાં ડોક્ટર અને હોસ્પિટલ પર લોકોનો વિશ્વાસ ઉઠી ગયો છે. ખ્યાતિ હોસ્પિટલ દ્વારા દર્દીઓના નકલી ઓપરેશન કરી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ સરકાર સફાળી જાગી હતી અને કાર્યવાહી શરૂ કરી હતી. ખ્યાતિ હોસ્પિટલમાં જે બે લોકોના મોત થયા તેના ઓપરેશનો ડોક્ટર પ્રશાંત વજીરાણીની ધરપકડ કરવામાં આવી હતી. હવે આ ડોક્ટરને કસ્ટડીમાં વીઆઈપી ટ્રિટમેન્ટ પોલીસ દ્વારા આપવામાં આવી રહી છે. ખ્યાતિ હોસ્પિટલની ઘટનામાં પોલીસે ડોક્ટર પ્રશાંતની ધરપકડ કરી હતી. તેને સાત દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે. આ ડોક્ટર, પ્રશાંત વજીરાણીને પોલીસ સ્ટેશનમાં પોલીસની મિલીભગતથી વીઆઈપી સુવિધા મળી રહી હતી. તેને ઘરનું ભોજન પીરસવામાં આવી રહ્યું હતું. આ ઘટના બાદ ફરજમાં નિષ્કાળજી દાખવનાર વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ડીસીપી ઝોન-૧ દ્વારા હેડ કોન્સ્ટેબલ લાલસંગ સાગરદાન ગઢવી વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. ખ્યાતિ હોસ્પિટલમાં બે દર્દીઓના મોત બાદ તેના અલગ-અલગ કાંડો બહાર આવી રહ્યાં છે. ભૂતકાળમાં પણ આ હોસ્પિટલોએ વિવિધ જગ્યાએ કેમ્પ યોજી લોકોને જરૂર ન હોય તો પણ ઓપરેશનો કરી નાખ્યાં હતા. ઘણા લોકોએ આ ખ્યાતિ હોસ્પિટલા કાળા કામને કારણે જીવ પણ ગુમાવ્યા છે. હવે અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા આ ઘટનાની તપાસ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચને સોંપી દેવામાં આવી છે. હવે અન્ય ફરાર આરોપીઓને પકડવાની કાર્યવાહી પણ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કરાશે. ખ્યાતિ હોસ્પિટલના એક બાદ એક કાંડ હવે સામે આવી રહ્યાં છે. ખ્યાતિ હોસ્પિટલે આશરે એક મહિના પહેલા એક ભાઈનું ઓપરેશન કર્યું હતું.

## વિશેષ

#### ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત ભવાઇના ખ્યાતનામ કલાકાર રમેશ તુરી "રંગલા" નું ૮૧ વર્ષે નિધન

# ભવાઈ, નાટક, થિયેટર, રેડિયો, ટેલિવિઝન અને ફિલ્મ એમ વિવિધ કલા મંચ પર અભિનેતા, લેખક, દિગ્દર્શક, પ્રોડ્યુસર તરીકે આજીવન સેવા આપી

(માહિતી બ્યુરો, પાટણ)

। આલેખન : જીજ્ઞેશ નાયક ।

નાટ્ય ક્ષેત્રે ગુજરાત ગૌરવ પુરસ્કારથી સન્માનિત જૂની ગુજરાતી રંગભૂમિ અને ભવાઇના ખ્યાતનામ કલાકાર રમેશ તુરી "રંગલા" નું ૮૧ વર્ષે નિધન થતાં કલા જગતમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે. કલા જગતમાં "તુરી કાકા" તરીકે આદરભર્યું સ્થાન મેળવનાર રમેશ તુરીની વિદાયથી ભવાઈ કલાનો જગમગતો છેલ્લો સિતારો અસ્ત પામ્યો છે. ભવાઈ, નાટક, થિયેટર, રેડિયો, ટેલિવિઝન અને ફિલ્મ જેવા અભિવ્યક્તિના વિવિધ કલા મંચ પર અભિનેતા, લેખક, દિગ્દર્શક, પ્રોડ્યુસર તરીકે આજીવન સેવા આપી તેમણે જીવનના રંગમંચ પરથી કાયમ માટે વિદાય લીધી છે. રમેશ તુરીનું મૂળ નામ રેવાભાઈ નથુભાઈ તુરી હતું. તેમનું વતન અને જન્મસ્થળ પાટણ તાલુકાનું બાલીસણા ગામ છે. જ્યારે તેમની કર્મભૂમિ રાજકોટ રહી છે. રમેશ તુરી જન્મજાત ભવાઈનો વ્યવસાય કરતી તુરી કોમના હતા. આથી કળા વારસો એમના લોહીમાં હતો. બાપદાદાના આ વારસાને એમણે આજીવન સાચવી રાખ્યો અને અનેકવિધ પાત્રો સાથે રંગલાના પાત્રથી આગવી ઓળખ મેળવી હતી.

વર્ષ ૧૯૫૪ થી ભવાઈ સાથે જોડાયા ત્યારબાદ તેમણે કદી પાછું વળી જોયું નથી. પ્રથમ ગુજરાતી ફિલ્મ શેઠ સગાળશાથી શરૂઆત કર્યા બાદ તેમણે ગુજરાતી, મરાઠી, ભોજપુરી, રાજસ્થાની અને હિન્દી ભાષાની ૫૦૦ જેટલી ફિલ્મોમાં ચીફ આસિસ્ટન્ટ ડિરેક્ટર અને નાની મોટી ચરિત્ર ભૂમિકાઓ





ભજવી. અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી, મેગા મિલેનિયમ સ્ટાર નરેશ કનોડિયા, સુપર સ્ટાર હિતેન કુમાર, ફિરોજ ઈરાની, રમેશ મહેતા, અરવિંદ રાઠોડ જેવા દિગ્ગજો સાથે સ્ક્રીન સેર કરી તો તેમના લખેલા સંવાદો અને પટકથા પર અનેક કલાકારોએ પોતાની ભૂમિકા ભજવી લોકપ્રિયતા મેળવી છે. નાટ્ય ક્ષેત્રે આપેલા તેમના યોગદાનની કદર રૂપે રાજ્ય સરકાર દ્વારા તેમને વર્ષ ૨૦૧૨ માં ગુજરાત ગૌરવ પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવ્યા હતા. બી.એસ.એન.એલ રાજકોટ કચેરીમાં ચાલીસેક વર્ષ લાંબી નોકરી કરી રમેશ તુરી વર્ષ ૨૦૦૨ માં નિવૃત્ત થયા હતા. ઓલ ઈન્ડિયા બી.એસ.એન.એલ કર્મચારી યુનિયનના તેઓ પ્રમુખ પણ રહ્યા હતા. બાબા સાહેબ આંબેડકરને પોતાના આદર્શ માનતા રમેશ તુરીને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૧૫ માં "ભીમ રત્ન" થી સન્માનિત કરવામાં આવ્યા હતા. આકાશવાણી રાજકોટ રેડિયો સ્ટેશનમાં બી ગ્રેડ ડ્રામા આર્ટિસ્ટ તરીકે અને દૂરદર્શન રાજકોટ તથા દૂરદર્શન અમદાવાદમાં નિર્માતા, દિગ્દર્શક, લેખક અને અભિનેતા તરીકે તેઓ સતત કાર્યશીલ રહ્યા. કોરોના કાળમાં આકાશવાણી રાજકોટ માટે તેમણે ભવાઇના ફોર્મેટમાં રેડિયો નાટક લખી રંગલાના પાત્ર દ્વારા લોક જાગૃતિનું કામ કર્યું હતું.જેને ખૂબ લોક ચાહના મળી હતી.

ગુજરાતી ફિલ્મ "લાગ્યો કસુંબીનો રંગ" માં તેમણે પોતાના બંને પુત્રો મેક અપ આર્ટિસ્ટ હરેશ તુરી અને અભિનેતા હિમાંશુ તુરી સાથે અભિનયના અજવાળા પાથર્યા હતા. છેલ્લે તેમણે ગુજરાતી ફિલ્મ "રણભૂમિ"માં મુખ્ય સહાયક દિગ્દર્શક અને પટકથા સંવાદ લેખક તરીકે કામ કર્યું હતું. તુરી બારોટ સમાજ માટે સમાજ શ્રેષ્ઠી અને સમાજિક સંસ્થામાં તજજ્ઞ તરીકે આજીવન સેવાઓ આપી તેમણે અનેક નવા કલાકારોને તૈયાર કર્યા છે. આજીવન કલાના ઉપાસક અને નખશિખ કળાનો જીવ ધરાવતા રમેશ તુરી ત્રણ ત્રણ વાર મૃત્યુને હાથતાળી આપી આખરે જીવનના રંગમંચ પરથી અલવિદા કહી ગયા છે. તેમના નિધનથી તુરી બારોટ સમાજને ન પૂરાય એવી ખોટ પડી છે. મૃત્યુના એક અઠવાડિયા પહેલાં બાલીસણા આવ્યા ત્યારે વીસ દિવસ આઈ.સી.યું માં રહીને આવ્યા હોવા છતાં અને નાદુરસ્ત તબિયત હોવા છતાં તેમણે કુળદેવી ભવાની માતાના મંદિરે ગીત સંગીતના તાલે અદ્ભુત ડાન્સ કરી તેમનામાં રહેલા કલાકાર જીવની સૌને ઓળખ કરાવી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### જીવન ગોટાળે ચડી ગયાનું અભિષેક બચ્ચને સ્વીકાર્યું



। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

હાલમાં અભિષેક બચ્ચન ઐશ્વર્યા રાય સાથેના છૂટાછેડાના સમાચારના કારણે ઘણી ચર્ચામાં છે. ત્યારે એક્ટરે તેની આગામી ફિલ્મ 'આઈ વોન્ટ ટુ ટોક'ના પ્રમોશન દરમિયાન જીવન વિશે વાત કરી હતી. એવામાં અભિષેકની જે કહ્યું તેને તેના સંબંધો બાબત પર ચાલતી અફવા સાથે જોડવામાં આવી રહ્યું છે. અભિષેક બચ્ચને તેની આગામી ફિલ્મ આઈ વોન્ટ ટુ ટોકના મ્યુઝિક લોન્ચ ઈવેન્ટમાં પોતાના જીવન વિશે વાત કરી હતી. તેમણે જીવન ગોટાળે ચડી ગયાનું સ્વીકાર્યું હતું. અભિષેકે કહ્યું, 'જિંદગી તમને ખાતરી આપે છે કે દરેક માટે થોડી જગ્યા છે અને મને આશા છે કે આપણા બધાના જીવનમાં અમુક પ્રકારની સમાનતા હશે. આપણે બધા જીવનની મૂંઝવણમાં ફસાયેલા છીએ, આપણને જે કરવાનું કહેવામાં આવે છે તે જ કરી રહ્યા છીએ. આપણામાંથી કેટલાકને કોર્પોરેટ નોકરીઓ મળી છે, તો કેટલાક કલાકારો છે અને જીવન જ નિર્ધારિત કરે છે કે તમારે શું કરવું જોઈએ અને તમારે તે કેવી રીતે કરવું જોઈએ.' અભિષેક બચ્ચનના અંગત જીવનની વાત કરીએ તો તેણે વર્ષ ૨૦૦૭માં ઐશ્વર્યા રાય સાથે લગ્ન કર્યા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ કપલ વિશે એવી અફવાઓ ચાલી રહી છે કે તેમના સંબંધો પહેલા જેવા સારા નથી.

### કેજરીવાલના શીશ મહેલમાં ટોઇલેટ સીટ છે ગોલ્ડ પ્લેટેડ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નિવાસ સ્થાનને લઈને ભાજપે ફરી એક વખત પ્રહાર કર્યા છે. પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ પ્રેસ કોન્ફરન્સ કરીને અરવિંદ કેજરીવાલના ઘરમાં ગોલ્ડ પ્લેટેડ ટોઈલેટ સીટ અને વોશ બેસિનની તસવીરો જાહેર કરી છે. ભાજપે આમ આદમી પાર્ટી અને કેજરીવાલને સવાલ કર્યો છે કે, 'આખરે કેજરીવાલ પાસે આટલા પૈસા આવ્યા ક્યાંથી? દિલ્હીની જનતા આનો હિસાબ માગશે.' વીરેન્દ્ર સચદેવાએ આરોપ લગાવતા કહ્યું કે, 'આ પૈસા હલાલના નથી, આ પૈસા દલાલના છે. આ દિલ્હીની જનતા સાથે ગદ્દારી કરીને કમાયેલા પૈસા છે જે તમે તમારી સુખ-સુવિધાઓ પાછળ ખર્ચ્યા છે. દિલ્હીની જનતા તેનો હિસાબ માગી રહી છે. ભાજપના કાર્યકરો આ કાળા નાણાનો હિસાબ માંગશે.' આ દરમિયાન તેમણે ૨૧ નવેમ્બરથી અરવિંદ કેજરીવાલના ઘરનો ઘેરાવ કરવાની પણ જાહેરાત કરી હતી.

### ક્રૂરતા તો જોવો દીપડાને રાંધીને પણ ખાઈ ગયા



। (એજન્સી) નુઆપાડા, તા. ૨૦ ।

દીપડા કે અન્ય વન્યજીવોના હુમલા વિષે તો આપણે અવારનવાર વાંચી છીએ. પરંતુ હાલમાં એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં લોકોએ ભેગા મળી દીપડાનોજ શિકાર કરી નાખ્યો, શિકાર કરી નાખ્યો ત્યાં સુધી તો ઠીક છે. પરંતુ શિકાર કરી તેણે રાંધીને પણ ખાઈ ગયા. ઓડિશાના નુઆપાડા જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક દીપડાનો શિકાર કરવામાં આવ્યો છે અને પછી દીપડાને રાંધીને ખાઈ ગયો છે. આ કેસમાં બે લોકોની ધરપકડ પણ કરવામાં આવી છે અને દીપડાનું માથું પણ મળી આવ્યું છે. નુઆપાડા જિલ્લામાં વન્યજીવ સંરક્ષણ અધિનિયમનું ઉલ્લંઘન કરવા બદલ બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. દેવધરા ગામ પાસેના જંગલમાં જંગલી ભૂંડનો શિકાર કરવા મુકવામાં આવેલી જાળમાં એક દીપડો ફસાઈ ગયો હતો. એવો આરોપ છે કે પુસ્તમ ચિંદા અને હૃષિકેશ ચિંડા એ દીપડાને મારી નાખ્યો, તેની ચામડી ઉતારી અને માંસને રાંધીને ખાધું. વન વિભાગના જણાવ્યા અનુસાર આ ઘટના ૧૬ નવેમ્બરની છે. બાતમી પર કાર્યવાહી કરતા, વન અધિકારીઓએ આરોપીઓના છુપાયેલા સ્થળો પર દરોડા પાડ્યા હતા,

---

### ભાજપના આક્ષેપ બાદ EDની મોટી કાર્યવાહી, સુલે અને પટોલે પર બિટકોઈનના બદલે રોકડ લેવાનો આક્ષેપ

# બિટકોઈન મામલે ગૌરવ મહેતાના ઘરે દરોડા પડાયા

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

ભારતીય જનતા પાર્ટીએ ગઈકાલે 'બિટકૉઈન' મુદ્દે ગંભીર આક્ષેપ કર્યા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ મોટી કાર્યવાહી કરી છે. ઈડીની ટીમે બિટકોઈન વિવાદ મામલે રાયપુરમાં ગૌરવ મહેતાના ઘરે દરોડો પાડ્યો છે.

આ પહેલા મહારાષ્ટ્રમાં ગઈકાલે બહુજન વિકાસ ઉઘાડીએ વિનોદ તાવડે વિરુદ્ધ 'કેશ ફોર વોટ'નો આક્ષેપ કર્યો હતો, તો બીજીતરફ ભાજપે તાત્કાલીક પ્રેસ કોન્ફરન્સ યોજી 'બિટકૉઈન કૌભાંડ' મામલો ઉછાળી સુપ્રિયા સુલે અને નાના પટોલે પર ગંભીર આક્ષેપ કર્યા હતા. ત્યારબાદ ઈડીએ આ કાર્યવાહી કરી હોવાનું સામે આવ્યું છે. ગૌરવ મહેતા તે કન્સલ્ટન્સી માટે કામ કરતા હતા જે અમિત ભારદ્વાજના રૂ. ૬૬૦૦ કરોડના ક્રિપ્ટોકરન્સી કૌભાંડમાં પુણે પોલીસને મદદ કરી રહી હતી. પૂર્વ આઈપીએસ અધિકારી રવિન્દ્રનાથ પાટિલે મંગળવારે દાવો કર્યો હતો કે, 'NCPSPના નેતા સુપ્રિયા સુલે અને મહારાષ્ટ્ર કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ નાના પટોલેએ બિટકૉઈનના બદલે રોકડ મેળવવા માટે ગૌરવ મહેતાનો સંપર્ક કર્યો હતો અને આ નાણાં ઉપયોગ મહારાષ્ટ્રની ચૂંટણીમાં કરાયો હતો. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં મતદાનના એક દિવસ પહેલા એટલે કે મંગળવારે (૧૯ નવેમ્બર) બે રાજકીય ઘટના 'કેશ ફોર વોટ' અને 'બિટકૉઈન કૌભાંડ' મામલો ઉછળ્યો હતો, ત્યારબાદ સત્તાધારી પાર્ટીના નેતાઓ અને વિપક્ષી પાર્ટીના નેતાઓ એકબીજા પર ગંભીર આક્ષેપો કરી રહ્યા છે. ગઈકાલે બહુજન વિકાસ અઘાડીના નેતાએ ભાજપના રાષ્ટ્રીય મહા સચિવ વિનોદ તાવડે પર પૈસા વહેંચવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો અને તેમને એક હોટલમાંથી રોકડ સાથે પકડી પાડ્યા હતા. તો બીજીતરફ ભાજપે 'બિટકૉઈન કૌભાંડ'નો ઉલ્લેખ કરી એક ઑડિયો ક્લિપ વાયરલ કરી, તેમાં નાના પટોલે અને સુપ્રિયા સુલેનો અવાજ હોવાનો દાવો કર્યો હતો. વિનોદ તાવડે પર 'કેશ ફોર વોટ'નો આક્ષેપ લાગ્યા બાદ ભાજપ નેતા સુધાંશુ ત્રિવેદી મેદાનમાં આવ્યા હતા. તેમણે ગઈકાલે તાત્કાલિક બે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે પ્રથમ કોન્ફરન્સ યોજી તાવડે સામેના આરોપોને અફવા ગણાવ્યા છે. જ્યારે બીજી કોન્ફરન્સમાં મહારાષ્ટ્ર કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ નાના પટોલે અને સુપ્રિયા સુલે પર ગંભીર આક્ષેપો કરી પ્રશ્નોનો મારો કર્યો હતો. ભાજપની બીજી પ્રેસ કોન્ફરન્સમાં બે ઑડિયો ક્લિપ ચલાવવામાં આવી અને કેટલાક ચેટ્સ દેખાડી આક્ષેપ કરાયો હતો કે, પૈસા આપવામાં આવી રહ્યા છે. આમાં નાના પટોલે અને પોલીસ કમિશનર અમિતાભ ગુપ્તા વચ્ચે તેમજ સુપ્રિયા સુલે અને ગૌરવ મહેતા વચ્ચેની થયેલી વાતચીતનો ઑડિયો ક્લિપ ચલાવાઈ હતી. સુધાંશુએ કહ્યું કે, 'આ ક્લિપ અને ચેટ્સમાં જેલ ભોગવી ચુકેલા એક પૂર્વ પોલીસ અધિકારી એક આરોપી ડીલરનો સંપર્ક કરે છે અને તે કહે છે કે, બિટકૉઈનના કેટલાક નાણાં રોકડમાં ટ્રાન્જેક્શન કરવા છે.

તેઓ સુપ્રિયા સુલે અને નાના પટોલનું નામ લે છે. ડીલર અધિકારીને ઓડિયો ક્લિપ મોકલે છે અને દાવો કરે છે કે, ચૂંટણી માટે...' તેમણે રાહુલ પર નિશાન સાધી કહ્યું કે, 'મોહબ્બતની દુકાનનો સામાન દુબઈથી તો આવતો નથી ને ? આજે ચૂંટણી પહેલાની છેલ્લી રાત છે, જો આ પ્રશ્નોનો જવાબ નહીં આપ્યો તો... મુગલે આઝમ ફિલ્મનો ડાયલૉગ યાદ છે ને - યે રાત સાહિબે આલમ કે મંસૂબો પર બહુત ભારી ગુજરને વાલી હૈ.'

---

### રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના નેતા શરદ પવારનો કટાક્ષ

# અજિત પવારને ચાર વાર ડે. સીએમ બનાવ્યો, તો પણ અન્યાયની વાત કરે છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણીનું મતદાન થયું હતું. વરિષ્ઠ નેતા અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCPSP)ના પ્રમુખ શરદ પવારે બારામતીના માલેગામમાં મતદાન કર્યું છે. મતદાન કર્યા બાદ તેમણે મીડિયા સાથે વાતચીત દરમિયાન ભત્રીજા અજિત પવાર પર આકરા પ્રહારો કર્યા છે. વાસ્તવમાં અજિત પવારના સમર્થમાં તેમના પરિવારે એક પત્ર વાંચ્યો હતો, તેમાં અજિતને મોટો અન્યાય થયો હોવાનો ઉલ્લેખ કરાયો છે. આ મામલે શરદ પવારે કટાક્ષ કરતા કહ્યું કે, 'અજિત પવારને ચાર વખત નાયબ મુખ્યમંત્રીનું પદ મળ્યું, ઘણાં વર્ષો સુધી મંત્રી રહ્યા, સત્તા તેમની પાસે રહી, છતાં પણ તેઓ કહી રહ્યા છે કે, તેમની સાથે અન્યાય થયો?' શરદ પવારે કહ્યું કે, 'અજિતને ઘણી વખત સત્તા આપવામાં આવી છે, છતાં તેઓ કહે છે કે, તેમની સાથે અન્યાય થયો છે, તેથી હવે એવો સવાલ થાય છે કે,



શું ખરેખર તેમની સાથે અન્યાય થયો છે? યુગેન્દ્ર પવાર યુવા ચહેરો છે, તેથી તેમને એક તક મળવી જોઈએ. મીડિયા સાથેની વાતચીત દરમિયાન શરદ પવારે મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીની સરકાર બનવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે, 'રાજ્યમાં મહાવિકાસ ઉઘાડીની સરકાર બનશે અને આ સરકાર સંપૂર્ણ બહુમતી સાથે આવશે. હું જ્યોતિશ નથી, તેથી બેઠકોની જીત અંગે કોઈ દાવો ન કરી શકું, જોકે મને વિશ્વાસ છે કે, એમવીએ સંપૂર્ણ બહુમતી સાથે જીતશે.' અજિત પવારે કાટેવાડીમાં મહા યુતિને ૧૭૫ બેઠકો મળવાનો દાવો કર્યો છે. આ મુદ્દે શરદ પવારે કહ્યું કે, 'અજિતે ૧૭૫ બેઠકોનો દાવો કર્યો છે, પરંતુ તેમણે ૨૮૦ બેઠકો જાહેર કરવી જોઈતી હતી. જો અજિત પવારની ગણતરી સાચી હોય તો તેમણે કહેલા આંકડા વધુ હોવા જોઈતા હતા.' મહારાષ્ટ્રમાં રાજકારણમાં ગઈકાલે આખો દિવસ ખળભળાટ જોવા મળ્યો હતો. ગઈકાલે બહુજન વિકાસ અઘાડીના નેતાએ ભાજપના રાષ્ટ્રીય મહા સચિવ વિનોદ તાવડે પર પૈસા વહેંચવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો અને તેમને એક હોટલમાંથી રોકડ સાથે પકડી પાડ્યા હતા. તો બીજીતરફ ભાજપે 'બિટકૉઈન કભાંડ'નો ઉલ્લેખ કરી એક ઑડિયો ક્લિપ વાયરલ કરી, તેમાં નાના પટોલે અને સુપ્રિયા સુલેનો અવાજ હોવાનો દાવો કર્યો હતો. આ મામલે અજિત પવારે પણ પ્રક્રિયા આપી હતી.

તેમણે કહ્યું હતું કે, 'આ કેસમાં નિષ્પક્ષ તપાસ થવી જોઈએ. હું પટોલે અને સુલેનો અવાજ ઓળખું છું, તેથી હું કહું છું કે, આ તેમના જ અવાજ છે. તપાસ થયા બાદ આ કૌભાંડનું સત્ય બહાર આવશે.'

---

### સુપ્રિયાએ પણ આપ્યો જવાબ

# બિટકોઇન કાંડઃ અજિત પવારે કહ્યું- ઓડિયોમાં મારી બહેનનો જ અવાજ

। (એજન્સી) મુંબઈ, તા.૨૦ ।

મહારાષ્ટ્રમાં બિટકોઈન કાંડ પર પવાર પરિવારના ભાઈ-બહેન વચ્ચે આકરા પ્રહારો થઈ રહ્યા છે. વાયરલ થયેલી ઓડિયો ક્લિપ થી વિવાદ શરૂ થયો હતો કે, બિટકોઈનના પૈસાનો ઉપયોગ મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણી દરમિયાન ફંડિંગ માટે કરવામાં આવ્યો છે. આ આરોપ સુપ્રિયા સુલે અને નાના પટોલે પર મૂકાયો છે. સુપ્રિયા સુલેએ આ આરોપોનો પાયાવિહોણા ગણાવી જણાવ્યું હતું કે, તમામ વોઈસ નોટ અને સ્ક્રિન શોટ નકલી છે. બીજી તરફ સુલેના ભાઈ અને એનસીપી વડા અજિત પવારે સુપ્રિયા સુલે પર આરોપ મૂકતાં મુશ્કેલીઓ વધી છે. સુપ્રિયા સુલે અને નાના પટોલે પર મૂકવામાં આવેલા આરોપો અંગે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અને બારામતી વિધાનસભા ક્ષેત્રના એનસીપી ઉમેદવાર અજિત પવારે જણાવ્યું કે, 'તેમની જે ઓડિયો ક્લિપ વાયરલ થઈ છે. તેના વિશે હું એટલુ જ કહીશ કે, મેં આ બંને સાથે કામ કર્યું છે, અને તેમાંથી એક મારી બહેન પણ છે. ઓડિયો ક્લિપમાં તેમનો જ અવાજ છે. અને તેમનો વાત કરવાનો લહેકો પણ હુ જાણુ છું. તપાસ બાદ જ આ મુદ્દા વિશે સ્પષ્ટતા મળશે.'



સુપ્રિયા સુલે અને નાના પટોલે પર મૂકવામાં આવેલા આરોપો વિશે સુલેએ જણાવ્યું કે, કાલે મીડિયાએ મને આ તમામ વોઈસ રેકોર્ડિંગ મોકલ્યા હતા. સૌથી પહેલાં મને પુણેના કમિશનરનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે, અમુક નકલી વીડિયો વાયરલ થઈ રહ્યા છે. મેં તુરંત સાયબર ક્રાઈમમાં ફરિયાદ કરી કે, આ તમામ વોઈસ નોટ્સ અને મેસેજીસ ખોટા અને નકલી છે. સુપ્રિયા સુલેએ આ મામલે ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલી પ્રેસ કોન્ફરન્સ બદલ ત્રિવેદી વિરૂદ્ધ માનહાનિનો દાવો કર્યો છે. અને નોટિસ પણ મોકલી આપી છે. સુધાંશુ ત્રિવેદી દ્વારા કરવામાં આવેલા સવાલોનો જવાબ આપતાં તમામ આરોપોને નકાર્યા છે. અજિત પવાર પણ ગમે તે બોલી શકે છે, તેમ સુપ્રિયાએ જણાવ્યું હતું.

---



લાઓ પીડીઆરના વિયેન્ટિઆનમાં કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહએ ૧૧મી એસિયન રક્ષામંત્રીઓની બેઠક દરમિયાન પ્લસની બાજુમાં ચીનના રક્ષા મંત્રી એડમિરલ ડોંગ જુન સાથે મુલાકાત કરી.

---

# મધ્યપૂર્વને પરમાણુ-શસ્ત્ર મુક્ત ઝોન બનાવવા યુએન નાવડાની હાકલ

। યુનાઇટેડ નેશન્સ, તા.૨૦ ।

મધ્યપૂર્વમાં તાત્કાલિક યુદ્ધવિરામ અને આ ક્ષેત્રમાં પરમાણુ-શસ્ત્ર મુક્ત ઝોનની સ્થાપના કરવાની હાકલ કરતાં યુએનના મહામંત્રી એન્ટોનિયો ગુટેરેસે જણાવ્યું હતું કે મધ્યપૂર્વ અને સમગ્ર વિશ્વમાં તમામ લોકો માટે વધુ શાંતિપૂર્ણ ભાવિ બનાવવા માટે તે મહત્વપૂર્ણ છે. પરમાણુ શસ્ત્રો અને સામૂહિક વિનાશના અન્ય શસ્ત્રોથી મુક્ત મધ્ય પૂર્વ ઝોનની સ્થાપના અંગેની કોન્ફરન્સના પાંચમાં સેશનમાં વીડિયો સંદેશમાં ગુટેરેસે જણાવ્યું હતું કે આવા ઝોનનો વિચાર દાયકાઓ થયેલો છે, પરંતુ પ્રાદેશિક સંઘર્ષો વધતા આ ધ્યેય દિવસેને દિવસે વધુ તાકીદનો બની રહ્યો છે. એક વર્ષ કરતાં વધુ સમયથી ગાઝાએ એક દુઃસ્વપ્નનો અનુભવ કર્યો છે, જે સમગ્ર પ્રદેશને ઘેરી લે તેવી શક્યતા છે. અમે બધા લેબનોનમાં વધી રહેલા સંઘર્ષથી ચિંતિત છીએ. યુએનના વડાએ તાત્કાલિક યુદ્ધવિરામ, તમામ બંધકોની તાત્કાલિક અને બિનશરતી મુક્તિ અને બે દેશોની સ્થાપના તરફની પ્રક્રિયા ચાલુ કરવા વૈશ્વિક સમુદાયને એકજૂથ થવાની હાકલ કરી હતી.

---

### Goldman Sachsએ વધારી લોકોની ચિંતા

# આગામી સમયમાં સોનાનો ભાવ આકાશને આંબશે

। (એજન્સી) નવી દિલ્હી, તા. ૨૦ ।

ભારતમાં હાલમાં લગ્નની સિઝન ચાલી રહી છે. સોના-ચાંદી બજારમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. થોડા દિવસોથી સોનાના ભાવમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. આ કારણોસર પણ લોકોએ સોનું ખરીદવામાં રસ દાખવ્યો હતો. પરંતુ, હવે જ્વેલરી ખરીદનારાઓ માટે ખરાબ સમાચાર છે. ગોલ્ડમેન સાક્સના રિપોર્ટ અનુસાર સોનાની કિંમતમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે. સોનાના ભાવ અંગે ગોલ્ડમેન સાક્સનું કહેવું છે કે આવતા વર્ષે કેન્દ્રીય બેંકો દ્વારા ખરીદી અને અમેરિકન વ્યાજદરમાં ઘટાડાથી સોનું રેકોર્ડ સ્તરે પહોંચી શકે છે. ગોલ્ડમેને ૨૦૨૫ના ટોચના કોમોડિટી ટ્રેડમાં સોનાનો સમાવેશ કર્યો છે. ગોલ્ડમેન મુજબ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં એક ઔંસ સોનાની કિંમત $3,000 (આશરે ૨,૫૦,૦૦૦ ભારતીય રૂપિયા) સુધી પહોંચવાની આગાહી કરી છે. આ અંદાજ પાછળનું મુખ્ય કારણ સોનામાં કેન્દ્રીય બેંકોનું વધેલું વ્યાજ છે. જો કે આ વર્ષે પણ સોનું બહુ સસ્તું નથી થયું. છેલ્લા કેટલાક દિવસોના ઘટાડાને બાજુ પર મૂકીએ તો સમગ્ર વર્ષ દરમિયાન સોનાના ભાવમાં વધારો જોવા મળ્યો છે.



ટ્રમ્પ વહીવટીતંત્ર પણ સોનાના ભાવને સમર્થન આપી શકે છે. આ સિવાય વધતા વેપાર તણાવ અને અમેરિકાની નાણાકીય સ્થિતિને લઈને વધતી ચિંતાઓને કારણે પણ સોનાના ભાવ વધી શકે છે. હાલમાં, હાજર સોનાની કિંમત $2,589 પ્રતિ ઔંસની આસપાસ છે, જે હજુ પણ ગયા મહિને $2,790 કરતાં ઓછી છે. સોનાની શુદ્ધતા તપાસવાની ઘણી રીતો છે. પરંતુ દરેક રીતે સામાન્ય માણસ માટે તપાસ કરવી મુશ્કેલ છે. નિષ્ણાંતોના મતે વાસ્તવિક સોનું અને નકલી સોનું કેટલીક યુક્તિઓ દ્વારા ઓળખી શકાય છે. આ એટલી સરસ પદ્ધતિ છે કે તમે ઘરે બેઠા પણ સોનાને ઓળખવા માટે તેનો ઉપયોગ કરી શકો છો. તમે વિનેગર વડે પણ સોનાની શુદ્ધતા ચકાસી શકો છો. સોના પર વિનેગરના થોડા ટીપાં નાખો અને થોડીવાર પછી તેને ધ્યાનથી જુઓ. જો સોનાના રંગમાં કોઈ ફેરફાર ન થાય, તો તે શુદ્ધ સોનું હશે. કારણ કે નકલી સોનું વિનેગરના સંપર્કમાં આવતા જ કાળું થઈ જાય છે. આ સિવાય સોનાના દાગીના પર ચુંબક લગાવવાનો પ્રયાસ કરો, જો જ્વેલરી ચુંબકને ચોંટી ન જાય તો ધ્યાનમાં લો કે સોનું વાસ્તવિક છે. જો સોનાના દાગીનાને સિરામિક પથ્થર પર ઘસવામાં આવે ત્યારે તેના પર કાળો નિશાન રહે છે, તો તે સોનું નકલી છે. જો ગોલ્ડન માર્કસ હોય તો સોનું વાસ્તવિક છે. જ્વેલરી પર હોલમાર્ક ચિહ્ન છે, તેને શુદ્ધતાની નિશાની માનવામાં આવે છે. પરંતુ હવે ઘણી વખત લોકો નકલી રીતે પણ જ્વેલરી પર હોલમાર્ક માર્ક બનાવે છે. તેથી સોનાની તપાસ કરવી જરૂરી છે. આ સિવાય એક મોટા વાસણમાં પાણી ભરો અને તેમાં સોનાના આભૂષણો મૂકો.

આ સમય દરમિયાન જો તમારા સોનાના દાગીના પાણીમાં તરતા લાગે તો સોનું નકલી છે. અસલી સોનું પાણીમાં ડૂબી જાય છે. કારણ કે તે ઉચ્ચ ઘનતા સાથે જાડી અને સખત ધાતુ છે.

---

# પાકિસ્તાનના ખૈબર પખ્તૂનખ્વામાં થયેલો મોટો આત્મઘાતી હુમલો

### ઉત્તર-પશ્ચિમી પાકિસ્તાનમાં એક આત્મઘાતી હુમલાખોરે સુરક્ષા ચોકી પર વિસ્ફોટકથી લાદેલા વાહનને ઉડાવી દીધું

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૦ ।

પાકિસ્તાનમાં એક સુરક્ષા ચોકી પર આત્મઘાતી હુમલાખોરોએ વિસ્ફોટકથી ભરેલા વાહનમાં બ્લાસ્ટ કર્યો હતો. આ હુમલામાં લગભગ ૧૭ સુરક્ષાકર્મીઓનાં મોત થઈ ગયા છે, જ્યારે કેટલાય ઘાયલ થઈ ગયા છે. આ હુમલો ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બન્નુ જિલ્લામાં થયો છે. પાકિસ્તાની તાલિબાનથી અલગ થયેલા જૂથ હાફિઝ ગુલ બહાદુર જૂથે આ હુમલાની જવાબદારી લીધી છે. જોકે, સરકારે આ ઘટના પર કોઈ ટિપ્પણી કરી નથી, પણ સુરક્ષા અને ગુપ્તચર અધિકારીઓએ તેની પુષ્ટિ કરી છે કે હુમલા માટે જવાબદાર લોકો વિરુદ્ધ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પ્રાપ્ત વિગતો અનુસાર ઉત્તર પશ્ચિમી પાકિસ્તાનમાં એક આત્મઘાતી હુમલાખોરે સુરક્ષા ચોકી પર વિસ્ફોટકથી લદેલા વાહનને ઉડાવી દીધા છે. જેમાં કમસેકમ ૧૭ સુરક્ષાકર્મીઓનાં મોત થઈ ગયા અને કેટલાય અન્ય ઘાયલ થઈ ગયા છે. ચાર ગુપ્ત અને સુરક્ષા અધિકારીઓએ બુધવારે આ જાણકારી આપી છે. વિસ્ફોટ બાદ ફાયરિંગના પણ સમાચાર છે, જેનાથી ઘાયલોની સંખ્યા વધી ગઈ. આ હુમલો, જે હાલના મહિનામાં સૌથી ઘાતક હુમલામાંથી એક છે. મંગળવાર સાંજે ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના બનૂ જિલ્લામાં થયો. પાકિસ્તાની તાલિબાનના એક વિભાજન જૂથ, જેને હાફિઝ ગુલ બહાદુર જૂથના નામથી ઓળખવામાં આવે છે, તેણે હુમલાની જવાબદારી લીધી છે. સરકાર તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર ટિપ્પણી આવી નથી. પણ સુરક્ષા અને ગુપ્તચર અધિકારીઓએ જણાવ્યું છે કે સુરક્ષા દળ હુમલાને અંજામ આપનારા વિરુદ્ધ એક ઓપરેશન ચલાવી રહ્યા છે. પાકિસ્તાનમાં નવેમ્બર ૨૦૨૨થી હિંસા સતત વધી રહી છે. જ્યારે પાકિસ્તાની તાલિબાને ઈસ્લામાબાદ સરકાર સાથે મહિનાઓ સુધી ચાલેલા સંઘર્ષવિરામને સમાપ્ત કરી દીધું હતું. પાકિસ્તાની તાલિબાન, જેને તહરીકે તાલિબાન પાકિસ્તાનના નામથી ઓળખવામાં આવે છે. એક અલગ જૂથ છે, પણ તે અફઘાનિસ્તાન તાલિબાનના સહયોગી છે, જેણે ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાં સત્તા સંભાળી હતી. અફઘાનિસ્તાનમાં તાલિબાનનો કબજો ટીટીપી માટે ઉત્સાહવર્ધક સાબિત થયો.

## તંત્રી લેખ...

# રશિયા યુક્રેન પર કરી શકે પરમાણુ હુમલો

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને પરમાણુ હથિયારોના ઉપયોગને મંજૂરી આપી દીધી છે. જો કોઈ દેશ પરમાણુ શક્તિ ધરાવતા દેશ સાથે મળીને રશિયા પર મિસાઈલ હુમલો કરે છે, તો આવી સ્થિતિમાં મોસ્કો પરમાણુ હથિયારોનો ઉપયોગ કરી શકે છે. આમ આ સંભાવના હવે દેખાઈ રહી છે. યુક્રેને લાંબાઅંતરની માર કરતી છ મિસાઈલો રશિયા પર છોડી હોવાથી આવા યુદ્ધની સંભાવના વધી ગઇ છે. બે દિવસ પહેલા અમેરિકી પ્રમુખ બાઈડેને યુક્રેનને રશિયાની અંદર લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજૂરી આપી હતી, ત્યારબાદ પુતિને પણ આ નિર્ણય લીધો હતો. પુતિને યુક્રેન યુદ્ધના ૧૦૦૦ દિવસ પૂરા થવાના દિવસે પરમાણુ હથિયારો સંબંધિત નવા આદેશ પર હસ્તાક્ષર કર્યા છે.પુતિને એક સરકારી ટીવી ચેનલ પર કહ્યું હતું કે જો અમેરિકા યુક્રેનને લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજૂરી આપશે તો ઘણું બધું બદલાઈ જશે. આ હથિયારોનો ઉપયોગ સેટેલાઈટ વિના શક્ય નથી. યુક્રેન પાસે આવી ટેકનોલોજી નથી. આ માત્ર યુરોપિયન યુનિયન સેટેલાઈટ અથવા અમેરિકન સેટેલાઈટની મદદથી જ કરી શકાય છે.પુતિને એમ પણ કહ્યું હતું કે માત્ર નાટોના સૈન્ય કર્મચારીઓને જ આ મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ કરવાની તાલીમ મળી છે. યુક્રેનના સૈનિકો આ મિસાઈલ ચલાવી શકતા નથી. ઉલ્લેખનીય છે કે અમેરિકાએ યુક્રેનને આર્મી ટેક્ટિકલ મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. આ મિસાઈલ સિસ્ટમ ૩૦૦ કિમી સુધી ચોક્કસ હુમલા કરી શકે છે. છેલ્લા કેટલાક સમયથી અમેરિકા અને બ્રિટન યુક્રેનને લાંબા અંતરની મિસાઈલોનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનું વિચારી રહ્યા હતા. તેના પર રશિયાના રાષ્ટ્રપતિ પુતિને ચેતવણી આપી હતી કે આવા હથિયારોના ઉપયોગની મંજૂરી આપવાનો અર્થ એ થશે કે નાટો રશિયા વિરુદ્ધ યુદ્ધમાં ઉતરી ગયું છે. મોસ્કો : રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ટૂંક સમયમાં ભારતની મુલાકાતે આવી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે બંને પક્ષો આ મુલાકાતની શક્યતાઓ શોધી રહ્યા છે, પરંતુ હજી સુધી તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું નથી. આ વર્ષે જુલાઈમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોસ્કોમાં પુતિનને મળ્યા હતા ત્યારે તેમણે તેમને ભારત આવવાનું આમંત્રણ આપ્યું હતું. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે આ ઘટનાની પુષ્ટિ કરતાં કહ્યું હતું કે પુતિનની ભારત મુલાકાતની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ૨૦૨૨માં રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ પુતિનની આ પ્રથમ ભારત મુલાકાત હશે. અત્યાર સુધી ભારતે પુતિનની મુલાકાત અંગેના મીડિયા અહેવાલો પર સત્તાવાર રીતે પ્રતિક્રિયા આપી નથી.

## પ્રધાનમંત્રીએ સતત વિકાસ અને ઉર્જા પરિવર્તન પર જી૨૦ સત્રને સંબોધિત કર્યું

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ અને એનર્જી ટ્રાન્ઝિશન પર જી ૨૦ સમિટના સત્રને સંબોધિત કર્યું. પ્રધાનમંત્રીએ કહ્યું કે નવી દિલ્હીમાં આયોજિત જી૨૦ સમિટ દરમિયાન જૂથે ૨૦૩૦ સુધીમાં ઊર્જા કાર્યક્ષમતાને ત્રણ ગણી અને ઉર્જા ક્ષમતા દરને બમણો કરવાનો સંકલ્પ કર્યો હતો. તેમણે આ સતત વિકાસ પ્રાથમિકતાઓને આગળ વધારવાના બ્રાઝિલના નિર્ણયને આવકાર્યો હતો. પ્રધાનમંત્રીએ સતત વિકાસને પ્રોત્સાહન આપવા માટે ભારત દ્વારા ઉઠાવવામાં આવેલા પગલાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ભારતે છેલ્લા દસ વર્ષમાં ૪૦ મિલિયન પરિવારોને આવાસ પૂરા પાડ્યા છે; છેલ્લા પાંચ વર્ષમાં ૧૨૦ મિલિયન ઘરોમાં પીવાનું શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવ્યું છે; ૧૦૦ મિલિયન પરિવારોને શુદ્ધ ભોજન પકાવવા માટે ઈંધણ અને ૧૧૫ મિલિયન પરિવારો શૌચાલય ઉપલબ્ધ કરાવ્યા છે. ભારત તેની પેરિસ પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરનાર પ્રથમ જી૨૦ દેશ છે તે વાત પર પ્રકાશ પાડતા, પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતે ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ પુનઃપ્રાપ્ય ઉર્જાનું ઉત્પાદન કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય નક્કી કર્યું છે, જેમાંથી ૨૦૦ ગીગાવોટ પ્રાપ્ત કરી લેવામાં આવી છે.

## HMJS એ ભૂગર્ભ જળ ઉપાડની પરવાનગી માટે "ભૂ-નીર" પોર્ટલ લોન્ચ કર્યું

માનનીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલે ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ભારત જળ સપ્તાહ ૨૦૨૪ના સમાપન સમારોહ દરમિયાન નવા વિકસિત "ભૂ-નીર" પોર્ટલને ડિજિટલી લૉન્ચ કર્યું હતું. "ભૂ-નીર" એ કેન્દ્ર દ્વારા વિકસિત એક અદ્યતન પોર્ટલ છે જેને જળ શક્તિ મંત્રાલય હેઠળ સેન્ટ્રલ ગ્રાઉન્ડ વોટર ઓથોરિટી (CGWA)એ રાષ્ટ્રીય સુચના વિજ્ઞાન કેન્દ્ર (NIC)ના સહયોગથી સમગ્ર દેશમાં ભૂગર્ભ જળ નિયમનમાં સુધારા માટે વિકસિત કર્યું છે. આ પોર્ટલ સંસાધનોના સંચાલન અને નિયમન માટે વન-સ્ટોપ પ્લેટફોર્મ તરીકે સેવા આપશે, જેનો ઉદ્દેશ્ય ભૂગર્ભ જળના વપરાશમાં પારદર્શિતા, કાર્યક્ષમતા અને સ્થિરતા સુનિશ્ચિત કરવાના છે.

"ભૂ-નીર" એ ભૂગર્ભજળના નિષ્કર્ષણને સંચાલિત કરતા કાયદાકીય માળખા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના નિયમોને લગતી વ્યાપક વિગતો પ્રદાન કરવા માટે રચાયેલ છે. તેનો કેન્દ્રિય ડેટાબેઝ વપરાશકર્તાઓને ભૂગર્ભ જળ અનુપાલન, નીતિઓ અને ટકાઉ પ્રથાઓ પર નિર્ણાયક માહિતી ઍક્સેસ કરવાની મંજૂરી આપશે.

પોર્ટલને અનેક ઉપયોગકર્તા-અનુકુળ સુવિધાઓની સાથે વિકસાવવામાં આવ્યું, કે જેથી ભૂગર્ભ જળ ઉપાડની પરવાનગી મેળવવા માંગતા પ્રોજેક્ટ સમર્થકોને સુવ્યવસ્થિત પ્રક્રિયા પ્રવાહ પ્રદાન કરી શકાય. સરળ છતાં માહિતીપ્રદ ઈન્ટરફેસ અને PAN આધારિત સિંગલ આઈડી સિસ્ટમ, QR કોડ સાથે NOC વગેરે જેવી સુવિધાઓ ધરાવતું, "ભૂ-નીર" તેના અગાઉના વર્ઝન NOCAP કરતાં નોંધપાત્ર સુધારો દર્શાવે છે. "ભૂ-નીર" પોર્ટલ, ભૂગર્ભ જળ નિયમનને સીમલેસ અને ફેસલેસ કવાયત બનાવીને આદરણીય પ્રધાનમંત્રીના ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસના વિઝનને પ્રોત્સાહન આપવાનું એક બીજું પગલું છે. પોર્ટલ હવે સાર્વજનિક ઉપયોગ માટે ઉપલબ્ધ છે અને તમામ પ્રોજેક્ટ સમર્થકો ભૂગર્ભ જળ ઉપાડ સંબંધિત પ્રશ્નો, સ્પષ્ટતાઓ, એપ્લિકેશન સ્ટેટસ ટ્રેકિંગ, વૈધાનિક શુલ્કની ચુકવણી માટે પોર્ટલ પર જઈ શકે છે.

**પ્રાર્થનાનો આ દોર આપણને બધાને નાના બનાવી રહ્યો છે, સૌ કોઇને એ વર્ગ ખંડની યાદમાં ખેંચતો જાય છે**

# એક જ દે ચિનગારી! પ્રાર્થના થકી આત્મ દીપ પ્રગટાવી જીવન રાહ ઉજાળી એ



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સમય સમયની વાત છે, તે સમયે બાળપણની કિંમત ન્હોતી, ને અત્યારે એની ઝંખના આંખમાં કાજળ જેમ અંજાઇ ગઇ છે, આમ પણ મોટાઇ જગત ને પચતી નથી, અહીં પંડિત બનવામાં મજા નથી,નાહકના લોકો પરીક્ષા લેશે, ચિંતન કરીએ તો સમજાય કે જીવનમાં ઇશ્વરે શું કમી રાખી હતી! પણ આપણને માણતા આવડતું જ નથી.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. શિયાળાની ઋતુ ચાલું થઈ ગઈ છે, પણ પ્રાકૃતિક પ્રદૂષણ ને કારણે દર વખત જેવી ઠંડી હજી પડતી! પરંતુ પહેલાં નો સમય યાદ કરીએ તો બધા શિયાળામાં ઠંડી થી બચવા તાપણું કરતાં, કે સગડી કરતાં અને તાપણું કરતી વખતે એમાં આગ ચાંપવાથી આગ ભભુકી ઉઠે છે એને ચીનગારી કહેવાય છે.કવિ આવી જ કોઈક વાતનો સંદર્ભ આ પ્રાર્થનામાં કરે છે. પ્રાર્થનાનો આ દોર આપણને બધાને નાના બનાવી રહ્યો છે, સૌ કોઈને એ વર્ગ ખંડની યાદમાં ખેંચતો જાય છે, અને આ ઉંમરે પણ દોડાદોડી કરવાનું અને ઉડવાનું મન થઈ જાય છે, પરંતુ સંયમનો પાઠ ભણ્યાં નહીં, એટલે શરીર હવે સાથ એમ ક્યાંથી દેશે! ખેર છોડો. જરાક વિચાર કરીએ કે એવું તે શું થયું કે આ નિખાલસતા ચાલી ગઈ,ને આજે હવે ક્યાંથી એ લાવવી! સમય સમયની વાત છે,તે સમયે બાળપણની કિંમત ન્હોતી, ને અત્યારે એની ઝંખના આંખમાં કાજળ જેમ અંજાઇ ગઈ છે. આમ પણ મોટાઈ જગત ને પચતી નથી,અહીં પંડિત બનવામાં મજા નથી,નાહકના લોકો પરીક્ષા લેશે. ચિંતન કરીએ તો સમજાય કે જીવનમાં ઈશ્વરે શું કમી રાખી હતી! પણ આપણને માણતા આવડતું જ નથી,બસ જાણકારી મેળવવામાં જ સમય પૂરો થઈ જાય છે, અને પછી મારી પાસે ફાજલ સમય જ ક્યાં છે! નું એ જ પુરાનું બહાનું. કોઈ બહુ જ અંગત કે ખાસ મિત્રને મળીએ તો સ્વાભાવિક રીતે આપણે તેના પહેરવેશ વગેરેને જોતા નથી, બસ ગળે વળગાડીને લાગણી વ્યક્ત કરીએ છીએ, એજ રીતે એકવાર જીવનની સમસ્યાનું વધું પડતું વિશ્લેષણ કર્યા વગર, બસ તેને જેમ છે તેમ અપનાવી લઈએ તો, એટલું કષ્ટ નથી પડતું. આગને અડીએ તો બહુ સ્વાભાવિક છે કે ગરમ લાગે કે દાઝી જવાય, પણ એ ગરમ જ છે એ સ્વીકારી એ તો થોડું ઓછું થાય છે, અને આ દરેક સ્ત્રીનો અનુભવ છે. પણ અનલ એટલે કે અગ્નિ કે જે દઝાડવા કરતા જીવનને પ્રકાશિત વધુ કરે છે, એને વિશે જરા જોઈએ સામાન્ય રીતે આપણે જેને ચિનગારી કહીએ છીએ, એવી એક ચિનગારી કે ચિંતા નથી, પણ ચિંતનને કારણે જીવન ઉદ્દેશ્ય સુધી પહોંચવા કે અત્યાર સુધી નથી થયું, એને સરભર કરવા માટે જરૂરી છે, તો આપણે આજે એવી એક ચિનગારીની પ્રાર્થના વીશે વાત કરીશું.

**એક જ દે ચીનગારી**
**એક જ દે ચિનગારી મહાનલ**
**એક જ દે ચિનગારી...**
**ચકમક લોઢું ઘસતાં ખરચી જીંદગી સારી,**
**જામગરીમાં તણખો ન પડ્યો**
**ન ફળી મહેનત મારી... મહાનલ.**
**ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો સળગી**
**આભ અટારી,**
**ના સળગી એક સગડી મારી**
**વાત વિપતની ભારી... મહાનલ.**
**ઠંડીમાં મુજ કાયા થથરે ખૂટી ધીરજ મારી,**
**વિશ્વાનલ હું અધિક ન માગું**
**માગું એક ચિનગારી... મહાનલ.**

આ પ્રાર્થના ના રચયિતા કવિ શ્રી હરિહર પ્રાણશંકર ભટ્ટ છે, અને તેનો જન્મ મે ૧, ૧૮૯૫ વેકરિયા, સૌરાષ્ટ્રમાં થયો હતો, અને અવસાન માર્ચ ૧૦, ૧૯૭૮મા થયું હતું.તેમના માતા પાર્વતીબેન પિતા પ્રાણશંકર ભટ્ટ છે.તેમણે ત્રણ જગ્યાએ રહી અભ્યાસ પૂર્ણ કર્યો.પ્રાથમિક સાવરકુંડલા,માધ્યમિક ભાવનગર બી. એ. મુંબઈ માં કર્યું, તેમનો વ્યવસાય એક શિક્ષકનો હતો. ખગોળશાસ્ત્રમાં સંશોધન સંપાદન, જીવન ઝરમર અકોલા એટલે કે મહારાષ્ટ્રમાં શિક્ષક તરીકે ફરજ બજાવી, અને અમદાવાદ ગાંધીજીના સત્યાગ્રહ આશ્રમમાં તથા ન્યૂ એજ્યુકેશન હાઈસ્કૂલમાં પણ શિક્ષક તરીકે ફરજ બજાવી. ભો. જે. વિદ્યાભવન, અમદાવાદમાં જ્યોતિષશાસ્ત્રના અધ્યાપક હતાં, જ્યારે અમદાવાદ વેધશાળાના નિયામક રહી ચુક્યા હતા. ગુજરાતી દૈનિક સંદેશ સાથે તેઓ જીવનના અંત સુધી સંલગ્ન રહ્યા, અને સંદેશ પંચાંગના સંપાદકનું કાર્ય પણ કર્યું. તેમની મુખ્ય રચનાઓ કાવ્યસંગ્રહો હૃદયરંગ ને જ્યોતિષ શાસ્ત્ર, સંદેશ પ્રત્યક્ષ, પંચાંગ, ખગોળ ગણિત છે. કવિ ચિનગારીની વાત બહુ સુંદર રીતે રજૂ કરે છે, આમ તો ચિનગારી બે પ્રકારની હોય છે એક આત્મ દીપ પ્રગટાવનારી છે, અને જીવન પથ પર અજવાળુ પથરાતા સુંદર જીવન વીતે છે, જ્યારે બીજી ચિનગારી નફરતની છે, તે જો લાગે તો ભલભલાના જીવન દુરસ્ત થતાં વાર લાગતી નથી.કવિ અહીં જીવન જીવવા માટેના પ્રકાશ રુપ ચિનગારીની વાત કરે છે. જીવનની સતત ચાલતી ઘટમાળને સંબંધોની ચકમકમાં જ જીવન આખું ચર્ચાઈ ગયું, પણ જામગરીમાં લાગી ન ચીનગારી, જામગરી એકદમ યથાર્થ શબ્દ પ્રયોજન કર્યું. બહુ ઈમાનદારીપૂર્વક સ્વીકારવું પડશે, કે આ શબ્દના અર્થ વિશે મને પણ ખબર ન્હોતી. જામગરી એટલે તોપના ગોળામાં બારુદ લગાડવાની જગ્યા, એટલે કે એવી વિસ્ફોટક ચીનગારી કે જેનાથી આ તમામ દુર્ગુણ નાશ પામે.હે ઈશ્વર તારી પાસે તો એવી ચીનગારી છે, કે સૂર્યને ચાંદ સતત પ્રજ્વલિત રહી શકે છે, પણ મારી એક સગડી માટે તે કેમ બાકી રાખ્યું ! એટલે જ આ વિપત્તિ ભારે લાગે છે. ભવિષ્ય ધૂંધળું દેખાતા એ કલ્પના થી જ હું થરથર ધ્રુજી જાઉં છું. હે વિશ્વાનલ મેં તો એક જ ચિનગારી માંગી છે! જેના થકી આ બધા જ પ્રશ્નો હલ થઈ જશે. કેટલું અલગ પ્રકારનું કલ્પન છે કવિનું, આપણી તો તાકાત પણ નથી તે ભાવને સમજવાની છતાં પણ શક્ય એટલું સરળ કરવાની કોશિશ કરી છે.આવા ઊંચા ગજાના કવિ નાં ચરણોમાં બેસી અને તેનો નિત્ય પાઠ કે પ્રાર્થના કરવાથી, પણ જામગરીમાં જો ચિનગારી અડકી જાય તો જીવન ધન્ય બની જાય, સૌપ્રથમ તો ઈશ્વરને અગ્નિ તરીકે સ્વીકાર્યો એ જ બહુ મોટી વાત છે, પંચતત્વ માં અગ્નિ એ એક તત્વ છે, પરંતુ સામાન્ય રીતે મૃત્યુ સમયે જીવ તેનો અનુભવ કરતા હોય છે. આ સળગવાનો અનુભવ જીવતે જીવ કરવો એ કોઈ સામાન્ય જીવના બસની વાત નથી. આપણી કલ્પના પણ જ્યાં પહોંચે નહીં, અને આપણા શબ્દની તો શું વિસાત, વાતવાતમાં ચાપલૂસી કરવાની જેને ટેવ પડી ગઈ છે,એવા આપણા શબ્દ છે!! તેને બ્રહ્મ કેમ કહેવો! પરંતુ હાલની આ વૈશ્વિક સમસ્યાનું સમાધાન જો પ્રાર્થના કરવાથી મળતું હોય તો આપણી આવી નાની-મોટી સમસ્યાઓ ને આવી ચિનગારી અડકાડી અને બાળીને ભસ્મ કરવામાં જ સૌની ભલાઈ છે. અત્યારે તો ઈશ્વરને એટલે કે મહાનલ કે વિશ્વાનલ ને એક જ પ્રાર્થના છે કે આ ચોમેર ના યુદ્ધ રૂપી સમસ્યાને એક ચિનગારી ચાંપી દે જેથી આ વિશ્વમાં માનવતા બની રહે. તો આપણા સૌ વતી ઈશ્વરના ચરણોમાં આ એવી નફરતને ચીનગારી ચાંપવાની આજે એ એક અનન્ય પ્રાર્થના રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવી પ્રાર્થના સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**જીવનના છેલ્લા દિવસ સુધી રોજના નિયમ પ્રમાણે જપ, સેવા, કીર્તન ચાલુ રહે, જે દિવસે જીવનની સમાપ્તિ, તે દિવસે સેવાની સમાપ્તિ**

# પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો કેમકે ઘણી વખત જ્ઞાનીઓ પણ સાક્ષાત્કાર પછી ભાન ભલ્યા છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**તુકારામજી જેવા સંત પણ કહે છે કે, આ તુકો પાંડુરંગ થઈ ગયો છે, પણ ભજન કરવાની એને એવી આદત પડી ગઈ છે કે એ જતી નથી, એમ આદત પડી જવી જોઇએ, ઈશ્વરનાં દર્શન પછી પણ જપ વગેરે સાધન છોડાય નહીં, સાધ્યની પ્રાપ્તિ થઈ એટલે પછી કેટલાકને સાધન પ્રત્યે ઉપેક્ષા થાય છે, આમ ન બનવા પામે તેની કાળજી રાખજો, સાધન છોડવામાં ભારે જોખમ છે, બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે.**



ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો મન દગાખોર છે, કપટી છે. રૂપાળી દલીલો કરતાં તેને આવડે છે. તેની દલીલોમાં ફસાશો નહીં. અરે ખુદ ભગવાન કદાચ તમને કહે છે કે, મારા નામનો જપ કરવાની જરૂર નથી, સેવા કરવાની જરૂર નથી તો ભગવાનનેય કહી દેજો કે મારાથી તમારી આજ્ઞા નહીં પળાય. જીવનના છેલ્લા દિવસ સુધી સેવા બરાબર કરવાની છે. જીવનના છેલ્લા દિવસ સુધી રોજના નિયમ પ્રમાણે જપ, સેવા, કીર્તન ચાલુ રહે. જે દિવસે જીવનની સમાપ્તિ, તે દિવસે સેવાની સમાપ્તિ. મનુષ્ય સાધના કરે છે. સાધના કરતાં થોડી સિદ્ધિ મળે છે. સિદ્ધિ મળે એટલે પ્રસિદ્ધિ મળે છે, પ્રસિદ્ધિ મળે એટલે લોકો પાછળ પડે છે એટલે અભિમાન આવે છે. અભિમાન આવે એટલે તેનું પતન થાય છે. કેટલીક વખત સાધુઓને બગાડ નાર તેમના ચેલા હોય છે. ચેલાઓની જમાત, બાપજી.. બાપજી કરે એટલે સાધુમાં હુંપણું આવે. પછી કહે કે હું તો મનથી સેવા કરું છું, હું સિદ્ધ છું.પણ મનમાં દંભ પેઠો, અભિમાન પેઠું, કીર્તિની લાલસા પેઠી એનું શું? ખાડામાં પડેલો માણસ શું પહાડ પર બેઠો છું એમ માને એથી શું? તુકારામજી જેવા સંત પણ કહે છે કે, આ તુકો પાંડુરંગ થઈ ગયો છે, પણ ભજન કરવાની એને એવી આદત પડી ગઈ છે કે એ જતી નથી. એમ આદત પડી જવી જોઈએ. ઈશ્વરનાં દર્શન પછી પણ જપ વગેરે સાધન છોડાય નહીં. સાધ્યની પ્રાપ્તિ થઈ એટલે પછી કેટલાકને સાધન પ્રત્યે ઉપેક્ષા થાય છે. આમ ન બનવા પામે તેની કાળજી રાખજો.સાધન છોડવામાં ભારે જોખમ છે. બળવાન હાથીને પણ અંકુશની જરૂર છે,તેમ મનને પણ અંકુશમાં રાખવા માટેનું સાધન છે ભજન. ભજનમાં દૈન્યભાવ જરૂરનો છે. સર્વ સાધન કરે પણ જેને સાધનનું અભિમાન નથી તેમાં ધન છે. દીનતાથી ભક્તિ દૃઢ થાય છે. આટલા આત્મ સમર્પણવાળી ગોપીને પણ અભિમાન થાય છે કે, અમે બધું ત્યજીને આવીએ છીએ એટલે કે સાધકે સાવધાન રહેવાની જરૂર છે.જેને બહુ માન મળે તેના માં અભિમાન આવે છે. ગોપીઓને અભિમાન થયું કે શ્રી કૃષ્ણ ભગવાને અમારો ત્યાગ જોઈ અમને માન આપ્યું અને અમને અપનાવી. ગોપીઓને લાગ્યું કે, ભગવાન ઉપર ઉપરથીના પાડતા હતા. બાકી અમારા સ્વરૂપમાં તે આસક્ત છે. ગોપી ઓમાં આવો લૌકિકભાવ જાગ્યો, આવું અભિમાન થયું તે સમયે પરમાત્મા ત્યાંથી અંતર્ધ્યાન થઈ જાય છે. ગોપીઓનું આ અભિમાન દૂર કરવા શ્રીકૃષ્ણ ત્યાંથી અદશ્ય થયા. ભગવાન તો વ્યાપક છે, સર્વત્ર છે, તે અંતર્ધ્યાન થઈ શકે નહીં. અંતર્ધ્યાન થયા એનો અર્થ એટલો જ છે કે અભિમાનરૂપી પડદો આંખ ઉપર આવ્યો એટલે ભગવાન દેખાતા નથી.ગોપીને એટલે જીવને અભિમાન થયું તેથી સખીઓને શ્રીકૃષ્ણ દેખાતા નથી. ભગવાને તે સમયે પીતાંબરથી લાજ કાઢી છે. ગોપીઓ માને છે કે આ તો અમારામાંની એક છે, એટલે ઓળખી શકાતી નથી. શ્રીકૃષ્ણ પરમાત્મા તો વ્યાપક છે. ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, પણ એમને અંદર શોધવાના છે.ભગવાનને હૃદયમાં જ શોધવા ના છે,પણ અજ્ઞાનને લીધે એ સૂઝતું નથી. દશ પંડિતો વિદ્યાભ્યાસ કરવા ગયેલા. રસ્તામાં એક નદી આવી, નદી ઓળંગીને બધા સામે પાર આવ્યા. ત્યાં તેઓને લાગ્યું કે, આપણામાંનો કોઈ રહી ગયો તો નથી ને? એટલે તેઓએ ગણતરી શરૂ કરી. એક પછી એક પંડિત સંખ્યા ગણે. પણ પોતાને તેમાં ગણે નહીં, એટલે સંખ્યા દશને બદલે નવ થયા.હાય, હાય દશમો ગયો કયાં? નક્કી નદીમાં તણાઈ ગયો.એમ માની પંડિતો રડવા લાગ્યા.એક મહાત્મા ત્યાંથી પસાર થયા.પંડિતોને રડવાનું કારણ પૂછયું પંડિતોએ પોતાની મૂંઝવણ રજૂ કરી.મહાત્માએ એમનો ભ્રમ ભાંગ્યો. અજ્ઞાનને લીધે જીવ પોતાને ગણતો નથી. જ્ઞાનીએ પૂરાં દશ ગણી બતાવ્યા. સંખ્યા પૂરી દશ તો હતી જ, પણ અજ્ઞાનને લીધે દશ દેખાતા ન હતા. એટલે કે અજ્ઞાનને લીધે જ દેખાતું નથી તે જ્ઞાનથી દેખાવા લાગે છે. આ પ્રસંગ સૂચવે છેકે પરમાત્માનો સાક્ષાત્કાર થયા પછી પણ સાવધ રહેજો.ઘણી વખત જ્ઞાનીઓ પણ સાક્ષાત્કાર પછી ભાન ભલ્યા છે. કારણ સિદ્ધિઓ મળે એટલે પ્રતિષ્ઠા વધે એટલે મનુષ્ય સાધન છોડે છે.સાધન છોડે છેને ઈશ્વર થી વિમુખ થાય છે. પરમાત્માની અનુભૂતિ થયા પછી પણ માનવ સાધન છોડે તો તે પડે છે. પુંડલિકની માતા પિતા પ્રત્યેની ભક્તિ જોઈ, દ્વારિકાનાથને પણ તેનાં દર્શન કરવાની ઈચ્છા થઈ. દ્વારિકાનાથ દ્વારિકાથી પંઢરપુર આવ્યા. માતાપિતા કુષ્ઠરોગથી પિડાતા હતા, તો પણ પુંડલિક તેઓની સેવા કરે છે. કોઈ વખત માતાપિતા સ્વભાવને કારણે ગુસ્સો કરે છે છતાં પણ પુંડલિક નમ્રતાથી સેવા કરે છે. ભગવાન પુંડલિકની ઝૂંપડી ના દ્વાર પાસે આવી ઊભા. ભગવાન કહે, પુંડલિક, હું તને દર્શન આપવા આવ્યા છું. તારી માતાપિતાની સેવાથી હું પ્રસન્ન થયો છું. ત્યારે પુંડલિક ભગવાનને મળવા દોડી જવાને બદલે ભગવાનને કહે છે,હું મારાં માતા પિતાની સેવામાં રોકાયેલો છું, અને ઝૂંપડીમાં જગ્યા નથી,આપ બહાર ઊભા રહો? મારાં માતા પિતાની સેવાથી પરવારી હું બહાર આવું છું. પુંડલિકે વિચાર કર્યો કે, મને ભગવાન મળ્યા તે માતાપિતાની સેવાથી મળ્યા. એટલે શ્રેષ્ઠ કોણ? માતા પિતા કે ભગવાન? એણે તરત નિર્ણય કરી લીધો, ને માતા પિતાની સેવાને જ વળગી રહ્યો. પુંડલિકનું કહેવું એ જ છે કે સાધન હાથમાં છે તો સાધ્ય કયાં જવાનું છે? માટે સુખ-સંપત્તિ મળે તો પણ ભગવાનનું ભજન છોડશો નહીં. ભક્ત ભગવાનને કહી શકે છે, બહાર ઊભા રહો. ભગવાનને ઊભા રહેવા પુંડલિકે એક ઈંટ ફેંકી. બહાર ભગવાન ઈંટ ઉપર ઊભા રહ્યા. પુંડલિકને આવતાં સમય થયો, ભગવાન થાક્યા એટલે કેડઉપર હાથરાખ્યા તે સૂચવે છે કે કેડપૂર જળમાં કોઈ ડૂબે નહીં, જે મારાં ચરણનો આશ્રય કરે તેને માટે સંસાર આટલો જ ઊંડો છે. કેડ સમાણો! બાકી તો ઘણા આ સંસાર-સાગરમાં ડૂબી ગયા છે. તેઓનો પત્તો પણ નથી. પુંડલિક માતા પિતાની સેવા કરીને પછી બહાર આવે છે. પુંડલિકને પ્રત્યક્ષ પરમાત્મા મળ્યા તો પણ માતાપિતાની સેવા છોડી ને ભગવાનને મળવા ગયા નથી એટલે કે એણે સાધન છોડયું નથી. સાધન છૂટશે તો ભગવાન અંત ર્ધ્યાન થશે,અદ્દશ્ય થશે. પુંડલિકની જેમ સાધ્ય મળે, તો પણ સાધન છોડશો નહીં. રાસમાં ગોપીઓને અભિમાન થયું તેથી ભગવાન અદ્દશ્ય થયા. સ્ત્રીથી, કપડાંથી, ધનથી આનંદ મળે તો તેના વિયોગથી તમને દુ:ખ થશે.તમારો આનંદ કોઈને આધીન હશે, તો તે દુ:ખ આપશે જ. માટે દુ:ખી ન થવું હોય તો અંતર્મુખદૃષ્ટિ કરી પરમાત્માને હૃદયમાં નિહાળો ફક્ત એક ભગવાન આનંદરૂપ છે. બાકી આ જગત તો દુ:ખરૂપ છે, ને અનિત્ય છે. અભિમાન પ્રભુ આડે પડદો ઊભો કરે છે. અભિમાન જાગે ત્યારે જ સાધનમાં ઉપેક્ષા જાગે છે, ને પછી પતન થાય છે. ભગવાન ત્યાં જ હતા પણ ગોપી ઓને દેખાતા નથી. અંતર્ધ્યાન થયા એટલે શ્રીકૃષ્ણે ગોપીઓના હૃદય માં પ્રવેશ કર્યો પણ હૃદયમાં શોધવાને બદલે શ્રીકૃષ્ણને બહાર શોધવા લાગી એટલે શ્રીકૃષ્ણ ન દેખાયા. ઈશ્વર સર્વના હૃદયમાં છે, છતાં તે દેખાતા નથી.જીવ ભગવાન સન્મુખ ન આવે ત્યાં સુધી ભગવાન તેની સુધ લેતા નથી. ભગવાન કહે છે, હું તો જીવ ને અપનાવવા તૈયાર છું, પણ તે મારી સન્મુખ, મારી પાસે આવે ત્યારે હું તેને અપનાવું ને! ગોપીઓ શ્રીકૃષ્ણને બહાર શોધે છે, અંદર શોધતી નથી તેમ જીવ પણ આનંદ બહાર શોધે છે, અંદર નહીં એટલે એને આનંદ મળતો નથી. તમારો આનંદ બીજી ચીજ પર આધારિત ન હોવો જોઈએ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત.

### તેણે પીડા અને વેદનાને કારણે આ નિર્ણય લીધો છે

# એઆર રહેમાન અને સાયરાના થશે તલાક

ઓસ્કાર વિજેતા સંગીતકાર એઆર રહેમાન લગ્નના ૨૯ વર્ષ બાદ પત્ની સાયરા બાનુથી અલગ થવા જઈ રહ્યા છે. રહેમાન અને સાયરાના વકીલે સાર્વજનિક નિવેદન બહાર પાડ્યું છે. જેમાં જણાવ્યું છે કે, દંપતીએ તલાક લેવાનો નિર્ણય લીધો છે. પત્નીના કહેવા પ્રમાણે, તે આ સંબંધમાં ઘણી પીડામાંથી પસાર થઈ રહી હતી, જેને સંભાળવી તેના માટે ખૂબ મુશ્કેલ બની ગઈ છે. તેથી તેણે સંબંધ તોડવાનું નક્કી કર્યું છે.એઆર રહેમાનના ચાહકો માટે આ આંચકાજનક સમાચાર છે. જાહેર નોંધ મુજબ, દંપતીનો અલગ થવાનો નિર્ણય અચાનક લેવાયેલો નિર્ણય નથી. સાયરા લાંબા સમયના વિચાર અને સમજણ બાદ આ નિષ્કર્ષ પર પહોંચી છે. તેણીએ તેની પ્રેસ રિલીઝમાં કહ્યું છે કે તે હવે સંબંધોને બચાવી શકશે નહીં.અખબારી યાદીમાં લખ્યું હતું - લગ્નના ઘણા વર્ષો પછી શ્રીમતી સાયરાએ તેમના પતિ શ્રી એ.આર. રહેમાનથી અલગ થવાનો મુશ્કેલ નિર્ણય લીધો છે. આ નિર્ણય તેમના સંબંધોમાં નોંધપાત્ર ભાવનાત્મક તણાવ પછી લેવાયો છે.



એકબીજા પ્રત્યેના ઊંડો પ્રેમ હોવા છતાં, તણાવ અને મુશ્કેલીઓએ તેમની વચ્ચે દરાર પાડી દીધી છે જેને કોઈ પણ પક્ષ હાલના સમયે ઓછી કરી શકવામાં સક્ષમ નથી. શ્રીમતી સાયરાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે તેણે પીડા અને વેદનાને કારણે આ નિર્ણય લીધો છે. સાયરા આ પડકારજનક સમયમાં લોકો પાસેથી ગોપનીયતા અને સમજણની વિનંતી કરે છે, કારણ કે તે તેના જીવનના આ મુશ્કેલ પ્રકરણમાંથી પસાર થઈ રહી છે.એઆર રહેમાન અને સાયરાના લગ્ન ૧૯૯૫માં થયા હતા. દંપતીને ત્રણ બાળકો છે - ખતિજા, રહીમા, આમીન. સંગીતકારે કહ્યું હતું કે આ સંબંધ તેની માતાએ નક્કી કર્યો હતો. બંને વચ્ચે ઘણા બધા સાંસ્કૃતિક તફાવત હતા પરંતુ તેમ છતાં તેઓ પોતાના સંબંધોને સારી રીતે જાળવી રહ્યા હતા. સિમી ગ્રેવાલને આપેલા ઈન્ટરવ્યુમાં રહેમાને કહ્યું હતું કે- સાચું કહું તો મારી પાસે દુલ્હન શોધવાનો સમય નહોતો. પરંતુ, મને ખબર હતી કે મારા માટે લગ્ન કરવાનો આ યોગ્ય સમય છે. હું ૨૯ વર્ષનો હતો અને મેં મારી માતાને કહ્યું, ‘મારા માટે કન્યા શોધો.’

# અસિત મોદી સાથેની લડાઈ પર દિલીપ જોશી(જેઠાલાલ ગડા)એ તોડ્યું મૌન

ટીવીની લોકપ્રિય કોમેડી સીરીયલ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા વિવાદોમાં ઘેરાયેલી છે. આ શો સાથે જોડાયેલા સ્ટાર્સ પણ એક પછી એક તેનાથી દૂર થઈ રહ્યા છે. ગઈકાલે એવી માહિતી મળી હતી કે જેઠાલાલની ભૂમિકા ભજવનાર દિલીપ જોષીએ નિર્માતા અસિત મોદી સાથે ઝઘડો કર્યો હતો. આ માહિતી પર પોતાનું મૌન તોડતા અભિનેતાએ પ્રતિક્રિયા આપી છે.શોની સ્ટાર કાસ્ટની અસિત મોદી સાથેની ચર્ચાને લગતી વાતો અવારનવાર ચર્ચામાં રહે છે. દિલીપ જોશી સાથેનો તેમનો વિવાદ પણ ચર્ચામાં આવ્યો હતો કારણ કે તે ૧૬ વર્ષથી આ સિરિયલનો ભાગ છે. લોકપ્રિય ટીવી અભિનેતા દિલીપ જોશીએ નિવેદન જારી કરીને સત્યનો પર્દાફાશ કર્યો છે.હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ જેઠાલાલનું પાત્ર ભજવતા દિલીપે એક નિવેદન જાહેર કર્યું છે. તેણે કહ્યું, ‘હું બધી અફવાઓ વિશે બધું સાફ કરવા માંગુ છું. મારા અને અસિત ભાઈ વિશે એવી કેટલીક વાતો ચાલી રહી છે, જેમાં કોઈ સત્ય નથી. આવી ઘટનાઓ બનતી જોઈને મને ખૂબ દુઃખ થાય છે. આના જેવું કંઈક વિશે નકારાત્મકતા ફેલાવવી એ નિરાશાજનક છે. જેણે આટલા વર્ષોથી દર્શકોને ખુશીઓ આપી છે અને જ્યારે પણ તેના સંબંધિત અફવાઓ ઉડતી રહે છે, ત્યારે એવું લાગે છે કે આપણે સતત સમજાવીએ છીએ કે તે સંપૂર્ણપણે ખોટી છે. તે કંટાળાજનક છે કારણ કે તે ફક્ત આપણા વિશે નથી, તે બધા દર્શકો અને ચાહકો વિશે છે જે શોને પસંદ કરે છે. દિલીપ જોશીએ નિવેદનમાં સ્પષ્ટ કર્યું છે કે તેમની અને અસિત મોદી વચ્ચે કોઈ લડાઈ નથી. જેઠાલાલની ભૂમિકા નિભાવી રહેલા અભિનેતાને લઈને પણ વિવિધ દાવાઓ કરવામાં આવે છે. આ અંગે પ્રતિક્રિયા આપતા તેણે કહ્યું કે મારા શો છોડવાની અફવાઓ ચાલી રહી છે, જે તદ્દન ખોટી છે. હવે એવું લાગે છે કે શો અને અસિત ભાઈને બદનામ કરવા માટે અલગ-અલગ વાર્તાઓ બનાવવામાં આવી રહી છે. હું મદદ કરી શકતો નથી પરંતુ આશ્ચર્ય થાય છે કે શા માટે કેટલાક લોકો શોની સફળતાથી ઈર્ષ્યા અનુભવે છે. દિલીપ જોષીએ અંતમાં કહ્યું કે, હું આટલા લાંબા સમયથી સિરિયલનો ભાગ છું અને આગળ પણ તેનો ભાગ બનીશ.



### પોતાને બાથરૂમમાં બંધ કરીને ખૂબ રડતો હતો

# શાહરૂખે યાદ કર્યા સંઘર્ષના દિવસો

સુપરસ્ટાર શાહરૂખ ખાન દેશમાં જેટલો લોકપ્રિય છે તેટલા જ વિદેશમાં તેના ચાહકો પણ છે. વિદેશમાં પણ શાહરૂખ ખાનની ફેન ફોલોઈંગ ઘણી મોટી છે. તેની ફિલ્મો, રમૂજ અને શૈલીના લાખો ચાહકો છે. શાહરૂખની સ્ટાઈલના દરેક લોકો દિવાના છે. હવે ફરી એકવાર કિંગ ખાને તેની આ જ સ્ટાઈલથી આંતરરાષ્ટ્રીય મંચ પર પોતાની ઓળખ બનાવી છે. શાહરૂખે દુબઈ એક્ઝિબિશન સેન્ટર એક્સ્પો સિટી ખાતે ગ્લોબલ ળેઈટ સમિટમાં ભાગ લીધો હતો, જ્યાં તે તેના સ્ટારડમથી લઈને બિઝનેસ સુધીના મુદ્દાઓ પર ચર્ચા કરતો જોવા મળ્યો હતો. આ દરમિયાન, તેણે તેની તે ફિલ્મોની પણ ચર્ચા કરી જે બોક્સ ઓફિસ પર સારી ન ચાલી.આ ઈવેન્ટમાં શાહરૂખ ખાને ગેસ્ટ તરીકે હાજરી આપી હતી. કિંગ ખાને પોતાના કરિયરમાં ૧૦૦થી વધુ ફિલ્મો કરી છે. મોડરેટર સાથે વાત કરતી વખતે, શાહરૂખે માત્ર તેના સ્ટારડમ વિશે જ નહીં પરંતુ તેની નિષ્ફળતા વિશે પણ વાત કરી અને જણાવ્યું કે તેણે તેનો સામનો કેવી રીતે કર્યો.લોકોને તેમની નિષ્ફળતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે આત્મમંથન કરવાની વિનંતી કરતા શાહરૂખ ખાને કહ્યું- ‘જ્યારે તમે નિષ્ફળ થાઓ છો, ત્યારે તમારે એવું ન માનવું જોઈએ કે તમારી પ્રોડક્ટ અથવા સેવા અથવા કાર્ય ખોટું થયું છે. કદાચ તમે જે ઈકોસિસ્ટમમાં કામ કરી રહ્યા હતા તેને તમે ગેરસમજ કરી હતી. તમારે સમજવું પડશે કે લોકો કેવી પ્રતિક્રિયા આપી રહ્યા છે. જો હું જે લોકોને સેવા આપું છું તેમનામાં હું લાગણીઓ પેદા કરી શકતો નથી, તો મારું પ્રોડક્ટ ગમે તેટલું અદ્ભુત હોય તે કામ કરશે નહીં.’જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તે ક્યારેક તેના કામની ટીકા કરે છે, તો શાહરૂખ ખાને જવાબ આપ્યો- ‘હા, હું છું. મને આ રીતે અનુભવવું નફરત છે, પરંતુ હું મારા બાથરૂમમાં ખૂબ રડતો હતો. મેં તે કોઈને બતાવ્યું નથી. તમારે માનવું જોઈએ કે દુનિયા તમારી વિરુદ્ધ નથી.



# ‘બેબી જોન’માં વરુણ ધવનનો સ્વેગ, મેરે જૈસે બહોત આયે હોંગે

વરુણ ધવન ફરી ઈન્ટેન્સ રોલ કરતો જોવા મળશે, તેની સિરીઝ ‘સિટાડેલ’ અને ફિલ્મ ‘બેબી જોન’ની ખાસ રાહ જોવાઈ રહી છે. એટલી સાથેની તેની ફિલ્મ ‘બેબી જોન’નો ટેસ્ટર કટ સોમવારે લોંચ કરવામાં આવ્યો હતો. આ ફિલ્મ એક્શન ડ્રામાથી ભરપુર છે. જે અટલી અને વિદય દેવરકોંડાની ફિલ્મ ‘થેરી’ની હિન્દી રિમેક છે. વરુણની એક એવા પોલિસ ઓફિસર તરીકે એન્ટ્રી થાય છે, જે ટોળાના હુમલાનો શિકાર બન્યો હોય છે આ ફિલ્મમાં વરુણ એક સિંગલ ફાધરનો રોલ કરી રહ્યો છે, તેની સાથે આ ફિલ્મમાં કિર્તી સુરેશ અને વામિકા ગબ્બી પણ મહત્વના રોલમાં છે.આ ટીઝર એક બાળકના વોઈસઓવરથી શરૂ થાય છે, જે આ ફિલ્મમાં વરુણની દિકરીનો રોલ કરે છે. વરુણની એક એવા પોલિસ ઓફિસર તરીકે એન્ટ્રી થાય છે, જે ટોળાના હુમલાનો શિકાર બન્યો હોય છે. આ ફિલ્મમાં વરુણ એક તરફ દિકરી માટે રસોડામાં જમવાનું બનાવે છે, બીજી તરફ ગુંડાઓ સામે લડે છે. સાથે જ આ એક મસાલા ફિલ્મ છે, જેમાં વરુણ ‘મેરે જૈસે બહોત આયે હોંગે, મેં પહેલી બાર આયા હું.’ તે ઉપરાંત ટીઝરમાં એવું પણ જોવા મળે છે કે આ ફિલ્મમાં કિર્તિ સુરેશ દુલ્હન તરીકે જોવા મળશે. મહત્વની વાત એ છે કે આ ફિલ્મમાં ઘણા લાંબા સમય પછી જેકી શ્રોફ બબ્બર શેર નામના એક ક્રુર વિલન તરીકે જોવા મળશે. વામિકા ગબ્બીની પણ ટીઝરમાં એક ઝલક જોવા મળે છે.

# બે વર્ષ બાદ કર્યો ખુલાસો કર્યો લકવાના કારણે અવાજ ગુમાવ્યો

સોનમ કપૂર અભિનીત નીરજામાં અભિનય કરનારા અને હીટ સિંગર શેખર રવજિયાની છેલ્લા કેટલાક વર્ષથી ઈન્ડસ્ટ્રીમાંથી ગુમ થયા હતા. જેની પાછળનું કારણ જાણી તેમના ચાહકો ચોંકી ઉઠ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઈન્સ્ટાગ્રામ પર પોતાની સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાનો પ્રથમ વખત ખુલાસો કરતાં સૌ કોઈ ભાવુક થયા હતા. સોશિયલ મીડિયા પર રવજિયાનીએ લખ્યું હતું કે, ‘અગાઉ ક્યારેય ન કરેલી વાત હું આજે કરવા જઈ રહ્યો છું. મેં બે વર્ષ પહેલાં કોવિડ બાદ લકવો થઈ જતાં મારો અવાજ ગુમાવ્યો હતો. રવજિયાણીએ પોતાના અનેક સુમધુર ગીતોથી ચાહકોને મંત્રમુગ્ધ કર્યા હતાં. તુઝે ભુલા દિયા, બિન તેરે અને મહેરબાન જેવા હિટ ટ્રેક આપ્યાં છે. આ સિવાય ઘણા ગીતો માટે મ્યુઝિક પણ કમ્પોઝ કર્યા છે.’શેખર રવજિયાણીએ સારવાર દરમિયાનો અનુભવ રજૂ કરતાં કહ્યું કે, ‘ડો. એરિન વોલ્શ જેમને કોવિડના લીધે હું મળી શક્યો ન હતો. પરંતુ ઝૂમ વીડિયો કોલ મારફત તેમણે મને ખૂબ મદદ કરી. હું રડી પડ્યો હતો જ્યારે મેં તેમને કહ્યું કે, હું ફરીથી ગાવા માંગુ છું. હું ખૂબ જ નિરાશ થઈ ગયો હતો. પરંતુ તેમણે મને વિશ્વાસ અપાવ્યો અને આશાનું કિરણ બતાવ્યું કે, હું ફરી ગાઈ શકીશ.’ પોતાની વ્યથા ઠાલવતાં લખ્યું કે, ‘સારવાર દરમિયાન ખૂબ રડતો અને કર્કશ અવાજમાં બૂમો પાડતો, ગુસ્સો કરતો પરંતુ મારા ડોક્ટર અડગ રહ્યા, તેઓ નિષ્ઠાપૂર્વક સારવાર કરતાં રહ્યા અને થોડા જ સપ્તાહમાં મારો લકવાગ્રસ્ત ડાબો વોકલ કોર્ડ સાજો કરી દીધો. હવે હું સારી રીતે ગાઈ શકું છું. ડો. એરિન વોલ્શ ધરતી પર પરી સમાન છે.’ જે લોકોએ કોવિડ બાદ પોતાનો અવાજ ગુમાવ્યો છે, તેમના માટે એક જ રસ્તો છે કે, તમે પોઝિટિવ રહો અને વિશ્વાસ રાખો. આશાનું કિરણ હંમેશા તમારા મનમાં હોવુ જોઈએ.



### નાઈટ વિથ લેડીઝમાં કાજલ અગ્રવાલ, ડાયના પેન્ટી, રાશા થાડાનીએ રંગ જમાવ્યો

# તમન્નાએ કર્યું આજ કી રાત...નું સેલિબ્રેશન


તમન્ના ભાટિયાએ નજીકની ખાસ સખીઓ સાથે વીકેન્ડની યાદગાર ઉજવણી કરી હતી. તમન્નાએ ‘ગર્લ ગેંગ’ સાથે રાખેલી પાર્ટીમાં ડાન્સ, ડિનર અને મસ્તી સાથે સેલિબ્રેશન થયું હતું. કાજલ અગ્રવાલ, ડાયના પેન્ટી અને રવિનાની દીકરી રાશા થાડાનીએ તમન્ના ભાટિયાની મહેમાનગતિ માણી હતી. પાર્ટીમાં નાચતા-ગાતા સેલ્ફી અને ફોટોગ્રાફ્સ તેમણે ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. સોશિયલ મીડિયા પર શેર કરેલા ફોટોગ્રાફ્સમાં તમન્નાએ પોપ્યુલર ગીત ‘આજ કી રાત...’ને કનેક્ટ કર્યુ હતું. કેપ્શનમાં તમન્નાએ લખ્યુ હતું કે, જ્યારે રવિવારે આજ કી રાત આવી જાય. ‘સ્ત્રી ૨’માં તમન્નાએ પરફોર્મ કરેલું ‘આજ કી રાત’ ખૂબ પોપ્યુલર થયું છે. તમન્નાએ પોતાની ગર્લ ગેંગ સાથે આ ગીતની સફળતાને માણી હતી. કાજલે કોમેન્ટ સેક્શનમાં રવિવારની સાંજને સુપર ફન ઈવનિંગ ગણાવી હતી. ડાયનાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં આ પોસ્ટ શેર કરી હતી અને નાઈટ વિથ ગર્લ્સ તરીકે ઉલ્લેખ કર્યો હતો. તમન્નાની સાથે બોલિવૂડ સેલિબ્રિટીઝે યાદગાર સાંજ માણી હતી અને સોશિયલ મીડિયા પર પોતાના રીએક્શન આપ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ‘સ્ત્રી ૨’માં આજ કી રાત રજૂ કરવાની સાથે તમન્નાએ શમાના કેરેક્ટરમાં એક્સટેન્ટેડ કેમિયો પણ આપ્યો હતો. આ હોરર કોમેડીમાં શ્રદ્ધા કપૂરનો લીડ રોલ હોવા છતાં સૌથી વધુ વખાણ તમન્નાના થયા હતા. આગામી સમયમાં તમન્નાની






ફિલ્મ સિકંદર કા મુકદ્દર આવી રહી છે. ૨૯ નવેમ્બરે નેટફ્લિક્સ પર તેનું સ્ટ્રીમિંગ થવાનું છે.

# દિલજીતનો તેલંગણા સરકારને પડકાર : બધા રાજ્યો દારૂબંધી કરે તો હું તેનો ઉલ્લેખ નહીં કરું



એક્ટર અને પંજાબી સિંગર દિલજીત દોસાંજનો રવિવારે અમદાવાદમાં કોન્સર્ટ યોજાયો હતો. તેના પરફોર્મન્સ દરમિયાન તેણે શરાબ ન પીવા અંગે વાત કરી હતી. ખરેખર હૈદ્રાબાદમાં તેના કોન્સર્ટ પહેલાં તેલંગણા સરકારે તેને નોટીસ મોકલી હતી કે તેણે પોતાના ગીતોમાં શરાબ અંગેનો કોઈ ઉલ્લેખ ન કરવો. ત્યારે દિલજીતે દરેકને દરેક રાજ્યમાં દારૂબંધી અંગે ઝુંબેશ ચલાવવા વિનંતી કરી હતી. દિલજીતે આ સંદર્ભે કહ્યું કે, જો તેઓ ઈચ્છતા હોય કે ગીતોમાં શરાબનો ઉલ્લેખ બંધ થવો જોઈએ તો સરકારે દરેક રાજ્યમાં દારૂબંધી કરવી જોઈએ. આ સાથે દિલજીતે બોલિવૂડના કલાકારોને પણ લપેટમાં લીધાં હતાં, જેઓ શરાબની વિવિધ બ્રાન્ડનો પ્રચાર કરે છે. તેણે કહ્યું, ‘‘ચલો એક ઝુંબેશ શરૂ કરીએ, જો બધા જ રાજ્યો સંપુર્ણ દારૂબંધી જાહેર કરી દે તો હું આજીવન શરાબનો ઉલ્લેખ પણ નહીં કરું. એ શક્ય છે?’’આગળ દિલજીતે એવું પણ કહ્યું કે કોવિડ દરમિયાન શરાબ સિવાયની બધી જ દુકાનો બંધ રહેતી હતી. તમે યુવાનોને મૂર્ખ ન બનાવી શકો. જો તમે સંપુર્ણ પ્રતિબંધ ન મુકી શકતા હોય તો મારો શો હોય એ દિવસે એક દિવસનો ડ્રાય ડે તો જાહેર કરો અને હું શરાબનો ઉલ્લેખ હોય એવું ગીત નહીં ગાઉં. મને ખાલી હેરાનગતિ ન કરશો, હું મારો પ્રોગ્રામ કરું છું અને શાંતિથી ચાલ્યો જાઉં છું. ‘ભૂલભુલૈયા ૩’ની સક્સેસની ઉજવણી કરવા માટે દિલજીતના અમદાવાદના શોમાં કાર્તિક આર્યન પણ જોડાયો હતો. તેમણે બંનેએ ફિલ્મના ટાઈટલ ટ્રેક પર સાથે પર્ફોર્મ પણ કર્યુ હતું. કાર્તિકે તેની આ તસવીરો સોશિયલ મીડિયા પર પણ શેર કરી હતી. ફિલ્મમાં દિલજીત, પિટબુલ અને નીરજ શ્રીધરે આ ગીત એકસાથે ગાયું છે. ત્યારે સ્ટેજ પર દિલજિત દોસાંજ અને કાર્તિક આર્યને આ મોમેન્ટ ઓડિયન્સ માટે રીક્રિએટ કરીને તેમને મજા કરાવી હતી.



અમદાવાદમાં યોજાયેલા દિલજિતના કોન્સર્ટમાં તેની સાથે કાર્તિક આર્યન પણ જોડાયો હતો

# નયનતારાએ ધનુષને દંભી અને ત્રાસવાદી ગણાવ્યો

## બીયોન્ડ ધી ફેરી ટેલ’ની રિલીઝ સાથે જ વિવાદ શરૂ

તમિલ સિનેમાના બે દિગ્ગજ સ્ટાર નયનતારા અને ધનુષ વચ્ચે કેટલાક દિવસથી ચાલી રહેલી ખેંચતાણ વધારે ઉગ્ર બની છે. ઓટીટી પ્લેટફોર્મ પર ૧૮મીએ ડોક્યુમેન્ટ્રી ‘નયનતારાઃ બીયોન્ડ ધી ફેરી ટેલ’ સ્ટ્રીમ થઈ રહી છે. આ ફિલ્મને ધનુષે પ્રોડ્યુસ કરી હતી, જ્યારે ડાયરેક્શન વિજ્ઞેશ સિવાનનું હતું અને લીડ રોલ નયનતારાનો હતો. આ ફિલ્મના શૂટિંગ દરમિયાન નયનતારા અને વિજ્ઞેશ નિકટ આવ્યા હતા અને બાદમાં લગ્ન કર્યા હતા. આ ડોક્યુમેન્ટ્રીમાં એક ફિલ્મના બિહાઈન્ડ ધ સીન્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પોતાની સંમતિ વગર દૃશ્યોનો ઉપયોગ થયો હોવાથી ધનુષે નોટિસ ફટકારી હતી. ધનુષની આ હરકતનો વિરોધ ઉગ્ર વિરોધ કરતાં નયનતારાએ ઓપન લેટર લખ્યો છે, જેમાં ધનુષને દંભી અને ત્રાસવાદી ગણાવવામાં આવ્યો છે. નયનતારા અને વિજ્ઞેશ સિવાન બે વર્ષથી એક ડોક્યુમેન્ટ્રી પર કામ કરતા હતા, જે નયનતારાના જન્મદિન ૧૮ નવેમ્બરથી સ્ટ્રીમ થઈ રહી છે. ડોક્યુમેન્ટ્રી ‘નયનતારાઃ બીયોન્ડ ધી ફેરી ટેલ’ના સ્ટ્રીમિંગ પૂર્વે ધનુષે નયનતારા અને વિજ્ઞેશને નોટિસ ફટકારી હતી. ધનુષે પ્રોડ્યુસ કરેલી ફિલ્મ નાનુમ રાઉડી ધાનના ત્રણ સેકન્ડના ફૂટેજનો ઉપયોગ કરતાં પહેલાં મંજૂરી ન લેવાતા ધનુષે નોટિસ આપી હતી અને સાથે ૧૦ કરોડના વળતરની માગણી કરી હતી. નયનતારાએ ધનુષની આ હરકતનો જડબાતોડ જવાબ આપતાં ઓપન લેટર લખ્યો છે. આ લેટરમાં નયનતારાએ ઉલ્લેખ કર્યો છે કે, ફિલ્મના બિહાઈન્ડ ધ સીન્સના ઉપયોગ માટે નો ઓબજેક્શન સર્ટિફિકેટ મેળવવા તે ધનુષ અને તેની ટીમની પાછળ બે વર્ષ ફરી હતી. નયનતારાએ જણાવ્યું છે કે, જાહેરમાં તે પોતાની નિર્દોષ છબિ ઊભી કરે છે, પરંતુ પોતાની જાહેર છબિ કરતાં તે અડધો પણ નથી. પોતાના ચાહકોને જે સલાહો આપે છે, તેનો અમલ ધનુષ પોતે જ કરતો નથી. હકીકતમાં ધનુષ દંભી, ઘમંડી અને ત્રાસવાદી જેવો માણસ છે. ધનુષે પ્રોડ્યુસ કરેલી ‘નાનુમ રાઉડી ધાન’ની સફળતા બાદ નયનતારાની કરિયરને વેગ મળ્યો હતો અને તેને અપાર લોકપ્રિયતા મળી હતી. નયનતારા પર બનેલી ડોક્યુમેન્ટ્રીમાં અન્ય કેટલીક ફિલ્મો અને તેના બિહાઈન્ડ ધ સીન્સનો ઉપયોગ કરાયો છે. અન્ય પ્રોડ્યુસરોએ આ દૃશ્યોનો ઉપયોગ કરવા સંમતિ આપી હતી, પરંતુ ધનુષે મંજૂરી આપી ન હતી. ફિલ્મ વર્તુળોમાં ચાલતી ચર્ચા મુજબ, ધનુષ અને નયનતારા વચ્ચે અહમની લડાઈના કારણે આ ઘટના બની છે. આ મામલે આગામી સમયમાં હજુ વધારે વિવાદ થવાની શક્યતા છે.





# ગ્રામીણ મહિલા ખેડૂતો પ્રાકૃતિક ખેતીના પવિત્ર મિશનમાં

## રાજભવનમાં પ્રાકૃતિક કૃષિ સખી મહિલાઓને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું



। (માહિતી) ગાંધીનગર, તા.૨૦ ।

ગ્રામીણ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના પવિત્ર મિશનમાં સક્રિયતાથી સહભાગી થવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અનુરોધ કર્યો છે. ગુજરાતમાં ૧૧,૧૬૦ ગ્રામીણ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિસરની સઘન તાલીમ આપીને તેમને 'પ્રાકૃતિક કૃષિ સખી' તરીકે તૈયાર કરવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ સખી પોતપોતાના ગામમાં અન્ય મહિલાઓને પ્રાકૃતિક કૃષિ કરવાની પ્રેરણા અને પ્રેક્ટિકલ માર્ગદર્શન આપશે.મધ્ય ગુજરાતના ૧૦ જિલ્લાની ૭૦૦ જેટલી પ્રશિક્ષિત પ્રાકૃતિક કૃષિ સખી મહિલાઓને સંબોધતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિ એ પરમાત્માની પ્રકૃતિના પોષણનું અભિયાન છે. પ્રકૃતિના તત્વો પ્રદૂષિત થઈ ગયા છે. રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓના બેફામ ઉપયોગથી ધરતી ઝેરીલી અને બિન ઉપજાઉ બની ગઈ છે. પાણી પ્રદૂષિત અને અપૂરતું છે. હવા લેવા લાયક રહી નથી. ઝેરી તત્વોવાળા અન્નને કારણે સ્વાસ્થ્ય સામે ગંભીર સંકટ સર્જાયું છે, ત્યારે પ્રાકૃતિક ખેતી અનેક સમસ્યાઓનો એકમાત્ર ઉપાય છે. ઈશ્વરીય વ્યવસ્થામાં સહયોગ આપવો એ જ સાચી પૂજા છે.

રાજભવનમાં મહર્ષિ દયાનંદ સભામંડપમાં ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટી, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિમિટેડઅનેએસ.પી.એન.એફ.-સતતપ્રગતિશીલ પ્રાકૃતિક કૃષિ સંગઠનના સંયુક્ત ઉપક્રમે આયોજિત પ્રાકૃતિક કૃષિ સખી પરિસંવાદમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને પ્રોત્સાહન તથા ગુજરાત સરકારના પ્રયત્નોથી ગુજરાતમાં અત્યારે દસ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. પ્રાકૃતિક ખેતી કરવાની સાચી પદ્ધતિ સમજાવતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ખેડૂતો બીજામૃતથી બીજ સંસ્કારિત કરે, જમીનખેડીને તેમાં શરૂઆતમાં એક એકરે ૧૦ ક્વિન્ટલ ઘન જીવામૃત નાખીને જમીન વાવણી માટે તૈયાર કરે, વાવેતર પછી પ્રત્યેક પાણી આપતી વખતે સાથે જીવામૃત આપે, દર ૧૫ દિવસે એક વખત જીવામૃતનો સ્પ્રે કરે, જીવાત દેખાય તો ત્યાં જરૂર પ્રમાણે નીમાસ્ત્ર, અગ્નિઅસ્ત્ર, સૂંઠાસ્ત્ર, દશપર્ણી અર્ક જેવા પ્રાકૃતિક નિયંત્રણ પદાર્થોનો ઉપયોગ કરે અને આચ્છાદન તથા એકી સાથે અનેક પાક (મલ્ટી ક્રોપ) લેવાની પદ્ધતિ અપનાવે. જો આ પાંચ આયામો પ્રમાણિકતાપૂર્વક અપનાવીને પ્રાકૃતિક ખેતી કરવામાં આવે તો ખેત ઉત્પાદન અચૂક વધશે અને ખેતી ખર્ચ પણ સાવ નહિવત્ થઈ જશે. ખેડૂતો પોતાના ખેતરમાં થોડા ભાગમાં પણ પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરે એવી રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અપીલ કરી હતી.

રાજયપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, જે ધરતી મા આપણને ભોજન આપે છે તેને આપણે યુરિયા, ડીએપી અને જંતુનાશક દવાઓ નાખીને ઝેરી બનાવી દીધી છે. ફળ, શાકભાજી, અનાજ, દૂધમાં પણ યુરિયા આવી ગયું છે. એટલે, લોકો બીમાર બની રહ્યા છે. આ બધાથી બચવા માટે આપણે ખેતી પદ્ધતિ બદલવી પડશે, પ્રાકૃતિક ખેતી જ અપનાવી પડશે. પાણીના સ્તર સતત નીચે જઈ રહ્યા છે. પાણીની સાથે સાથે આપણે હવાને પણ એટલી જ પ્રદૂષિત કરી છે. આપણે જમ્યા વગર ચાર પાંચ દિવસ જીવી શકીશું, પરંતુ હવા વગર પાંચ મિનિટ પણ નહીં ચાલે. આપણે માનીએ છીએ કે, હવામાં રહેલો કાર્બન ડાયોક્સાઈડ વાતાવરણનો સૌથી ખરાબ વાયુ છે.

# દેવગઢ બારીઆ તાલુકાના આરોગ્ય કર્મચારી સમય પહેલા જ વહેલા ઘરે જવા રવાના થઈ જાય છે

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૦ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકા માં ૧૧ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલા છે જેમાં દરેક ગામ માં આરોગ્ય ની સુવિધા મળી રહે તે માટે તાલુકા ના તમામ ગામો માં સ્થાનિક પ્રજા ને નાની મોટી બીમારી માં સારવાર મળી રહે તે માટે સરકાર દ્વારા આરોગ્ય કર્મચારીમાં MPHW FHW CHO જેવા આરોગ્ય કર્મચારીઓ ની નિમણુક કરેલ છે જેમાં આ ત્રણેય કેડર ના કર્મચારીઓ ગ્રામ્ય વિસ્તાર ના ગરીબ લોકો ને તથા સગર્ભા માતા ને સારવાર મળે તે હેતુ થી દરેક ગામ આરોગ્ય સબ સેન્ટર ખોલવા માં આવેલ છે જેમાં આ કર્મચારીઓ પોતાની મરજી થી નોકરી કરતા હોય તેવું જાણવા મળેલ છે અને તેઓ પોતા ના સબ સેન્ટર માં હાજર સમયસર રહેતા નથી અને સવાર માં મોઢા જવા નું અને એક બે કલાક નોકરી કરી પરત આવી જવા નું જો આવી જ રીતે નોકરીઓ થશે તો ગરીબ પ્રજા માટે જે સરકારે આરોગ્ય ની સારવાર માટે ગામેગામ કેન્દ્ર ખોલવા માં આવેલ છે તેમાં સારવાર કેવી રીતે મળશે જ્યારે સરકાર ના નિયમ મુજબ પોતા ના હેડ ક્વાટર પર જ રહેવા નું હોય છે ૨૪ કલાક પરંતુ એક પણ આરોગ્ય કર્મચારી પોતા ના સબ સેન્ટર પર હાજર હોતો નથી જેના કારણે નાની નાની બીમારી માટે ગરીબ પ્રજા ક્યાં જાય અને તેના પ્રાઈવેટ દવાખાના માં રૂપિયા ખર્ચી સારવાર કરાવવા માટે મજબૂર બને છે પ્રજા..

# દેવ.બારીઆના મહારાજા જયદીપસિંહજીની ૩૮મી પુણ્યતિથિ નિમિતે વિક્ટરી સર્કલ ખાતે સ્ટેચ્યુનું અનાવરણ કરવામાં આવ્યું

(પ્રતિનિધી)

। દેવગઢ બારીઆ, તા.૨૦ ।



દેવગઢ બારીઆ ના મહારાજા તથા માજી ધારાસભ્ય અને ગોધરા ના માજી સાંસદ શ્રીમંત મહારાજા જયદીપસિંહજી ની ૩૮ મી વાર્ષિક પુણ્યતિથિ નિમિતે દેવગઢ બારીઆના રાજવી પરિવાર ના માજી ધારાસભ્ય અને મહારાજા તુષારસિહબાબા સાહેબ ગજવિજયસિંહ બાબા સાહેબ ઉર્વશિદેવી બાપુરાજ સાહેબ તથા ગ્રામજનો શાળા ના બાળકો હાજર રહી મહારાજા જયદિસિહજી ની મૂર્તિ અનાવરણ કરી તેઓ ને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

# ગુજરાત જનહિતકારી સુશાસનથી પ્રજાકલ્યાણ યોજનાઓ અને કાર્યોમાં ઈનોવેશન તથા ટેક્નોલોજીના સમુચિત ઉપયોગથી દેશનું રોલ મોડલ બન્યું છેઃ મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડો. મોહન યાદવ

## મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને ઉચ્ચ સચિવો ગુજરાત મોડેલની સિદ્ધિઓથી પ્રભાવિત થયા

। (માહિતી) ગાંધીનગર, તા.૨૦ ।



મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી ડૉ. મોહન યાદવના નેતૃત્વમાં મધ્યપ્રદેશ સરકારના વરિષ્ઠ સચિવશ્રીઓનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની દ્વિ દિવસીય મુલાકાતે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાણાં અને ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસ તથા રાજ્ય સરકારના જુદા-જુદા વિભાગોના વરિષ્ઠ સચિવશ્રીઓ સાથે મધ્યપ્રદેશના આ પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજીને ગુજરાતની સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસ મોડલની વિસ્તૃત જાણકારી મેળવી હતી.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી ડૉ. મોહન યાદવે ગુજરાતના આ સર્વસમાવેશી વિકાસના મોડલની પ્રશંસા કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં જનહિતકારી સુશાસનથી પ્રજાકલ્યાણ યોજનાઓ અને કાર્યોમાં ઈનોવેશન તથા ટેક્નોલોજીના સમુચિત ઉપયોગથી દેશનું રોલ મોડલ બન્યું છે.

આ ઉચ્ચ સ્તરિય બેઠકમાં કરવામાં આવેલા વિવિધ પ્રેઝન્ટેશન દ્વારા ગુજરાતે મેડિકલ એજ્યુકેશન ક્ષેત્રે બ્રાઉન ફિલ્ડ અને ગ્રીન ફિલ્ડ મેડિકલ કોલેજીસ, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા સક્ષમતા અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે આત્મનિર્ભરતા, ફાર્માસ્યુટીકલ, બલ્ક ડ્રગ, એમ.એસ.એમ.ઈ. સેક્ટરમાં ગુજરાતની પહેલ રૂપ સિધ્ધિઓ તથા શહેરી વિકાસ યોજનાઓમાં પારદર્શીતા સાથે અદ્યતન સુવિધા સભર ટાઉન પ્લાનીંગ, વિવિધ વિકાસ યોજનાઓનું સેચ્યુરેશન એપ્રોચથી અમલીકરણ તેમજ ઈમર્જીંગ સેક્ટર એવા સેમી કન્ડક્ટર ઉદ્યોગો માટે ક્લસ્ટર ડેવલપમેન્ટ અને માર્ગ વાહન વ્યવહાર જેવા ક્ષેત્રોમાં ગુજરાતના ઈનીશ્યેટીવ્ઝની વિસ્તૃત જાણકારી મેળવીને સુચારુ અમલીકરણની પ્રશંસા કરી હતી. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના આ વિકાસ મોડલ સંદર્ભે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે રાજ્યના સર્વગ્રાહી વિકાસનો જે મજબુત પાયો નાખ્યો છે તેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દ્રષ્ટીવંત નેતૃત્વમાં ટીમ ગુજરાત મક્કમતાપુર્વક નવી ઊંચાઈએ પહોંચાડવા જે પ્રતિબદ્ધતાથી કાર્યરત છે તે અભિનંદનીય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં જણાવ્યું કે, વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના સતત મળી રહેલા માર્ગદર્શનથી ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરવા સક્ષમ બન્યું છે અને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો સંકલ્પ સાકાર કરવા પ્રતિબદ્ધ છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રી ડૉ. મોહન યાદવ અને તેમની સાથેના વરિષ્ઠ સચિવશ્રીઓએ આ બેઠક અગાઉ સી.એમ. ડેશબોર્ડની બહુવિધ ગતિવિધિઓ નિહાળીને રીયલ ટાઈમ મોનીટરીંગ તથા જનસંવાદ કેન્દ્ર દ્વારા ફિડબેક મિકેનીઝમની પણ તલસ્પર્શી જાણકારી મેળવી હતી. ડૉ. મોહન યાદવે ગુજરાતની આ પહેલોને મધ્યપ્રદેશમાં કઈ રીતે લાગુ કરી શકાય તે અંગેની જાણકારી મેળવવામાં પણ રસ દાખવ્યો હતો અને ગુજરાતના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળને આ હેતુસર મધ્યપ્રદેશની મુલાકાત માટે આમંત્રણ આપ્યું હતુ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકના સમાપને મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રીને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યુ હતુ.

# કેન્દ્રીય મંત્રી સ્વતંત્ર દેવ સિંહે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા અધિકારીઓનું સન્માન કર્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦ ।

કેન્દ્રીય જલ શક્તિ મંત્રી સ્વતંત્ર દેવ સિંહે જલ જીવન મિશનમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર ૭૪ અધિકારીઓ અને કર્મચારીઓને સન્માનિત કર્યા છે. આ અધિકારીઓએ ગામના દરેક ઘરમાં નળ કનેક્શન આપવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ દરમિયાન કેન્દ્રીય જલ શક્તિ મંત્રીએ તમને બધાને ગામમાં દરેક ઘરમાં નળ કનેક્શન આપવાનું આહ્વાન કર્યું. તેમણે કહ્યું કે આ કામ ૨૦૨૭ સુધીમાં થઈ જવું જોઈએ.

૨૦૨૭ સુધીમાં રાજ્યનું એક પણ ગામ કે ઘર નળ કનેક્શન વિના ન રહે. તેમણે કહ્યું કે દરેક ઘરમાં નળનું પાણી પહોંચાડવાનું મારું સપનું છે અને આ સપનું તમારે બધાએ પૂરું કરવાનું છે. આ કાર્યક્રમ દરમિયાન જલ શક્તિ રાજ્ય મંત્રી રામકેશ નિષાદ, નમામિ ગંગે અને ગ્રામીણ પાણી પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ અનુરાગ શ્રીવાસ્તવ, રાજ્ય માહિતી કમિશનર પીએન દ્વિવેદી, ગ્રામીણ પાણી પુરવઠા વિભાગના એમડી ડૉ.રાજશેખર, કાર્યકારી નિયામક બ્રિજરાજ સિંહ યાદવ અને અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય જલ શક્તિ મંત્રીએ કહ્યું કે ૨૦૨૨માં જ્યારે તેમને વિભાગની જવાબદારી સોંપવામાં આવી ત્યારે ઉત્તર પ્રદેશ સૌથી નીચેના ક્રમે હતું. પરંતુ અધિકારીઓ અને કર્મચારીઓની કાર્યક્ષમતાને કારણે આજે ઉત્તર પ્રદેશ દેશમાં સૌથી વધુ સંખ્યામાં નળ કનેક્શન આપતું રાજ્ય બન્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથના નેતૃત્વ હેઠળ, ઉત્તર પ્રદેશ નળ કનેક્શન પ્રદાન કરવામાં ટોચના સ્થાને છે. જલ શક્તિ મંત્રીએ જણાવ્યું હતું કે, જલ જીવન મિશનની સમગ્ર ટીમ, એક પરિવારની જેમ કામ કરી રહી છે અને રાજ્યમાં ૨ કરોડ ૨૬ લાખથી વધુ ઘરોમાં નળ કનેક્શન આપ્યા છે. અત્યાર સુધીમાં ૮૬ ટકા ઘરોમાં નળ કનેક્શન આપવામાં આવ્યા છે. ટૂંક સમયમાં આ આંકડો વધારીને ૧૦૦ ટકા સુધી પહોંચાડવાના લક્ષ્ય તરફ કામ કરવું પડશે. કાર્યક્રમ દરમિયાન જલ શક્તિ રાજ્ય મંત્રી રામકેશ નિષાદે કહ્યું કે પહેલા પાણી ટ્રેન દ્વારા બુંદેલખંડ આવતું હતું. હવે દરેક ઘરમાં નળ કનેક્શન આપીને પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. જેના કારણે સ્થાનિક લોકોનું જીવન સુધર્યું છે. નમામી ગંગે અને ગ્રામીણ પાણી પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ, અનુરાગ શ્રીવાસ્તવે જલ જીવન મિશનમાં યુપીની સિદ્ધિઓની ગણના કરી. તેમણે કહ્યું કે મહત્તમ સંખ્યામાં કનેક્શન્સ પ્રદાન કરવાની સાથે, યુપી પણ સમગ્ર દેશમાં સૌથી ઓછા ખર્ચે ડોર-ટુ-ડોર નળ કનેક્શન પ્રદાન કરતું રાજ્ય બન્યું છે. ગ્રામીણ પાણી પુરવઠા વિભાગના એમડી ડૉ. રાજશેખરે જણાવ્યું હતું કે જોડાણો આપવા સાથે, પ્રોજેક્ટને સોલાર આધારિત બનાવવાથી દર વર્ષે વીજળીના બિલમાં કરોડો રૂપિયાની બચત થશે. કાર્યક્રમ દરમિયાન રાજ્ય માહિતી કમિશનર પીએન દ્વિવેદીએ જણાવ્યું હતું કે આ પહેલું સરકારી વિભાગ છે, જે સારું કામ કરનારા કર્મચારીઓનું સન્માન કરી રહ્યું છે. અન્ય વિભાગોએ પણ આ પગલામાંથી પ્રેરણા લેવી જોઈએ. એવોર્ડ મેળવનાર અધિકારીઓએ પણ પોતાના અનુભવો શેર કર્યા હતા. એક સંસ્થાના પ્રતિનિધિએ કહ્યું કે અમે અન્ય રાજ્યોમાં પણ કામ કરીએ છીએ, પરંતુ યુપીમાં સુરક્ષાનું વાતાવરણ બીજે ક્યાંય જોવા મળતું નથી. અહીં સરકારી તંત્ર અને ખાનગી તંત્ર ધ્યેય પ્રાપ્ત કરવા માટે એક પરિવારની જેમ સાથે મળીને કામ કરે છે.

# બિન-હિન્દુ કર્મચારીઓ માટે તિરૂપતિ મંદિર ટ્રસ્ટનો આદેશ

। તિરૂમાલા (આંધ્ર પ્રદેશ), તા.૨૦ ।

આંધ્રપ્રદેશમાં તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) એ સોમવારે એક ઠરાવ પસાર કર્યો, જે બોર્ડમાં કામ કરતા બિન-હિંદુઓને સ્વૈચ્છિક નિવૃત્તિ લેવા અથવા TTD એક સ્વતંત્ર સરકારી ટ્રસ્ટ છે તિરુપતિમાં તિરુમાલા વેંકટેશ્વર મંદિરનું સંચાલન કરે છે. આ વિશ્વનું સૌથી ધનિક હિન્દુ મંદિર છે. ટીટીડીના અધ્યક્ષ બીઆર નાયડુએ આ પ્રસ્તાવ વિશે માહિતી આપી છે, પરંતુ તેમણે બિન-હિંદુ કર્મચારીઓની ચોક્કસ સંખ્યા જણાવવાનો ઈનકાર કર્યો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બોર્ડના ૭,૦૦૦ કાયમી કર્મચારીઓમાં થી લગભગ ૩૦૦ને આ પગલાથી અસર થશે. આ સિવાય TTDમાં લગભગ ૧૪ હજાર એવા કર્મચારીઓ પણ છે જે કોન્ટ્રાક્ટ પર કામ કરી રહ્યા છે. ટ્રસ્ટના પ્રમુખ બીઆર નાયડુએ કહ્યું કે આ નિર્ણયને ઘણા કર્મચારી સંગઠનો તરફથી પણ સમર્થન મળી રહ્યું છે. તેમનું એમ પણ કહેવું છે કે મંદિરનું કામ માત્ર હિન્દુઓએ જ જોવું જોઈએ. વર્ષોથી, TTD એક્ટમાં ત્રણ વખત સુધારો કરવામાં આવ્યો છે, જેમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે મંદિર બોર્ડ અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓમાં માત્ર હિન્દુઓની જ નિમણૂક કરવી જોઈએ. માહિતી અનુસાર, ૧૯૮૯માં જારી કરાયેલા એક સરકારી આદેશમાં એવું પણ કહેવામાં આવ્યું હતું કે TTD પ્રશાસિત પદો પર નિમણૂક માત્ર હિન્દુઓ સુધી જ મર્યાદિત રહેશે. જો કે, આ જોગવાઈઓ હોવા છતાં, બિન-હિન્દુઓ સંગઠનમાં કામ કરવાનું ચાલુ રાખે છે. હાલમાં જ પ્રસાદ તરીકે ચઢાવવામાં આવતા લાડુને લઈને વિવાદ ઉભો થયો હતો. પ્રસાદ વિશે, TDPએ એક અહેવાલ બહાર પાડ્યો હતો કે ઘીના નમૂનામાં 'પ્રાણી ચરબી', 'ચરબી' (ડુક્કરની ચરબી સંબંધિત) અને માછલીનું તેલ હાજર હતું. ટીડીપીએ આ માટે ૯ જુલાઈ, ૨૦૨૪ના રોજ પ્રસાદના નમૂના લીધા હતા અને ૧૬ જુલાઈના રોજ આ અંગેનો રિપોર્ટ જાહેર કર્યો હતો.

# ઝાલોદ નગરમાં ચમત્કાર : રહેણાંક મકાનના મંદિરમાં શિવલિંગ નીકળ્યું

## શિવલિંગ નીકળ્યુંની વાત નગરમાં ચર્ચાતા નગરજનો દર્શનાર્થે ઉમટયા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૦ ।



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ નગરમાં નગરપાલિકાની પાછળ લાલ મેદાનની પાસે એક રહેણાંક મકાન આવેલું છે તે ઘરની બહાર એક મંદિર બનાવેલું છે અને તે મંદિરમાં શિવલિંગની સ્થાપના પૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે કરવામાં આવેલ છે. ઝાલોદ નગરના એક રહેણાંક મકાનમાં રહેતા શાંતાબેન ઘનશ્યામદાસ શાહ ભક્તિભાવ તેમજ ધાર્મિક પ્રવૃત્તિ થી પોતાના પરિવાર સાથે જીવન જીવી રહેલ છે તેઓને અનેક વાર સપનામા શિવલિંગના દર્શન થતાં હતાં એક દિવસ વહેલી સવારે ઉઠયા તો ઘરના દરવાજા પર શાંતાબેનને સજાવટ કરેલ શિવલિંગ જોવા મળેલ હતું. ઘરમાં તેમજ પૂજા પાઠ કરતા મહારાજની સલાહ થી ઘરના આંગણામાં તેઓએ વિધિ વિધાન મુજબ મંદિર બનાવી ત્યાં શિવલિંગની સ્થાપના કરી હતી. આ મંદિર બનાવતા ખોદકામ દરમ્યાન ચાંદીની ખડાઉ, લક્ષ્મી વિષ્ણુની મૂર્તિ તેમજ ભગવાનની છાપ વાળા તાંબાના સિક્કા પણ મળી આવેલ હતા. આ મંદિરમાં અવારનવાર નાગ દેવતા પણ આવે છે અને તે શિવલિંગને લપેટાયેલ રહે છે અને તે નાગ દેવતાના દર્શન પણ અનેક લોકોએ કરેલ છે.

આજરોજ તારીખ ૨૦-૧૧-૨૦૨૪ ના રોજ વહેલી સવારે શાંતાબેનના પુત્ર ઘરે થી નીકળ્યા ત્યારે મંદીર બંધ હતું પણ બહારથી જોતા શિવલિંગ જે પહેલા સ્થાપના કરવામાં આવેલ હતું તે પોતાના મૂળ સ્થાને થી ખસી ગયેલ હતું અને તેની પાસે એક બીજું શિવલિંગ જોવા મળેલ હતું. આ વાતની જાણ શાંતાબેનના પુત્ર એ ઘરમાં કરાતા પરિવારના સહુ સભ્યો જોતા અચંબામા પડી ગયેલ હતા અને ભગવાનના સાક્ષાત ચમત્કારને નમન કરવા લાગ્યા હતા.આ વાત નગરમાં વાયુવેગે પ્રસરતા ભગવાન શિવના સાક્ષાત દર્શન કરવા મોટા પ્રમાણમાં માનવ મહેરામણ ઉમટી પડેલ હતું.આ અંગે પરિવાર જનો સાથે વાત કરતા તેઓએ જણાવ્યું કે અમારી માતા શાંતાબેન નિત્ય શિવજીની પૂજા અર્ચના કરે છે અને તેમના આશીર્વાદ થી જ આવા ચમત્કાર જોવા મળે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. ઝડપથી નાણાં કમાઈ લેવાની ઈચ્છા તમે ધરાવશો. બાળકોને લઈને કેટલીક નિરાશાઓ થશે, કેમ કે તેઓ પોતાની કારકિર્દી પર ધ્યાન આપવાને બદલે અન્ય પ્રવૃત્તિઓ પાછળ વધુ સમય વેડફી રહ્યા છે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો?



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રચનાત્મક કાર્યમાં વાળો.નવરા બેસી રહેવાની તમારી ટેવ તમારી માનસિક શાંતિ માટે જોખમી પુરવાર થઈ શકે છે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. તમારી પત્નીની સિદ્ધિને બિરદાવો અને તેની સફળતા અને સારા ભાગ્યનો આનંદ માણો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે મુશ્કેલીમાં હોય એવી કોઈ વ્યક્તિની મદદ કરવા તમારી ઊર્જાનો ઉપયોગ કરો. યાદ રાખો- આ નાશવંત શરીરનો શો ઉપયોગ જો તેનો તે અન્યોના ભલા માટે ન વાપરીએ. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? તમે જો પાર્ટી કરવાની યોજના ઘડી રહ્યા હો તો તમારા ખાસ મિત્રને જરૂર આમંત્રણ આપજો.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. અન્યોના સૂચનોને સાંભળવા તથા તેના પર અમલ કરવો મહત્વનું સાબિત થાય એવો દિવસ. મોજ-મજા માટે તમે કોઈ ટ્રીપ પર જાવ એવી શક્યતા છે, જે તમારામાં શક્તિનો સંચાર કરશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. જમીન અથવા કોઈ મિલકત માં નિવેશ કરવું તમારા માટે જીવલેણ હોઈ શકે છે જેટલું શક્ય હોય ત્યાં સુધી આ વસ્તુઓ માં નિવેશ કરવા થી બચો. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. તમારો કૉલ લંબાવીને તમે તમારા રૉમેન્ટિક ભાગીદારને ચીડવશો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે. આજે તમે જે વધારાનું જ્ઞાન મેળવશો તે તમારા સાથીઓ સાથે કામ લેવામાં તમારો ગુણવિશેષ સાબિત થશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે. તમારી બારીમાં ફૂલો મૂકી તમારો પ્રેમ દર્શાવો.



**મકર (ખ,જ) :**

આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે? બહેનના લગ્નના સમાચાર તમને ખુશખુશાલ કરી મુકશે.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. ભૂતકાળના રોકાણમાંથી આવકમાં વધારો જોવાય છે. પરિવારમાં તમારો પ્રભુત્વવાળો અભિગમ બદલવાનો સમય પાકી ગયો છે. તેમની સાથે સંપૂર્ણ સહકારપૂર્વક કામ કરી જીવનના ચડાવ-ઉતાર તેમની સાથે શૅર કરો. તમારો બદલાયેલો અભિગમ તેમને અમર્યાદ આનંદ આપશે.




**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. તમારા બાળકોની ચિંતાઓમાં સહકાર આપવો મહત્વનો છે.

## જ્યોર્જટાઉનના ગયાનામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન પર કલાકારો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું






### વધુ સુનાવણી આવતા સપ્તાહે થશે

# જામીન મળ્યા છતાં સ્યોરિટી આપી ન શકનાર કેદીઓ માટે સુપ્રીમ ચિંતિત

### કોર્ટે જાણવા માંગ્યું હતું કે ઇ-પ્રિઝન મોડ્યુલમાં ઉપલબ્ધ માહિતીને આધારે આવા કેસોને શોધી શકાય કે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૦।

સુપ્રીમ કોર્ટે મંગળવારે કોર્ટ દ્વારા રાહત આપવા છતાં જામીન રજૂ કરવામાં નિષ્ફળતાના કારણે કેદીઓ જામીન પર મુક્ત ન થઈ શકતા હોવાના મુદ્દે ચિંતા વ્યક્ત કરી હતી. કોર્ટે જાણવા માંગ્યું હતું કે ઈ-પ્રિઝન મોડ્યુલમાં ઉપલબ્ધ માહિતીને આધારે આવા કેસોને શોધી શકાય કે નહીં. ઈ-પ્રિઝન મોડ્યુલ એક સર્વગ્રાહી જેલ મેનેજમેન્ટ સિસ્ટમ છે. સર્વોચ્ચ અદાલતે અવલોકન કર્યું હતું કે જામીન પૂરા પાડી ન શકતા હોવાથી લોકો જામીન મેળવી શકતા નથી તે મુદ્દાની આપણે વિચારણા કરી છે? ઈ-પ્રિઝન મોડ્યુલને લગતા મુદ્દાઓ પરની રજૂઆતો પર સુનાવણી કરતી વખતે સર્વોચ્ચ અદાલતને આ અવલોકન કર્યું હતું. આ મુદ્દાના ઉકેલ માટે પક્ષકારો વતી વકીલને હાજર રહેવાનું કહેતા કોર્ટે જણાવ્યું હતું કે તેને ઈ-પ્રિઝન મોડ્યુલ સાથે કનેક્શન છે. આ મુદ્દાની પણ વિચારણા કરો. આ મોડ્યુલ પર ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ એવા કિસ્સાઓ શોધવા માટે થઈ શકે છે કે જ્યાં લોકોને જામીન આપવામાં આવ્યા હોય, પરંતુ તેઓએ તેનો લાભ લીધો ન હોય. કોર્ટ સુઓ મોટો કેસને વ્યાપક બનાવશે.

### મહિલાએ સી-સેક્શન દ્વારા બાળકને જન્મ આપ્યો હતો

# ચીનમાં દંપતિને અશ્વેત બાળક જન્મતાં લગ્ન ભંગાણને આરે

### હું ક્યારેય આફ્રિકા ગઈ નથી અને કોઈ અશ્વેત વ્યક્તિને ઓળખતી પણ નથીઃ પત્નીનો દાવો

। (એજન્સી) બીજિંગ, તા.૨૦ ।

નવજાત શિશુનો રંગ કાળો હોવાને કારણે ચીનના એક કપલના લગ્ન તૂટવાના આરે આવી ગયા છે. રિપોર્ટ અનુસાર, જ્યારે બાળકના પિતાએ તેના બાળકની કાળી ત્વચા જોઈ ત્યારે તેણે પોતાની પત્ની પર શંકા વ્યક્ત કરી હતી. પતિએ પત્ની પરની શંકાને લઈને પિતૃત્વ પરીક્ષણની માંગ કરી છે. આ બાબતની માહિતી શાંઘાઈની રહેવાસી ૩૦ વર્ષની મહિલાએ સોશિયલ મીડિયા પર શેર કરી છે. મહિલાએ સી-સેક્શન દ્વારા બાળકને જન્મ આપ્યો હતો. પરંતુ, જ્યારે તેઓએ તેમના બાળકની ચામડીનો રંગ જોયો, ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.પહેલીવાર બાળકને જોયા બાદ પતિને શંકા ગઈ અને તેણે માસૂમ બાળકને પોતાના હાથમાં લેવાની પણ ના પાડી દીધી હતી. બાળકનો કાળો રંગ જોઈને તે ચોંકી ગયો હતો. મહિલા પણ આ બાબતને લઈને પરેશાન છે અને આ કેવી રીતે થયું તે તેની સમજની બહાર છે. તેણે કહ્યું હતું કે તે ક્યારેય આળિકા ગઈ નથી.

### એર ઈન્ડિયાનું વિમાન ટેકનિકલ સમસ્યાને લીધે ઉડ્ડયન કરી શક્યું નહીં

# થાઈલેન્ડમાં એર-ઈન્ડિયાના ૧૦૦ મુસાફરો ૮૦ કલાકથી વધુ સમયથી ફસાયા

### એરલાઈન્સનું કહેવું છે કે મુસાફરોને રોકાવાની સુવિધા અપાઈ છે અને તેમને વળતર પણ આપવામાં આવશે

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૦।

થાઈલેન્ડના ફુકેતમાં ૧૦૦થી વધુ ભારતીય યાત્રીઓ ૮૦ કલાક સુધી ફસાયેલાં રહ્યાં હતાં. આ મુસાફરો એર ઈન્ડિયાની ફ્લાઈટથી દિલ્હી પરત આવી રહ્યા હતા, પરંતુ ટેકનિકલ ખામીને લીધે વિમાન ઉડાણ ભરી શક્યું નહીં. છેલ્લાં અહેવાલ મુજબ ૩૦ મુસાફરો હજુ પણ ભારત પરત ફરવાની રાહ જોઈ રહ્યા છે. તેમને લેવા માટે એર ઈન્ડિયાની ફ્લાઈટની વ્યવસ્થા કરાઈ છે. પ્રાથમિક માહિતી પ્રમાણે દિલ્હી જઈ રહેલી ફ્લાઈટનું ત્રણ વાર ઉડ્ડયન ટળી ગયું હતું. એક વાર ઉડાણ ભર્યાના અઢી કલાકમાં જ વિમાન એરપોર્ટ પર પરત ફર્યું હતું.આ દરમિયાન, મુસાફરોએ સોશિયલ મીડિયા પર પોતાની મુશ્કેલીઓ શેર કરી હતી.

### સેટેલાઇટનું વજન ઇસરોના લોન્ચિંગ વ્હિકલની ક્ષમતા કરતાં વધુ હતુંઃ નિષ્ણાતો


# મસ્કની સ્પેસએક્સે USથી ઇસરોનો સેટેલાઇટ સફળતાપૂર્વક લોન્ચ કર્યો

### વિશ્વના ટોચના બિઝનેસમેન ઇલોન મસ્કની કંપની સ્પેસએક્સે ભારતનો અત્યાધુનિક કમ્યુનિકેશન સેટેલાઇટ GSAT-N2 સફળતાપૂર્વક લોન્ચ કર્યો

। (એજન્સી) બેંગલુરુ, તા.૨૦ ।

વિશ્વના ટોચના બિઝનેસમેન ઈલોન મસ્કની કંપની સ્પેસએક્સે ભારતનો અત્યાધુનિક કમ્યુનિકેશન સેટેલાઈટ GSAT-N2 સફળતા પૂર્વક લોન્ચ કર્યો છે. ઈસરોના કોમર્શિયલ એકમ ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (એનએસઆઈએલ) એ જણાવ્યું હતું કે, અમેરિકાના કેપ કેનાવેરલથી સેટેલાઈટ લોન્ચ કરાયો હતો. કમ્યુનિકેશન સેટેલાઈટને પગલે ભારતમાં બ્રોડબેન્ડ સેવાઓ વધુ સારી બનશે. ઉપરાંત, ફ્લાઈટની અંદર કનેક્ટિવિટી સુધારવામાં પણ મદદ મળશે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર સેટેલાઈટ ૪,૭૦૦ કિગ્રા. હતો, જે ઈસરોની વર્તમાન લોન્ચ ક્ષમતા કરતાં ભારે હોવાથી વિદેશી લોન્ચ વ્હિકલની મદદનો વિકલ્પ પસંદ કરવાની ફરજ પડી હતી. ઈસરોના ભૂતપૂર્વ ચેરમેન કે સિવને જણાવ્યું હતું કે, “સેટેલાઈટ ઈસરોના લોન્ચ વ્હિકલની ક્ષમતા કરતાં ભારે હોવાથી વિદેશી લોન્ચ વ્હિકલની મદદ લેવી પડી હતી.”ફાલ્કન-૯ રોકેટની મદદથી જીસેટ-એનર ને ઈચ્છિત ભ્રમણ કક્ષામાં મુકાયો હતો. ઈસરોની માસ્ટર કંટ્રોલ ફેસિલિટી (એમસીએફ)એ સેટેલાઈટનું નિયંત્રણ મેળવી લીધું છે. પ્રારંભિક ડેટા દર્શાવે છે કે, સેટેલાઈટ યોગ્ય કામગીરી કરી રહ્યો છે. NSILના જણાવ્યા અનુસાર GSAT-N2 હાઈ થ્રુપુટ કમ્યુનિકેશન સેટેલાઈટ છે, જે બ્રોડબેન્ડ સેવાઓ અને ફ્લાઈટની અંદરની કનેક્ટિવિટીમાં સુધારો કરશે. ઉલ્લેખનીય છે કે, GSAT-24 NSILએ લોન્ચ કરેલો પહેલો માંગ આધારિત સેટેલાઈટ હતો. જેને ૨૩ જૂન, ૨૦૨૨ના રોજ ળેન્ચ ગયાનાથી લોન્ચ કરાયો હતો. GSAT-N2ની મિશન લાઈફ ૧૪ વર્ષ છે. તે ૩૨ યુઝર બીમથી સજ્જ છે. જેમાં ઉત્તરપૂર્વ વિસ્તાર માટે આઠ નેરો સ્પોટ બીમ્સ તેમજ ભારતના બાકીના ભાગો માટે ૨૪ વાઈડ સ્પોટ બીમ્સનો સમાવેશ થાય છે. NSILના જણાવ્યા અનુસાર ૩૨ બીમને ભારતમાં સ્થિત હબ સ્ટેશનની મદદ મળશે. GSAT-N2નું સ્પેસક્રાફ્ટ સ્ટ્રક્ચર કાર્બન ફાઈબર રિઈન્ફોર્સ્ડ પોલીમર (સીએફઆપી) પર આધારિત છે. ઉલ્લેખનીય છે કે, ઈસરો છેલ્લા કેટલાક વર્ષથી આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા સ્પેસસેન્ટરથી વિદેશી સેટેલાઈટ પણ લોન્ચ કરી રહ્યું છે.

### સેટેલાઇટ ઇસરોના લોન્ચ વ્હિકલની ક્ષમતા કરતાં ભારે હોવાથી વિદેશી લોન્ચ વ્હિકલની મદદ લેવી પડી હતી


## હિમાચલ હાઈકોર્ટનો હિમાચલ ભવન જપ્ત કરવાનો આદેશ




। (એજન્સી) ચંડીગઢ, તા.૨૦ ।

હિમાચલ પ્રદેશની સુખવિંદર સુખુ સરકારે એક વીજ પ્રોજેક્ટની બાકી લ્હેણાંની રકમ નહીં ચૂકવતા રાજ્યની હાઈકોર્ટે રૂ. ૧૫૦ કરોડની વસૂલાત માટે દિલ્હીમાં આવેલા હિમાચલ ભવનને જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટના જજ અજય મોહન ગોયલે આ આદેશ જારી કરતાં જણાવ્યું હતું કે, દિલ્હીમાં આવેલા હિમાચલ સરકારની માલિકીના હિમાચલ ભવનની હરાજી માટે સેલી હાઈડ્રોપાવર ઈલેક્ટ્રિક કંપની યોગ્ય કાર્યવાહી કરી શકે છે. હિમાચલની કોંગ્રેસ સરકાર માટે આંચકારૂપ એવી આ ઘટનાની વિગતો અનુસાર, રાજ્ય સરકારે લાહૌલ અને સ્પિતિ જિલ્લામાં આવેલી ચિનાબ નદી પર ૩૪૦ મેગાવોટની જળવિદ્યુત પરિયોજના માટે સેલી હાઈડ્રો ઈલેક્ટ્રિક પાવર કંપની લિમિટેડ/ મોઝર બેયરને ૨૦૦૯માં કામ સોંપ્યું હતું. જેને પગલે કંપનીએ રૂ. ૬૪ કરોડની અગ્રીમ ચૂકવણી કરી હતી. જોકે કોઈ કારણોસર આ પ્રોજેક્ટની કાર્યવાહી આગળ વધી શકી નહોતી. ત્યારબાદ રાજ્ય સરકારે કંપનીને કરેલી પ્રોજેક્ટની ફાળવણી રદ કરી તેણે ચૂકવેલી રકમ જપ્ત કરી લીધી હતી. સરકારના આ નિર્ણયને કંપનીએ લવાદમાં પડકાર્યો હતો, જેણે રાજ્ય સરકારને વ્યાજ સાથે રકમ પરત કરવા આદેશ આપ્યો હતો. જોકે રાજ્ય સરકાર દ્વારા લાંબો સમય સુધી આ રકમ નહીં ચૂકવવાને કારણે વ્યાજ સહિત બાકી લ્હેણાંનો આંક રૂ. ૧૫૦ કરોડ થઈ ગયો છે. આ અંગે પ્રતિક્રિયા આપતાં રાજ્યના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ જણાવ્યું હતું કે, સરકાર હાઈકોર્ટના આદેશની સમીક્ષા કરી ટૂંક સમયમાં યોગ્ય નિર્ણય લેશે.

### સિંગલ કર્મચારીઓને ખુશ કરવા માટે નવતર નિર્ણય લેવાયો

# ગર્લફ્રેન્ડ બનાવો, બોનસ લોઃ ચીની કંપનીની કર્મચારીઓને મળી ઓફર

### હજુ આ સ્કીમ શરુ થયાને ત્રણ મહિનાથી ઓછો સમય થયો છે, એટલા માટે કોઈને પણ ડેટિંગ બોનસ હજુ સુધી મળી શક્યું નથી

। (એજન્સી) શેન્જેન, તા.૨૦ ।

ચીનની એક કંપનીએ પોતાના કર્મચારીઓને ગર્લફ્રેન્ડ બનાવવા અને ડેટ પર લઈ જવા માટે બોનસ આપવાનો નિર્ણય લીધો છે. કંપનીનું કહેવું છે કે, “સિંગલ કર્મચારીઓને ખુશ કરવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.” શેન્જેનની એક કેમેરા કંપની ‘ઈન્સ્ટા ૩૬૦’એ પોતાના કર્મચારીઓને આ ભેટ આપી છે. ઈન્સ્ટા ૩૬૦એ દાવો કર્યો છે કે, “જો કોઈ સિંગલ કર્મચારી બહાર ડેટ પર જાય છે, અને કંપનીના પ્લેટફોર્મ પર



પોસ્ટ મૂકે છે તો દરેક પોસ્ટ માટે તેને ૬૬ યુઆન એટલે લગભગ રૂપિયા ૭૮૦ આપશે. જો કોઈ પણ કર્મચારી ગર્લફ્રેન્ડ બનાવે છે, અને ત્રણ મહિના સુધી તેની સાથે સંબંધમાં રહે છે તો કંપની બંનેને ૧૦૦૦ યુઆન એટલે કે લગભગ રૂપિયા ૧૨૦૦૦ આપશે.” ૧૧મી નવેમ્બર સુધી કંપનીના કર્મચારીઓએ પ્લેટફોર્મ પર લગભગ ૫૦૦ પોસ્ટ કરી, અને તે માટે કંપનીએ ૧૦૦૦ યુઆનનું ઈનામ પણ કર્મચારીઓને આપી દીધું. કર્મચારીઓનું કહેવું છે કે, “હજુ આ સ્કીમ શરુ થયાને ત્રણ મહિનાથી ઓછો સમય થયો છે, એટલા માટે કોઈને પણ ડેટિંગ બોનસ હજુ સુધી મળી શક્યું નથી.” જોકે, એવા કેટલાય લોકો છે કે જે ત્રણ મહિનાથી રિલેશનશીપમાં છે, અને તેમને આ બોનસનો લાભ મળ્યો છે.

### હત્યાના મામલે એક જ પરિવારના ચાર લોકોની ધરપકડ

# છત્તીસગઢમાં મેલીવિદ્યાની શંકામાં ૬૫ વર્ષીય વૃદ્ધાની હત્યા કરાઈ

। (એજન્સી) સૂરજપુર, તા.૨૦ ।

છત્તીસગઢના સૂરજપુર જિલ્લાના એક ગામમાં મેલીવિદ્યા કરવાની શંકાના મામલામાં એક ૬૫ વર્ષીય વૃદ્ધ મહિલાની હત્યા કરવામાં આવી છે. આ મામલામાં પોલીસે એક જ પરિવારના ચાર લોકોની ધરપકડ કરી છે. પોલીસે ઓડગી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા સાવરવા ગામમાં ૧૪મી નવેમ્બરે થયેલી હત્યાના આરોપમાં એક દંપતિ અને તેમના બે પુત્રોની ધરપકડ કરી છે, તેમ સૂરજપુરના એડિશનલ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સંતોષ મહતોએ જણાવ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, આરોપીઓમાં પ્રાણ સાઈ(૫૯), તેની પત્ની મુન્ની બાઈ(૫૭), તેમના પુત્રો મુકેશ(૧૮) અને મુકુમ(૨૩)



સામેલ છે. પોલીસના કહેવા મુજબ, પ્રાણ સાઈના એક અન્ય પુત્રે ત્રણ-ચાર વર્ષ પહેલા આપઘાત કરી લીધો હતો, અને સાઈ પરિવારનું માનવું છે કે આ આપઘાત પાછળ નાનકી બાઈ(૬૫) દ્વારા કરાયેલી મેલીવિદ્યા કારણભૂત છે. ૧૪મી નવેમ્બરે મુકેશે ૬૫ વર્ષીય મહિલા નાનકી બાઈને પોતાના ઘરે બોલાવી, અને તેણીને ખૂબ દારુ પીવડાવ્યો, પછી મુકેશે કથિત રીતે વૃદ્ધ મહિલા નાનકી બાઈ પર કુહાડીથી હુમલો કર્યો, અને મુકેશના ભાઈ મુકુમે તેનું ગળું દબાવી દીધું હતું.

# અમદાવાદમાં સોસાયટીના ૧૪મા માળેથી ઝડપાયું ડ્રગ્સ



। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

ગુજરાતમાં દિવસેને દિવસે ડ્રગ્સનું ચલણ વધી રહ્યું છે, એવો એક પણ દિવસ હોતો નથી કે ડ્રગ્સ ના ઝડપાયું હોય. ત્યારે આ ઘટનામાં વધારો કરતા અમદાવાદમાં વધુ એક વખત ડ્રગ્સ ઝડપાયું હતું. નારણપુરા વિસ્તારમાંથી મેફેડ્રોનનો જથ્થો ઝડપાયો છે. સમગ્ર ઘટનામાં ૭ આરોપી સામે પોલીસે ફરિયાદ નોંધાઈ હતી. જીંર પોલીસને નારણપુરા વિસ્તારમાં ૨૫.૬૮ લાખનો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડયો હોવાની માહિતી છે.અમદાવાદ સહિત સમગ્ર રાજ્યમાં ડ્રગ્સે પગ પેસારો કરી લીધો હોય તેવું જણાઈ રહ્યું છે. ત્યારે આજે સવારે નારણપુરા વિસ્તારમાં મોટા પ્રમાણમાં ડ્રગ્સ ઝડપાયું છે.

નારણપુરા જૈન દેરાસર નજીક એલીફંટા સોસાયટીના ૧૪માં માળેથી એસઓજીએ ડ્રગ્સ ઝડપી પાડ્યું હતું. આ જગ્યા પરથી પોલીસને આશરે ૨૫૬ ગ્રામ ૮૬૦ મિલિગ્રામ ડ્રગ્સ એટલે કે ૨૫.૬૮ લાખનું ડ્રગ્સ ઝડપાયું છે. સમગ્ર ઘટનાને લઈ તંત્ર પર સવાલો પણ ઉભા થઈ રહ્યા છે. SOG પોલીસે કુલ ૭ આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે, જેમાં પાંચ આરોપીઓની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. મળતી માહિતી અનુસાર નારણપુરા જૈન દેરાસર પાસે આવેલ એલીફંટા સોસાયટીમાં જીગ્નેશ પંડ્યા નામના આરોપીના ઘરેથી ૨૫૬ ગ્રામ ૮૬૦ મિલિગ્રામ ડ્રગ્સ મળી આવ્યું હતું. જેમાં એસઓજીએ બાતમીના આધારે દરોડા પાડીને ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કાર્યવાહીમાં એસઓજી દ્વારા ૭ આરોપી સામે ફરિયાદ નોંધવામાં આવી છે. જોકે સાત માંથી પાંચ આરોપીઓને ઝડપી લેવામાં આવ્યા છે.

## કતારગામના ફુલપાડામાં સિલિન્ડરમાં થયો બ્લાસ્ટ, ૭ કારીગર દાઝ્યા

। (એજન્સી) સુરત, તા.૨૦ ।

સુરતના કતારગામના ફુલપાડામાં સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હોવાની ઘટના બની છે. ઝરીના કારખાનામાં કામ કરતા ૭ કારીગરો દોઝ્યા હોવાનું સામે આવ્યુ છે. જો સમગ્ર ઘટનાની વાત કરીએ તો આજે વહેલી સવારે કારીગરો રસોઈ બનાવવા માટે ગેસ ચાલુ કરતા જ રુમમાં બ્લાસ્ટ થયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર સિલિન્ડરમાંથી ગેસ લીકેજ થતો હોવાના કારણે આ સમગ્ર ઘટના બની હતી. બ્લાસ્ટમાં ઈજાગ્રસ્ત તમામ કારીગરોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા છે. દાઝેલા તમામ કારીગરો ૧૮ થી ૨૭ વર્ષની ઉમરના હોવાનું સામે આવી છે. કતારગામ પોલીસે સમગ્ર બાબતે તપાસ હાથ ધરી છે.

## સુરેન્દ્રનગરમાં રાશન કાર્ડની ઈ–KYC માટે વહેલી સવારથી લાંબી કતારો

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨૦ ।

ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં રાશન કાર્ડની ઈ - KYC માટે જનસેવા કેન્દ્ર અને આધારકાર્ડ કેન્દ્રો પર લોકોની લાંબી કતારો લાગી છે. તો કેટલાક કેન્દ્રો પર સિસ્ટમ ખોટવાતા લોકોને કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવા મજબૂર બન્યા છે. સુરેન્દ્રનગરમાં રાશન કાર્ડની ઈ – KYC માટે વહેલી સવારથી લાંબી કતારો લાગી છે. જનસેવા કેન્દ્ર અને આધારકાર્ડ કેન્દ્રો પર લોકોની લાંબી કતારો લાગી છે. સિસ્ટમમાં ખામીઓના પગલે ફરી પ્રજા લાઈનમાં ઉભી રહેવા મજબૂર બની છે. જો કે વારંવાર સર્વર ઠપ થઈ જતા હોવાથી પ્રશ્ન સર્જાઈ રહ્યો છે.

## રાજકોટ મનપામા ૫૧માં સ્થાપના દિને કોન્સર્ટમાં ઘર્ષણ

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

રાજકોટ મહાનગરપાલિકાએ ૫૧માં સ્થાપના દિવસ નિમિતે ડી.એચ.કોલેજ ગ્રાઉન્ડમાં મ્યુઝિક નાઈટનું આયોજન કર્યુ હતું. જેમાં ગાયક અમાલ મલિક, નીકિતા ગાંધીએ રાજકોટવાસીઓને પોતાના સંગીતથી મંત્રમુગ્ધ કર્યા હતા. પરંતુ કાર્યક્રમ દરમિયાન યુવકોનું એક ટોળું સ્ટેજ પર આવતા પોલીસે તેમને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે ઘર્ષણ સર્જાતા અમાલ મલિકે લોકોને શાંત રહેવા અપીલ કરવી પડી હતી. કોલેજ ગ્રાઉન્ડમાં મોટો યુવાવર્ગ કાર્યક્રમમાં હાજર રહ્યો હતો. ગાયકોમા મધુર કંઠે લોકોએ બૉલિવૂડ સંગીતનો આનંદ માણ્યો હતો.

### રાજ્યના ડીજીપીએ મહત્વપૂર્ણ આદેશ જાહેર કર્યો

## યુનિવર્સિટીઓમાં ટુ-વ્હીલર લઈને આવતા સ્ટાફ અને વિદ્યાર્થીઓ માટે હેલ્મેટ ફરજિયાત

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં ટુ-વ્હીલર લઈને આવતા સ્ટાફ અને વિદ્યાર્થીઓએ હેલ્મેટ પહેરવું ફરજિયાત કરવામાં આવ્યું છે. રાજ્યના ડીજીપી વિકાસ સહાયે આ મહત્વપૂર્ણ આદેશ જાહેર કર્યો છે.

આ નિર્ણયનો હેતુ રોડ સેફ્ટીને પ્રોત્સાહન આપવાનો અને દુર્ઘટનાઓમાં ઘટાડો કરવાનો છે. આ નિર્ણયનો અમલ કરવા માટે રાજ્યની તમામ સરકારી અને ખાનગી યુનિવર્સિટીઓને પરિપત્ર જાહેર કરી સૂચના આપવામાં આવી છે. તમામ યુનિવર્સિટીઓએ તેમના કેમ્પસમાં હેલ્મેટ ફરજિયાત કરવા માટે જરૂરી પગલાં ભરવાના રહેશે. જે વિદ્યાર્થીઓ અને સ્ટાફ હેલ્મેટ પહેર્યા વિના ટુ-વ્હીલર ચલાવતા પકડાશે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ, રાજયમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ અને કોલેજોમાં અંદાજીત ૧૬.૪ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ અવર-જવર માટે મોટા ભાગે ટુ-વ્હીલરનો ઉપયોગ કરે છે. એક અહેવાલ મુજબ રાજયમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન માર્ગ પર અકસ્માત થવાના કારણે કુલ ૭,૮૫૪ લોકો મૃત્યુ પામેલ હતા, જેમાં ૨,૭૬૭ (૩૫%) લોકોના મૃત્યુ હેલ્મેટ ન પહેરવાને કારણે થયા હતા. આ ઉપરાંત કુલ જીવ ગુમાવનારમાંથી ૨,૦૮૨ (૨૬.૫૦%) વ્યકિત ૨૬ વર્ષની નીચેની વયના છે, જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. આ વયજુથમાં મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હોય છે.

દરમિયાન માર્ગ સુરક્ષા આજના સમયમાં અત્યંત મહત્વપૂર્ણ મુદ્દો છે. હેલ્મેટ પહેરવુ એ એક સરળ પરંતુ અત્યંત અસરકારક પગલુ છે. હેલ્મેટનો ઉપયોગ કરવાથી માથાના ભાગે ઘાતક ઈજાના જોખમને ઘટાડી શકાય છે. જે ગંભીર ઈજાઓને રોકી શકવામાં મદદરૂપ થાય છે અને જીવ બચાવવામાં મહત્વનો ભાગ ભજવે છે. મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૧૨૯ મુજબ ટુ-વ્હીલર ચાલક તેમજ પાછળ બેસનાર વ્યકિતએ હેલ્મેટ પહેરવું ફરજીયાત છે.

ત્યારે તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટે સુઓમોટો રીટ પીટીશન દાખલ કરેલ છે. જે અંતર્ગત હાઈકોર્ટ દ્વારા ટુ-વ્હીલર ચલાવનાર તેમજ તેની પાછળ બેસનાર વ્યકિતએ ફરજીયાત પણે હેલ્મેટ પહેરવા અંગેની અમલવારી કરવા જણાવેલ છે. આ ઉપરાંત રાજયની તમામ સરકારી કચેરીઓના પરિસરમાં ટુ-વ્હીલરનો ઉપયોગ કરતા અધિકારીઓ/કર્મચારીઓ/સ્ટાફ માટે હેલ્મેટ પહેરવા અંગે જરૂરી સૂચના ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

## રાજકોટના પડધરી પાસે પ્લાસ્ટિકની ફેક્ટરીમાં લાગી વિકરાળ આગ

। (એજન્સી) રાજકોટ, તા.૨૦ ।

રાજ્યમાં અવારનવાર આગ લાગવાની ઘટના બનતી હોય છે. ત્યારે ફરી એક વાર રાજકોટમાં ભીષણ આગ લાગી હોવાનું સામે આવ્યુ છે. મોડી રાત્રે પડધરી પાસે પ્લાસ્ટિકના કારખાનામાં ભીષણ આગ લાગી હતી. જેને જોતજોતાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. આગ પર કાબૂ મેળવવ માટે સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો પરંતુ કાબૂમાં ન આવતાં જામનગર, મોરબી અને ગોંડલથી ફાયરબ્રિગેડની ટીમોને બોલાવવામાં આવી હતી. આખી રાત પાણીનો મારો ચલાવી સવાર સુધીમાં આગ પર કાબૂ મેળવી લીધો હોવાનું જાણવા મળ્યું છે. પ્લાસ્ટિકની ફેક્ટરીમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિક હોવાથી થોડી જ વારમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધી હતી.આગ પર કાબૂ મેળવવા માટે સતત પાણીનો મારો ચલાવવામાં આવ્યો હતો. જેના લીધે વહેલી સવાર સુધીમાં ૭૦ ટકા આગ પર કાબૂ મેળવી લેવાયો હતો. પરંતુ સંપૂર્ણ આગ ઓલવવામાં બપોર સુધીનો સમય લાગે એવું અનુમાન છે. આગની ઘટનાની જાણ થતાં પોલીસ સહિત ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફેક્ટરીમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો જથ્થો પડ્યો હતો જેનાં લીધે આગે ગણતરીના મિનિટોમાં જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ફેક્ટરીનો મોટાભાગનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો. જોકે સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર પ્રાપ્ત થયા નથી. મળતી માહિતી અનુસાર સંપૂર્ણ રીતે આગ પર કાબૂ મેળવવામાં બપોર સુધીનો સમય લાગી શકે છે.

## દિવાળી વેકેશન ખુલતા જ મુસાફરી પાસ માટે છાત્રો ઉમટ્યા, લાગી લાંબી લાઈન

। (એજન્સી) જામનગર, તા.૨૦ ।

દિવાળી વેકેશન બાદ ફરી શાળા કોલેજમાં શિક્ષણ કાર્ય શરૂ થયું છે. ત્યારે જામનગરના અનેક શાળા અને કોલેજ સહિતની શૈક્ષણિક સંસ્થાઓ આવેલ હોવાથી આવી હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવતા હોય છે. ગામડામાંથી મોટા ભાગના વિદ્યાર્થીઓ એસટી બસ મારફતે જામનગર આવતા હોય છે. જે કાયમી મુસાફરી માટેનો પાસ કઢાવતા હોય છે. આથી જામનગરમાં બસ સ્ટેન્ડ ખાતે વિદ્યાર્થીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે.એસટી બસમાં કાયમી આવાગમન માટે વિદ્યાર્થીઓ બસના પાસ કઢાવવા માટે હાલ લાંબી લાઈનો લાગી રહી છે. શાળા કોલેજ ખૂલતાની સાથેની હાલ દરરોજ ૨૦૦થી વધુ પાસ કઢાવવામાં આવતા હોવાનું જણાવવામાં આવ્યું છે. દિવાળી અગાઉ ૭૦ પાસ નીકળતા હતા તેના સ્થાને હવે ૨૦૦ પાસ નીકળી રહ્યા છે. વધુમાં વિદ્યાર્થીઓના ઘસારાને ધ્યાનમાં લઈ બે સિફ્ટમાં પાસ બારી શરૂ કરવામાં આવી છે. સવારે ૭ વાગ્યાથી લઈ રાત્રે ૮ વાગ્યા સુધી પાસ નીકળશે. જેમાં વિદ્યાર્થીઓ પોતાની અનુકૂળતાએ પાસ કઢાવી શકશે. આ ઉપરાંત વિક્ટોરિયા પુલ ખાતે પણ ડેપોમાં પાસ કાઢી આપવામાં આવે છે. જામનગરમાં અનેક શાળા કોલેજ આવેલી હોવાથી જામનગરના જિલ્લાના મોટાભાગના વિદ્યાર્થીઓ દરરોજ અપડાઉન કરી અભ્યાસ સાથે આવતા હોય છે. હવે શાળામાં દિવાળી વેકેશન બાદ ફરીથી અભ્યાસને શ્રી ગણેશ થયા છે ત્યારે વિદ્યાર્થીઓ આવાગમન માટે મુસાફરી પાસ કઢાવતા હોય છે. પરિણામે જામનગર એસટી બસ સ્ટેન્ડ ખાતે વિદ્યાર્થીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓ વહેલી સવારથી જ લાઈનો લગાવી રહ્યા છે. ખાસ વાત એવી છે કે એસટી બસ સ્ટેન્ડમાં એક જ વિન્ડોમાં પાસ નીકળતો હોવાથી વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે.

## અમરાઈવાડીની શિવમ વિદ્યાલયે શાળાની ટેરેસ પર જ ખડો કરી દીધો મોબાઈલ ટાવર

। (એજન્સી) અમદાવાદ, તા.૨૦ ।

અમદાવાદના અમરાઈવાડીની શિવમ વિદ્યાલયમાં ભણવા આવતા ભૂલકાઓ જ્ઞાનની સાથે મોબાઈલ ટાવરમાંથી નીકળતા રેડિયેશન પણ ઘરે લઈને જાય છે. આ મોબાઈલ ટાવરમાંથી શરીર માટે અત્યંત જોખમી રેડિયેશન નીકળતા હોય છે. જેનાથી કેન્સર જેવી ગંભીર બીમારી થવાનો ખતરો રહેલો છે પરંતુ શાળા પ્રશાસનને આવી કંઈ પડી જ નથી અને શાળાની ટેરેસની ઉપર જ મોબાઈલ ટાવર ખડો કરી દેવાયો. આ મામલે NSUI એ એક મહિના અગાઉ પણ શાળા ઉપરથી મોબાઈલ ટાવર હટાવવા અંગે રજૂઆત કરી હતી. તેમ છતા કોઈ કામગીરી ન થતા NSUIના કાર્યકરોએ DEO કચેરીએ જઈને હલ્લાબોલ કર્યો. DEO કચેરીએ નકલી નોટો ઉડાડી અને વિરોધ કર્યો અને તાત્કાલિક શાળા પરથી મોબાઈલ ટાવર હટાવવાની માગ કરી. જો કે સૌથી મોટો સવાલ એ છે કે શાળાની ટેરેસ પર મોબાઈલ ટાવર લગાવવાની પરવાનગી કોણે આપી, શું શાળાને ટાવર લગાવવા માટે પૈસા મળી રહ્યા છે. શું શાળા પ્રશાસન જાણતુ નથી કે મોબાઈલ ટાવરમાંથી કેટલા ખતરનાક રેડિયેશન નીકળતા હોય છે અને આથી જ તો તેને ઘર કે શાળાથી કેટલા અંતરે રાખવા જોઈએ? પરંતુ આ શિવમ વિદ્યાલયે બાળકોની કોઈ ચિંતા કર્યા વિના શાળાની ટેરેસ પર જ મોબાઈલ ટાવર લગાવવા પરવાનગી આપી દીધી. હાલ NSUI દ્વારા આ મામલે ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે. NSUI એ DEO કચેરીએ જઈને ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા અને તાત્કાલિક આ મોબાઈલ ટાવર હટાવવાની માગ કરી છે. આ દરમિયાન જાણવા મળ્યું કે સ્કૂલે મોબાઈલ ટાવર લગાવવા AMCની પરવાનગી લીધી હતી પરંતુ, શિક્ષણ વિભાગની પરવાનગી લેવામાં આવી નહોતી.NSUI ના ઉગ્ર વિરોધ બાદ DEOએ હવે સ્કૂલને નોટિસ આપી છે.

## પાણી પુરવઠા વિભાગ દ્વારા પાંચ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૦ ।

ગુજરાત સરકાર દ્વારા છેલ્લા કેટલાક સમયથી ઘણા કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરવામાં આવી રહ્યાં છે. જે કર્મચારીઓ સામે કોઈ ખાતાકીય કે ફોજદારી કેસમાં તપાસ ચાલુ હોય તેવા કિસ્સામાં ઘણા કર્મચારીઓને ફરજિયાત નિવૃત્તિ અપાવી ઘરે બેસાડી દેવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વધુ પાંચ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેવાનો હુકમ કરવામાં આવ્યો છે. નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા પાંચ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે. આ પાંચ અધિકારીઓને ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. જે પાંચ અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે તે અધિક મદદનીશ ઈજનેર તરીકે ફરજ બજાવી રહ્યાં હતા. આ પાંચેયને તાત્કાલિક અસરથી ફરજિયાત નિવૃત્ત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે જશવંતસિંહ મગનભાઈ પરમારને ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. જે વડોદરા પંચાયત સિંચાઈ વર્તુળ વિભાગમાં ફરજ બજાવી રહ્યાં હતા. આ સિવાય પ્રદિપભાઈ વજાભાઈ ડામોર જે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં કામ કરી રહ્યાં હતા. આ સિવાય શૈલેષભાઈ દેસાઈને પણ ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. આ સિવાય બાબુભાઈ રામભાઈ દેસાઈ, જે સુજલામ સુફલામ વર્તુળ-૨ હેઠળ કામ કરી રહ્યાં હતા, તેમને પણ ફરજિયાત નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે.

## પૂર્વ અને વર્તમાન ક્રિકેટર્સને પેન્શન આપવાનો નિર્ણય લેવાયો

। (એજન્સી) વડોદરા, તા.૨૦ ।

બરોડા ક્રિકેટ એસોસિએશનની એપેક્ષ કાઉન્સિલની બેઠકમાં નિવૃત્ત ક્રિકેટર્સને મહિને રૂ. ૧૫ હજાર પેન્શન અને રણજીના ખેલાડીઓને રૂ. ૧૦ હજાર અને રિઝર્વ પ્લેયરને રૂ. ૫ હજાર પ્રતિ દિન આપવાનો નિર્ણય લેવાયો છે. બીજી તરફ, વેસ્ટ ઈન્ડિઝ વિમેન્સ ODIના આયોજન અને પ્રેક્ષકો એકત્ર કરવા સબ કમિટી બનાવાઈ છે. BCA હાઉસ ખાતે આજે પ્રમુખ પ્રણવ અમીનના નેતૃત્વમાં એપેક્ષ કાઉન્સિલની બેઠક મળી હતી. જેમાં પૂર્વ અને વર્તમાન ક્રિકેટર્સ માટે સર્વાનુમતે મહત્ત્વના નિર્ણય લેવાયો છે. BCA એ હવે ૨૦૨૫થી પૂર્વ ફર્સ્ટ ક્લાસ મેન્સ અને વિમેન્સ ક્રિકેટર્સને દર મહિને રૂ. ૧૫ હજારનું પેન્શન આપશે. ૧ થી ૨૫ રણજી મેચ રમેલા પૂર્વ ક્રિકેટર્સને તેનો લાભ મળશે. બીજી તરફ, કોટંબી સ્થિત BCA સ્ટેડિયમમાં ડિસેમ્બરમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝની વિમેન્સ ટીમ વચ્ચે રમાનારી ત્રણ ODI માટે સબ કમિટીઓ બનાવાઈ છે. પ્રેક્ષકો એકત્ર કરવા સાથે સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે એપેક્ષના સભ્યોને પણ જવાબદારી સોંપાઈ છે. આ અગાઉ ૨૫મી નવેમ્બરે BCCIની ટીમ સ્ટેડિયમના નિરીક્ષણ માટે આવશે. ૫૦૦ થી વધુ મેચમાં સ્કોરર તરીકે ફરજ બજાવનાર BCCIની પેનલના સ્કોરર સુહાસ સૂપે નિવૃત્ત થયા છે.બીસીએ દ્વારા આવતા વર્ષે ૧૫ થી ૨૯મી જૂન વચ્ચે બરોડા પ્રીમિયર લીગનું આયોજન કરાયું છે. જેમાં પાંચ ટીમોનો સમાવેશ થાય છે. આ તમામ મેચ ટીવી પર લાઈવ ટેલિકાસ્ટ થશે. આ ઉપરાંત હવે વિવિધ વયજૂથની ટીમ માટે ફુલ ટાઈમ પ્રોફેશનલ મેનેજરની પણ વરણી કરવાનો નિર્ણય લેવાયો છે

સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !
CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper
CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ
LIVE cnngujarat.co.in
આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...